દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 25 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ- ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૩૦ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## મહાકુંભમાં મૌની અમાસના અમૃત સ્નાન પહેલાં મધરાતે થયેલી ધક્કામુક્કીમાં

# ૩૦ શ્રદ્ધાળુનાં મોતઃ સેંકડો ઘાયલ



**કરુણાંતિકાઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે મૌની અમાવસ્યાને દિવસે પવિત્ર સંગમ ખાતે શ્રદ્ધાળુઓની ભારે ભીડને કારણે થયેલી ધક્કામુક્કીને પગલે કરુણાંતિકા સર્જાયેલી બાદ ઘટનાસ્થળની આસપાસના વિસ્તારમાં વેરવિખેર પડેલો શ્રદ્ધાળુઓનો સામાન. (એજન્સી)

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન મંગળવારે મોડી રાત્રે એકથી બે વાગ્યાની વચ્ચે સંગમ વિસ્તારમાં બનેલી ધક્કામુક્કીની ઘટનામાં ઓછામાં ઓછાં ૩૦ જણનાં મોત થયાં હોવા ઉપરાંત સેકડો લોકો ઘાયલ થયા હતા.

મૌની અમાવસ્યાને દિવસે સંગમ ખાતે પવિત્ર સ્નાન કરવા લોકોએ પડાપડી કરતાં આ કરુણાંતિકા સર્જાઈ હતી.

અમુક શ્રદ્ધાળુઓ અખાડા માર્ગ પર ઊભા કરવામાં આવેલા બેરિકેડ્સ પર ચઢી જતાં આ કરુણાંતિકા સર્જાઈ હોવાનું ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું. લખનઊમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આદિત્યનાથે કહ્યું હતું કે અખાડાના સંતો માટે અમૃત સ્નાન માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ અમુક શ્રદ્ધાળુઓ આ બૅરિકેડ્સ તોડીને આગળ વધ્યા હતા અને ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ઘટનાને પગલે થોડા સમય માટે અખાડા સ્નાન રોકી દેવામાં આવ્યું હતું અને મુખ્ય પ્રધાને સંતોને લોકોની ભીડ ઓછી થયા બાદ સ્નાન કરવાની વિનંતી કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ઍમ્બ્યુલન્સ, બચાવ-રાહત ટુકડી, પોલીસ ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઈજાગ્રસ્તોને સારવારાર્થે તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

લોકોની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાનું જણાવતાં આદિત્યનાથે કહ્યું હતું કે પ્રયાગરાજમાં નવથી દસ કરોડ લોકો છે અને તેમને માર્ગદર્શિકાનું પાલન કરવાની અને સૌથી નજીકના ઘાટ પર સ્નાન કરવાની વિનંતી કરવામાં આવી હતી. (એજન્સી)■

## કરુણાંતિકાને પગલે મુલતવી રખાયેલું અખાડાનું અમૃત સ્નાન ફરી શરૂ કરાયું



**મહાકુંભઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે મૌની અમાવસ્યાને દિવસે સંગમ ખાતે પવિત્ર સ્નાન કરી રહેલા સાધુઓ. (એજન્સી)

મહાકુંભ નગર (ઉ.પ્ર.)ઃ મહાકુંભમાં થયેલી ધક્કામુક્કીને પગલે સર્જાયેલી કરુણાંતિકાને કારણે મુલતવી રાખવામાં આવેલું અમૃત સ્નાન બુધવારે બપોરે ૨.૩૦ વાગ્યે ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

અમૃત સ્નાનનું આયોજન બુધવારે વહેલી સવારે કરવામાં આવ્યું હતું, પરંતુ ધક્કામુક્કીને કારણે સર્જાયલી કરુણાંતિકાને પગલે કામચલાઉ રીતે તે મુલતવી રાખવામાં આવ્યું હતું.

અખાડાના સાધુસંતો સાથેની સહમતીથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું યોગી આદિત્યનાથે કહ્યું હતું.

અખિલ ભારતીય અખાડા પરિષદના વડા મહંત રવિન્દ્ર પૂરીના આગેવાનીમાં નાગાસાધુઓ અને સંતો અખાડા સ્નાન માટે પગે ચાલીને સંગમ પહોંચ્યા હતા. હેલિકોપ્ટરમાંથી ફૂલો વરસાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાધુસંતો માટે કરવામાં આવેલી તમામ વ્યવસ્થા બદલ તેમણે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને અભિનંદન આપી આભાર માન્યો હતો.

સર્જાયેલી કરુણાંતિકા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે વિરોધીઓનું આ કાવતરું હતું અને તેની સઘન તપાસ થવી જોઈએ.

દેશના ત્રણે શંકરાચાર્ય પણ પવિત્ર સ્નાન માટે બુધવારે સંગમ પહોંચ્યા હતા. વિશ્વનો આ સૌથી મોટો ધાર્મિક મેળાવડો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

### મોદી કેબિનેટમાં લેવાયા બે મહત્ત્વના નિર્ણય

## ઈથેનોલના ભાવમાં વધારાને અને નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને મંજૂરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેબિનેટની બેઠકમાં આજે ઈથેનોલની ખરીદી અને નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન અંગે બે મોટા નિર્ણયો લેવાયા હતા.

કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયો અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે વડા પ્રધાનની અધ્યક્ષતામાં સીસીઇએ એ ઈથેનોલની ખરીદી માટે સુધારેલા ભાવોને મંજૂરી આપી દીધી છે. આ કિંમતો પહેલી નવેમ્બર ૨૦૨૪થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી લાગુ રહેશે. નિર્ણય પ્રમાણે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પ્રોગ્રામ હેઠળ સી-હેવી મોલાસિસ એટલે કે સીએચએમ માટે એક્સ મિલ ભાવ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને ૫૭.૯૭ રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખેડૂતોને ફાયદો થવા ઉપરાંત દેશની ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા અને વિદેશી ચલણ બચાવવામાં પણ મદદ કરશે.

આ ઉપરાંત કેબિનેટે દેશને ખનિજોના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા તરફ આગળ વધારવાના હેતુથી ગ્રીન ટેકનોલોજી માટે જરૂરી નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પણ મંજૂરી આપી દીધી છે. ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ રજૂ કરાયેલા બજેટમાં નાણાં પ્રધાન નિર્મળા સીતારમણએ ક્રિટિકલ મિનરલ મિશનની જાહેરાત કરી હતી. આ મિશન દ્વારા દેશમાં આવા મિનરલની શોધના કાર્યને ઝડપી બનાવી શકાશે. આગામી ૭ વર્ષમાં આ મિશનમાં ૩૪૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

દેશની અર્થવ્યવસ્થા માટે જરૂરી મિનરલના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના આ મિશનને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે સરકારી કંપનીઓ ૧૮૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની શક્યતા છે.■

## ઈસરોની ઝમકદાર સદીઃ મિશન સફળતાપૂર્વક પાર પડ્યું



**સફળ લૉન્ચિંગઃ** આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાથી ઈસરોએ બુધવારે જીએસએલવીની મદદથી નેવિગેશન સૅટેલાઈટ એનવીએસ-૦૨ને લૉન્ચ કરી તેનું ૧૦૦મું મિશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. તસવીરમાં નેવિગેશન સૅટેલાઈટ એનવીએસ-૦૨ને લઈને ઉડાન ભરી રહેલું જીએસએલવી-એફ૧૫. (એજન્સી)

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ)ઃ અહીંના શ્રીહરિકોટાથી બુધવારે વહેલી સવારે ૬ઃ૨૩ વાગે જીએસએલવીની મદદથી નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૨ને સફળતાપૂર્વક લૉન્ચ કરી ઈસરો તેનું ૧૦૦મું મિશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

ઈસરોના અધ્યક્ષ વી. નારાણયનની આગેવાનીમાં એમનું આ પહેલું મિશન હતું. તેમણે ૧૬મી જાન્યુઆરીથી જ આ હોદ્દો સંભાળ્યો છે. બુધવારે વહેલી સવારે આ મિશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૫ના વર્ષનું ઈસરોનું પહેલું મિશન હતું. ઈસરોએ મેળવેલી આ સીમાચિહ્નરૂપ સિદ્ધિની જાહેરાત કરતાં હું ખૂબ જ આનંદ અનુભવી રહ્યો છું, એમ તેમણે કહ્યું હતું.

વાદળિયા અને અંધારાવાળા વાતાવરણ વચ્ચે ૧૯ મિનિટનો પ્રવાસ કર્યા બાદ રોકેટે સફળતાપૂર્વક સેટેલાઈટને પોતાનાથી અલગ કર્યું હતું અને ચોક્કસ ભ્રમણકક્ષામાં તરતું મૂક્યું હતું.

નેવિગેશન શ્રેણીનું આ બીજું સેટેલાઈટ હતું અને તે ઉપભોક્તાને સબ-કોન્ટિનેન્ટ તેમ જ ભારતથી ૧૫૦૦ કિ.મી.થી પણ વધુ અંતરે આવેલા હવાઈ, દરિયાઈ અને કૃષિ વિસ્તાર સહિતની ચોક્કસ સ્થિતિ, ગતિ તેમ જ સમયની વિગતો પૂરી પાડશે.

અગાઉ, મંગળવારે ૨૭.૩૦ કલાક અગાઉ આ મિશનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું હતું.

૫૦.૯ મીટરની ઊંચાઈ ધરાવતું જીએસએલવી-એફ૧૫ અગાઉ ૨૯મી મે ૨૦૨૩ના લૉન્ચ કરવામાં આવેલા પ્રથમ નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૧નું અનુસરણ કર્યું હતું.

યુઆર સેટેલાઈટ સેન્ટર દ્વારા વિકસાવવામાં આવેલા એનવીએસ-૦૨ સેટેલાઈટનું વજન અંદાજે ૨,૨૫૦ કિલોગ્રામ જેટલું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## ટી-૨૦ રૅન્કિંગમાં તિલક બીજા નંબરે, યંગેસ્ટ નંબર-વન થઈ શકે

**રાજકોટનો મૅન ઑફ ધ મૅચ વરુણ ચક્રવર્તી પચીસ ક્રમની છલાંગ સાથે ટૉપ-ફાઇવમાં**

દુબઈઃ અહીં હેડ-ક્વૉર્ટર ધરાવતી આઇસીસીએ જાહેર કરેલા ટી-૨૦ મેન્સના રૅન્કિંગ મુજબ બૅટિંગમાં તિલક વર્મા એક નંબરના સુધારા સાથે બીજા નંબર પર આવી ગયો છે, જ્યારે બોલિંગમાં સ્પિનર વરુણ ચક્રવર્તીએ પચીસ ક્રમની ઊંચી છલાંગ મારીને ટૉપ-ફાઇવમાં એન્ટ્રી કરી છે.

લેફ્ટ-હૅન્ડ બૅટર તિલક વર્મા ટોચના બૅટર્સમાં હવે માત્ર ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડથી જ પાછળ છે. જોકે બન્ને વચ્ચે ૨૩ ક્રમનું અંતર છે. હેડના ખાતે ૮૫૫ અને તિલકના નામે ૮૩૨ રેટિંગ પૉઇન્ટ છે. ઇંગ્લૅન્ડનો વિકેટકીપર-બૅટર ફિલ સૉલ્ટ ૭૮૨ પૉઇન્ટ સાથે ત્રીજા નંબરે છે.

બાવીસ વર્ષનો તિલક હાલમાં સારા ફૉર્મમાં છે. ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટી-૨૦ સિરીઝમાં તેણે બીજી મૅચમાં મૅચ-વિનિંગ અણનમ ૭૨ રન બનાવ્યા હતા. પહેલી મૅચમાં તે ૧૯ રન અને ત્રીજી મૅચમાં ૧૮ રન બનાવી શક્યો હતો. હજી બે મૅચ બાકી છે અને એમાં તે સારું રમીને ટ્રેવિસ હેડને પાછળ મૂકી શકશે અને એ સાથે તિલક ટી-૨૦ના બૅટર્સમાં સૌથી યુવાન નંબર-વન ખેલાડી બની શકશે.

ટી-૨૦ બૅટર્સના રૅન્કિંગમાં સૌથી યુવાન ખેલાડી તરીકે બાબર આઝમનો વિશ્વ વિક્રમ છે. તે ૨૩ વર્ષ, ૧૦૫ દિવસની ઉંમરે નંબર-વન બન્યો હતો. તિલક બાવીસ વર્ષનો છે.

ટી-૨૦ બોલર્સમાં ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તી ટૉપ-ફાઇવમાં આવી ગયો છે. ભારત મંગળવારે ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં હારી ગયું હતું, પણ વરુણે પાંચ વિકેટ લીધી હતી અને એ બદલ તેને (ભારતના પરાજય છતાં) મૅન ઑફ ધ મૅચના અવૉર્ડ માટે પસંદ કરવામાં આવ્યો હતો. ■

## દક્ષિણ સુદાનમાં વિમાન તૂટી પડતાં ૧૮નાં મોત

સુદાનઃ દક્ષિણ સુદાનના અંતરિયાળ વિસ્તારમાં બુધવારે વિમાન તૂટી પડવાની ઘટનામાં ઓછામાં ઓછા ૧૮ જણનાં મોત થયાં હોવાનું પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

તેલના મોટા અને મહત્ત્વના ઉત્પાદક યુનિટી સ્ટેટના માહિતી ખાતાના પ્રધાન ગૅટવૅચ બિપાલે કહ્યું હતું કે ચીનની કંપની ગ્રેટર પાયોનિયર ઑપરેટિંગ કંપની દ્વારા આ વિમાન ભાડે લેવામાં આવ્યું હતું. વિમાનમાં બે પાઈલટ સહિત ૨૧ પ્રવાસી હતા.

વિમાન દક્ષિણ સુદાનની રાજધાની જૂબાસ્થિત આંતરરાષ્ટ્રીય હવાઈમથકે જવા ઉડાન ભરી રહ્યું હતું ત્યારે તેલક્ષેત્ર નજીક તૂટી પડ્યું હતું.

વિમાન દુર્ઘટનાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ પણ વહીવટીતંત્રએ જાહેર નહોતી કરી. પ્રસારમાધ્યમના અહેવાલ મુજબ વિમાનમાં મજૂરોને લઈ જવામાં આવી રહ્યા હતા. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ સરકાર વક્ફ એક્ટમાં સુધારા માટે ગંભીર છે?

**સંસદનું** બજેટ સત્ર નજીક આવ્યું એ સાથે જ વક્ફ એક્ટનો મુદ્દો પાછો ગાજ્યો છે અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે વક્ફ એક્ટમાં સુધારો કરવાનો તખ્તો તૈયાર કરવા કમર કસી છે. કેન્દ્ર સરકારે સંસદના ચોમાસુ સત્રમાં વક્ફ એક્ટમાં સુધારો કરવા માટેનું બિલ રજૂ કરેલું, પણ રાજ્યસભામાં સ્પષ્ટ બહુમતી નહીં હોવાથી આ બિલ સંસદની સંયુક્ત સમિતિ (JPC)ને સોંપવું પડેલું.

જેપીસીએ વક્ફ એક્ટમાં ક્યા ક્યા સુધારા કરવા તે અંગે શ્રેણીબંધ બેઠકો કરીને અંતે સોમવારે વક્ફ એક્ટમાં જરૂરી ફેરફારો સાથેના નવા બિલને મંજૂરી આપી દીધી, પણ તેના કારણે બિલ સંસદમાં પસાર થઈ જશે તેની ગેરંટી નથી. તેનું કારણ એ કે, વક્ફ એક્ટમાં સુધારા અંગે વિપક્ષના સાંસદોએ જે સૂચનો કરેલાં તેને સ્વીકારાયાં નથી જ્યારે ભાજપ સહિતના એનડીએના સાંસદોનાં સૂચનો સ્વીકારી લેવાયાં છે. આ સંજોગોમાં વિપક્ષો સંસદમાં બિલ રજૂ કરાય ત્યારે આડા ફાટી શકે છે.

જેપીસીના ચૅરમૅન તરીકે ભાજપના જગદંબિકા પાલ હતા. જગદંબિકા પાલે પોતે જ કહ્યું છે કે, સોમવારે મળેલી અંતિમ બેઠકમાં તમામ ૪૪ સુધારા પર ચર્ચા કરવામાં આવી હતી અને તેમાંથી એનડીએ સાંસદોનાં ૧૪ સૂચનોને મંજૂરી આપવામાં આવી છે. વિપક્ષી સભ્યોએ કેટલીક દરખાસ્તો પણ રજૂ કરી હતી, પણ મતદાન દરમિયાન તેને ફગાવી દેવામાં આવી હતી.

વિપક્ષી સાંસદોએ સરકાર બિલ રજૂ કરે ત્યારે આડા ફાટવાનો સંકેત અત્યારથી આપી જ દીધો છે. વિપક્ષી સાંસદોએ બેઠકની કાર્યવાહીની નિંદા કરીને જગદંબિકા પાલ લોકશાહીની ઐસીતૈસી કરીને વર્ત્યા હોવાનો આક્ષેપ કર્યો જ છે. મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જીએ કહ્યું છે કે, છેલ્લા રાઉન્ડની બેઠક હાસ્યાસ્પદ હતી કેમ કે અમારાં મંતવ્યો સાંભળવામાં આવ્યાં ન હતાં. પાલે સરમુખત્યારશાહી રીતે કામ કર્યું છે. જગદંબિકા પાલનો દાવો છે કે, આખી પ્રક્રિયા લોકશાહી ઢબે કરાઈ હતી અને બહુમતીના અભિપ્રાયને પ્રાથમિકતા આપવામાં આવી હતી, પણ વિપક્ષો એ વાત સ્વીકારવા તૈયાર નથી.

વિપક્ષો ખોટા પણ નથી કેમ કે જેપીસીની રચના વક્ફ એક્ટમાં સુધારા માટે સર્વસંમતિ ઊભી કરવા કરાઈ હતી જ્યારે પાલ બહુમતીના અભિપ્રાયની વાત કરી રહ્યા છે. જેપીસીએ બહુમતીના અભિપ્રાય પ્રમાણે જ વર્તવું હતું તો પછી જેપીસીની જરૂર જ નહોતી. સુધારાનો ખરડો સીધો સંસદમાં જ રજૂ કરી દેવો જોઈતો હતો. તેના બદલે જેપીસીની રચના કરીને ખોટો સમય બગાડ્યો.

જોકે મૂળ મુદ્દો વક્ફ એક્ટમાં સુધારો કરાશે કે નહીં તેનો છે. વક્ફ એક્ટમાં સુધારો જરૂરી છે કેમ કે વક્ફ એક્ટ આ દેશના બંધારણની વિરુદ્ધ છે અને બંધારણીય જોગવાઈઓને હાસ્યાસ્પદ બનાવી દે છે. ભારતના બંધારણમાં ન્યાયતંત્રનું એક માળખું નક્કી કરાયેલું છે અને દરેક નાગરિકને ન્યાય મેળવવાનો અધિકાર અપાયો છે, પણ વક્ફ એક્ટ આ અધિકાર છીનવી લે છે.

વક્ફ બોર્ડો મનમાની કરે છે. ગમે તેની સંપત્તિ પર દાવો કરીને વક્ફ સંપત્તિ હોવાનું જાહેર કરી દેવાય છે અને તેની સામે અદાલતમાં જઈ શકાતું નથી. વક્ફ બોર્ડ કોઈ સંપત્તિ પર દાવો કરે તો તેની સામે ટ્રિબ્યુનલમાં જ જવું પડે છે, બીજી કોઈ અદાલતમાં કે હાઈકોર્ટમાં પણ જઈ શકાતું નથી. આ દેશમાં બંધારણીય જોગવાઈઓ કે બીજા કોઈ પણ પ્રકારના કેસ માટે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ સર્વોપરિ મનાય છે, પણ વક્ફને લગતા કેસમાં હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટ પણ કંઈ ના કરી શકે તેનાથી મોટું ન્યાયતંત્રનું બીજું ક્યું અપમાન કહેવાય? આ પ્રકારનું વાહિયાતપણું આ દેશમાં જ ચાલી શકે ને એ દૂર કરવા માટે પણ વક્ફ એક્ટમાં સુધારો જરૂરી છે. આ દેશમાં ન્યાય માટે સુપ્રીમ કોર્ટ સર્વોપરિ છે ને સુપ્રીમ કોર્ટ જ સર્વોપરિ રહેવી જોઈએ. વક્ફ ટ્રિબ્યુનલ તેનાથી પણ મોટી હોય એ રીતે વર્તે એ ના ચાલે.

બીજા પણ ઘણા મુદ્દા છે, પણ મુખ્ય મુદ્દો સુપ્રીમ કોર્ટની સર્વોપરિતાનો છે ને તેના માટે વક્ફ એક્ટમાં સુધારો કરવો જોઈએ, પણ સવાલ એ છે કે, ભાજપ સરકાર પોતે આ સુધારો કરવા ઇચ્છે છે કે પછી તેને વક્ફ એક્ટમાં સુધારાના નામે માત્ર ને માત્ર રાજકીય ફાયદામાં રસ છે? ભાજપ સરકાર જે રીતે વર્તી રહી છે એ જોતાં તો લાગે છે કે, તેમને વક્ફ એક્ટમાં સુધારામાં નહીં પણ રાજકીય ફાયદામાં જ રસ છે.

સૌથી પહેલાં તો ભાજપ પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમતી હતી ત્યારે વક્ફ એક્ટમાં સુધારા માટે બિલ રજૂ ના કરાયું એ જ ખટકે છે. હવે ભાજપ પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમતી નથી ને રાજ્યસભામાં પણ સ્પષ્ટ બહુમતી નથી. આ સંજોગોમાં બિલ પાસ થવાના ચાન્સ ઓછા છે ત્યારે બિલ રજૂ કરાયું છે તેથી જ ભાજપ સરકારના ઈરાદા અંગે શંકા પેદા થાય છે.

બીજું એ કે, મોદી સરકાર આ બિલ પર ચર્ચા માટે તૈયાર નથી થઈ. સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ૮ ઑગસ્ટે લોકસભામાં વક્ફ બિલ ૨૦૨૪ રજૂ કર્યું હતું. કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિતના વિરોધ પક્ષોએ આ બિલને મુસ્લિમ વિરોધી ગણાવીને તેનો વિરોધ કર્યો હતો. વિપક્ષના ભારે વિરોધના કારણે આ બિલને લોકસભામાં કોઈ પણ ચર્ચા વિના જેપીસીને મોકલી દેવામાં આવ્યું હતું. ભાજપ સરકારે કમ સે કમ ચર્ચા તો કરવી જોઈતી હતી કે જેથી લોકોને તેનું સ્ટેન્ડ ખબર પડે પણ ભાજપે એવું ના કર્યું.

વક્ફ બિલ સુધારા પર ૩૧ સભ્યોની જેપીસી બનાવાઈ પછી તેની પ્રથમ બેઠક ૨૨ ઑગસ્ટના રોજ યોજાઈ હતી. એ પછી કુલ ૩૪ મિટિંગો થઈ છે ને આ મીટિંગોમાં રાજકારણ વધારે રમાયું છે. વિપક્ષો તો આ બિલને મુસ્લિમ વિરોધી ગણાવી જ રહ્યા છે, પણ ભાજપ કદી એવું કહેવા આગળ નથી આવ્યો કે, વક્ફ બોર્ડોની મનમાનીના કારણે મુસ્લિમો વધારે પરેશાન છે કેમ કે ટ્રિબ્યુલનમાં ચાલતા ૬૦ ટકાથી વધારે કેસોમા બોર્ડો સામે મુસ્લિમો છે.

જમ્મુ-કાશ્મીરના હુર્રિયત નેતા મીરવાઈઝ ઉમર ફારુકે આક્ષેપ કરેલો કે, વક્ફ એક્ટમાં સુધારો કરીને કલેક્ટરને મનસ્વી સત્તા આપવાનો ઉદ્દેશ છે. કલેક્ટરને આદેશ આપીને અને મહેસૂલ રેકોર્ડમાં એન્ટ્રી બદલીને વક્ફ મિલકતોને સરકારી મિલકત તરીકે દર્શાવવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે તેથી આ સુધારા સંપૂર્ણપણે મુસ્લિમ સમુદાય વિરુદ્ધ છે. ભાજપ આ બધા પ્રચારો સામે પણ ચૂપ છે. અદાણી સામે આક્ષેપો થાય તો પ્રેસ કોન્ફરન્સ કરનારા ભાજપના નેતા આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ નથી કરતા.

ખેર, સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૪ એપ્રિલ સુધી ચાલશે. આશા રાખીએ કે ભાજપ સરકાર વક્ફ એક્ટમાં સુધારા માટે પ્રયત્ન કરે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૩૦-૧-૨૦૨૫,
માઘશુક્લ પક્ષ પ્રારંભ,ચંદ્ર દર્શન

- ભારતીય દિનાંક ૧૦, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૭-૧૪ સુધી, પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી કુંભમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૯, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૨-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૮(તા.૩૧)
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - પ્રતિપદા. ઈષ્ટિ, માઘ શુક્લાદિ, ચંદ્રદર્શન, મું. ૩૦, સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૧૪ અંશ, ગાંધી નિર્વાણ દિન, પંચક પ્રારંભ સાંજે ક. ૧૮-૩૪, હર્ષલ માર્ગી રાત્રે ક. ૨૧-૫૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, માઘ માસારંભ , ચંદ્ર-ગુરુ -મંગળ દેવતાનું પૂજન, વસુ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ધ્રુવ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા.ધજા, કળશ, પતાકા ચઢાવવી, પરદેશ ગમનનું પસ્તાનુ, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવુ. નવા વસ્ત્રો, આભૂષણ, નોકરી, વાહન, સવારી, દુકાન, વેપાર, વિદ્યારંભ, નામ કરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું. દાન્ય વેચવું, પશુ લે-વેચ, બી વાવવું, હજામત, નવી તિજોરીની સ્થાપના, માઘ માસનાં મુહૂર્તોઃ લગ્ન; જાન્યુઆરી તા. ૩૦, ૩૧, ફેબ્રુઆરી તા. ૩, ૪, ૬, ૭, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫ વાસ્તુ-કળશ જાન્યઆરી તા. ૩૧, ફેબ્રુ તા. ૩, ૭, ૮, ૧૦, ૧૫, ૧૭, ૧૯, ૨૦, ૨૧, સર્વદેવ પ્રતિષ્ઠા, જાન્યુઆરી તા. ૩૧ ફેબ્રુ તા. ૩, ૭, ૧૦, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ઉપનયન, જાન્યુઆરી તા. ૩૧ ફેબ્રુ. તા.૩, ૪, ૭, ૯, ૧૦, ૧૪, ૧૭.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ,, સૂર્ય-ગુરુ ત્રિકોણ પ્રસિધ્ધિની પ્રાપ્તિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ, સૂર્ય-ગુરુ ત્રિકોણ પ્રસિધ્ધિની પ્રાપ્તિ, બુધ શ્રવણ નક્ષત્રમાં પ્રવેશે છે. હર્ષલ સ્તંભી થઈ માર્ગી થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અહિંસાનો ધર્મ ઈસ્લામઃ અમનના સ્તંભને ડગમગવા દેશો નહીં

**'અલ્લાહનો** માર્ગ એટલે શું?' એક વાચક બિરાદર દ્વારા પૂછાયેલા આ પ્રશ્નનો સરળ છતાં બોધ આપતો જવાબ એ છે કે, અલ્લાહનો માર્ગ એટલે કોઈને બળજબરીથી મુસલમાન બનાવી ઈસ્લામ ધર્મમાં લાવવો તેવો બેશક નથી. એ માર્ગ અલ્લાહનો હરગીઝ નથી જ. અલ્લાહનો માર્ગ એટલે ઈન્સાન માત્ર, જીવ માત્ર સાથે અહિંસા કરવી, ઈન્સાનિયત દાખવવી, માનવતાભર્યો વ્યવહાર - આચરણ કરવું, કોઈનું દિલ ન દુભાવવું, કોઈની અનામત પચાવી પાડવી નહીં, વ્યાજ ખાવું નહીં, ગેરલાભ ઉઠાવવો નહીં, મનના દૂષિત - ખરાબ વિચારો નાથવા, સારો, ભલાઈભર્યો વ્યવહાર કરવો, સત્તાનો ઉપયોગ લોક ભલાઈમાં કરવો, સદાચારી બનવાના પ્રયત્ન દિલથી કરવા, નેક - સચ્ચાઈના માર્ગ પર ચાલવું વગેરે જેવી બાબતો પર અમલ કરવાને 'જેહાદે નબ્સ' કહેવાય છે અર્થાત્ દીન-ધર્મના માર્ગમાં મહેનત કરવી - તેના પર અમલ કરવાનો માર્ગ એટલે અલ્લાહનો ચિંધેલો - ઈસ્લામ ધર્મનો માર્ગ કહેવામાં આવે છે.

સૌકોઈને ભલાઈના કામની હિદાયત (માર્ગદર્શન) કરવી અને ખરાબ અમલ, આચરણથી રોકવા એને પણ ઉચ્ચ પ્રકારની જેહાદ લેખવામાં આવી છે.

વ્હાલા વાચક બિરાદરો.

રબ (પાલનહાર ઈશ્વર)ના આદેશો - આજ્ઞાઓ પર અમલ કરવામાં જ્યાં જ્યાં મદદ કરી શકાય તે જેહાદ છે.

- ઈસ્લામને સમજ્યા વગર, ખોટા અર્થઘટન કરવા બદલ આખા સમાજ વિશે ગેરસમજ ધરાવવી એ ખરેખર અફસોસજનક વાત નથી તો બીજું શું છે? ઈસ્લામે માંસાહાર કરવાને ફરજિયાત ગણાવેલ નથી, છતાં આજે પણ ઘણા મુસ્લિમ પરિવાર શુદ્ધ શાકાહારી છે. ઈસ્લામ કહે છે કે, સૃષ્ટિના કોઈપણ જીવનત્ત્વ પ્રત્યે એ પ્રકારનું વર્તન દાખવવું જે પ્રકારનું વર્તન કરવા સૃષ્ટિના સર્જનહારે આદેશ આપ્યો છે અને એવા વર્તનથી દૂર રહેવું જેની અલ્લાહતઆલાએ મના કરી છે.

દીને ઈસ્લામે અહિંસાને રોજિંદા વ્યવહારમાં પણ અપનાવી છે. મનુષ્યો તો ઠીક પરંતુ પશુજગત સાથે એક સાચા મોમીન બંદાનો કેવો વ્યવહાર હોવો જોઈએ તે અંગેના થોડા આદેશો જોઈને ખાતરી થશે કે જીવદયા વિશે દીને ઈસ્લામે ભારોભાર માનવતાવાદી અભિગમ દાખવ્યો છે. પશુઓના ભરણપોષણ માટે ઈસ્લામી કાયદાઓએ અત્યંત ચીવટપૂર્વક હુકમો આપ્યા છે. આ જવાબદારીમાં પશુના રહેઠાણ, ઠંડી યા ગરમીથી પશુને બચાવવાની સગવડ, બીમારી પશુની યોગ્ય સારવાર અને માવજત, ઘાસચારાનું પૂરતું પ્રમાણ અને સારી ગુણવત્તા વગેરે બાબતોનો સમાવેશ છે. ઉપરાંત પશુઓ પાસેથી કામ લેવા અંગે પણ ઈસ્લામે ચોક્કસ ધારાધોરણો નક્કી કર્યા છે તે મુજબ ૧. ભુખ્યા પશુઓ પાસેથી કામ ન લેવું, ૨. પશુ થાકી ગયું હોવા પછી પણ તેનાથી કામ ન લેવું, ૩. પશુ ઉપર એની શક્તિથી વધારે વજન લાદવું નહીં, ૪. વજન લાદેલ પશુને લાંબા સમય માટે ઊભું ન રાખવું અને ૫. વજન લાદેલ પશુને ઝડપથી દોડાવવું નહીં.

હવે વિચારો, જે ઈસ્લામ પશુ પર આટલી દયા બતાવી શકે તેનો અલ્લાહ માનવજાત પર કોઈ હિંસા આચરે તે કેમ સાંખી શકે? ટૂંકમાં કહીએ તો બેશક ઈસ્લામ અહિંસાને પ્રાધાન્ય આપતો મઝહબ છે અને તે વિશ્વના દરેક મહાન ધર્મો પૈકીનો એક મહાન ઉમદા મઝહબ છે. જેમ દરેક ધર્મમાં થોડા - ઘણા ગેરમાર્ગે દોરવાયેલા હોય છે તેમ ઈસ્લામમાં પણ હિદાયતોનું મનમાનીરૂપે અર્થઘટન કરનારાઓ ઈસ્લામના અમનના સ્તંભને ડગમગાવવા પ્રયત્ન કરી રહ્યા છે અને ઈસ્લામના નામને બટ્ટો લગાડી રહ્યા છે, પણ યાદ રહે ઈસ્લામ અહિંસાનો ધર્મ છે અને હિંસાને તેમાં ક્યાંય સ્થાન નથી. ઉમ્મતને ગેરમાર્ગે દોરવાની સોચીસમજી ચાલને સમજી લેવાનો આ સમય છે. જો આપણા આચરણ થકી આ હિંસાની ગેરસમજને દૂર નહીં કરીએ તો તેને સુધારવી અશક્ય બની જવા પામશે. જાગ્યા ત્યારથી સવાર સમજી ગેરસમજ દૂર કરવા પ્રયત્ન કરવામાં લાગી જઈએ. અલ્લાહ અને તેના રસૂલ (સલ.)નો રાજીપો હાસલ કરીએ.

* * *

**સનાતન સત્યઃ**

- અલ્લાહને ઓળખવાનું નામ 'ઈમાન' - તાબેદારી (આજ્ઞાપાલન, શ્રદ્ધા, સચ્ચાઈ) છે. તે મહાન દયાવાન કૃપા કરનાર, ક્ષમાની યાચનાને કબૂલ કરનાર છે.

* 'અલ્લાહ' કે જેના સિવાય બંદગી (પ્રાર્થના, સ્તૂતિ)ને લાયક બીજું કોઈ જ નથી અને

* જે બધું જ ફના (નાશ) કરીને એક દિવસ બધા જીવોને ફરી જીવતા કરશે અને આ જિંદગી દરમિયાન જે કંઈ આપણે કામો કર્યા હશે તે બધી જ પળેપળની માહિતી આપણી સામે રજૂ કરી દેવામાં આવશે. સનાતન સત્ય એવા એ હિસાબને નજર સમક્ષ રાખી એવા કાર્યો પર અમલ કરવો જોઈએ જે થકી અન્યોને ઉદાહરણરૂપ નિવડી શકીએ.

* બધાના દિલો પર કાબૂ માત્ર અલ્લાહનો છે.

* અલ્લાહ જેને ચાહે તેના દિલને ઈમાન (શ્રદ્ધા - આસ્થા)ની રોશનીથી ઝળહળતી કરી દેતા પળવારની રાહ જોતો નથી.

* એ જેને ઈચ્છે તેને જીત અપાવે અને તે ચાહે તેને પરાજિત કરી ધૂળ ચાટતો કરી દેતા પળવારની રાહ જોતો નથી. તે અતિ બળવાન - મહાન છે તે બાબતે નામે મુસલમાન સાચી રીતે ઓળખી શકે તેનું નામ તો 'ઈમાન' છે.

વ્હાલ વાચક બિરાદરો,

આ હકીકતને ત્યારે જ સમજી શકશો કે જ્યારે હઝરત મુહમ્મદ (સલ.)ના પ્રત્યેક આદેશોને માથે ચઢાવી સાચા અર્થમાં અમલ કરશો.

હુઝૂરે અનવર (સલ.)મે પોતાની હયાતે જિંદગી (અર્થાત્ જીવન પર્યંત) દરમિયાન સરળ અને સાદું જીવન વિતાવી ભાઈચારા, સંપ, એકતાને પોતાના જીવનનો અવિભાજય હિસ્સો બનાવ્યો.

આવા મહાન નબીના જીવન, સુકૃત્યોને અપનાવી તેના પર ચાલીએ - એ મુજબનો વ્યવહાર - વર્તન કરીએ.

* ઈસ્લામ ઉમ્મત (પ્રજા, અનુયાયીઓ)ને જિંદગી જીવવાની જે રીત દાખવી છે અને જે કાર્યો કરવા પ્રત્યે અણગમો દર્શાવી એના અઝાબ (પ્રકોપ) માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે તેને આજના ભૌતિક સુખસાહ્યબીની લાલચે ભૂલાવી દીધી છે.

* * *

**સાપ્તાહિક સંદેશ**

કુછ ન કુછ તુમ જરૂર કરતે રહો,
કુછ ન કરના બડી ખરાબી હૈ;
કામિયાબી કોઈ ઔર ચીઝ નહીં, 'અનવર'
કામ કરના હી કામિયાબી હૈ. ■

# 'ભાજપના માણસો યમુનામાં ઝેર ભેળવે છે'

## કેજરીવાલના નિવેદન સામે હરિયાણા સરકારનો એફઆઈઆર નોંધવાનો નિર્ણય

નવી દિલ્હીઃ દિલ્હીમાં ચૂંટણીનો જંગ જામી ચૂક્યો છે, વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પાર્ટીઓ આક્ષેપ-પ્રતિઆક્ષેપો કરી રહી છે. ત્યારે આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજેરીવાલે આક્ષેપ કર્યો હતો કે હરિયાણામાં ભાજપના માણસો યમુનામાં ઝેર ભેળવી રહ્યા છે અને તેને દિલ્હી મોકલી રહ્યા છે. અરવિંદ કેજરીવાલના આ નિવેદનનો ખૂબ જ વિરોધ જોવા મળી રહ્યો છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ નિવેદન પર આકરા પ્રહારો કર્યા હતા, જ્યારે વિવાદાસ્પદ મુદ્દે હરિયાણા સરકારે કેજરીવાલ સામે એફઆઈઆર નોંધાવવાનો નિર્ણય લીધો છે.

દિલ્હીમાં એક ચૂંટણી સભાને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અરવિંદ કેજરીવાલના આ નિવેદન પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતાં કહ્યું કે, દિલ્હીના એક ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને હરિયાણાના લોકો પર આરોપો લગાવ્યા છે. 'આપદા'વાળા લોકો હારવાના ડરથી ગભરાઈ ગયા છે. શું હરિયાણાના લોકો પોતાના પરિવારના સભ્યોના પાણીમાં ઝેર ભેળવી શકે છે? મોદી અને દેશના તમામ ન્યાયાધીશો અને વિશ્વભરના દૂતાવાસોના લોકો પણ આ જ પાણી પીવે છે. શું કોઈ કલ્પના કરી શકે છે કે હરિયાણાના લોકો નદીના પાણીમાં ઝેર ભેળવી શકે છે?

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ લોકો દિલ્હીના લોકોને પાણી માટે તરસાવવા માંગે છે. તેઓ ઇચ્છે છે કે પૂર્વીય ક્ષેત્રના આપણા મિત્રો દર વર્ષે ગંદકીમાં છઠી મૈયાની પૂજા કરે. પોતાના રાજકીય હિતમાં, આપદાના લોકોએ બીજું એક ઘોર પાપ કર્યું છે. તેમનાં પાપો ક્યારેય માફ કરી શકાય નહિ, ઇતિહાસ ક્યારેય માફ નહીં કરે. ભલે તમારી ઇકોસિસ્ટમ તમારા પાપને ઢાંકવાનો પ્રયાસ કરે, દિલ્હી ભૂલી શકશે નહીં. હરિયાણાનું દરેક બાળક નહિ ભૂલી શકે. ■



**પવિત્ર સ્નાનઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન બુધવારે મૌની અમાવસ્યાને દિવસે પવિત્ર સ્નાન માટે સંગમ ખાતે શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા. (એજન્સી)



**બિટિંગ રિટ્રીટ સેરેમનીઃ** દિલ્હીમાં વિજય ચોક ખાતે બુધવારે યોજાયેલી બિટિંગ રિટ્રીટ સેરેમની દરમિયાન રાષ્ટ્રગીતના સન્માનમાં ઊભા રહેલા લોકો. (એજન્સી)

# સાઉદીમાં માર્ગ દુર્ઘટનામાં નવ ભારતીયનાં મોત

જેદ્દાહઃ સાઉદી અરેબિયામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં નવ ભારતીયોનાં મોત થયાં હોવાની માહિતી જેદ્દાહ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા આપવામાં આવી હતી.

દૂતાવાસે જણાવ્યું હતું કે આ અકસ્માત પશ્ચિમ સાઉદી અરેબિયાના જીઝાન નજીક થયો હતો.

વિદેશ પ્રધાન એસ જયશંકરે આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અકસ્માત અને જાનહાનિ વિશે જાણીને મને દુઃખ થયું છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, એમણે કહ્યું કે, જેદ્દાહમાં અમારા કોન્સ્યુલ જનરલ સાથે વાત કરી, જેઓ સંબંધિત પરિવારોના સંપર્કમાં છે. આ દુઃખદ પરિસ્થિતિમાં તે સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે.

દૂતાવાસે જણાવ્યું હતું કે તે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારોના સંપર્કમાં છે. આ ઉપરાંત, તે સાઉદી અધિકારીઓના સંપર્કમાં પણ છે. ભારતીય કોન્સ્યુલેટે એક્સની પોસ્ટમાં જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયાના પશ્ચિમ ક્ષેત્રમાં જીઝાન નજીક માર્ગ અકસ્માતમાં નવ ભારતીય નાગરિકોનાં દુઃખદ મોત પર અમે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના. ''જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે અને અધિકારીઓ અને પરિવારો સાથે સંપર્કમાં છે. અમે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરીએ છીએ.'' તેમણે એ પણ માહિતી આપી હતી કે અકસ્માત અંગે મૃતક અને ઘાયલોના સંબંધીઓ સંપર્ક કરી શકે તેવી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. આ ખબર પ્રીન્ટમાં જવા સુધી મૃતકો અને ઘાયલોની વિગતો જાહેર કરવામાં આવી નહોતી. ■

## ગુજરાત એટીએસએ સૌથી મોટા ડ્રગ્સ માફિયા વસીમ દાઢીની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ડ્રગ્સની બદી ખૂબ ફૂલીફાલી છે, આ દરમિયાન એમડી ડ્રગ્સનું વેચાણ કરતા પેડલર્સની બાતમી ક્રાઈમ બ્રાન્ચ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી સહિતની એજન્સી અને પોલીસ ડિપાર્ટમેન્ટને આપનારો બાતમીદાર સૌથી મોટો ડ્રગ્સ માફિયા હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. ડ્રગ્સનો ધંધો કરતા નાના નાના પેડલર્સને જેલના હવાલે કરી અત્યાર સુધી છટકી જનારો વસીમ દાઢી એમડી ડ્રગ્સનો સૌથી મોટો સોદાગર હોવાનો ઘટસ્ફોટ ગુજરાત એટીએસની ટીમે કર્યો હતો. થોડા દિવસ પહેલાં લાલ દરવાજાથી ઝડપાયેલા ૨૭ લાખ રૂપિયાના એમડી ડ્રગ્સમાં પણ વસીમ દાઢીનો હાથ હોવાનું ખૂલ્યું હતું. જ્યારે ભોપાલમાં ગુજરાત એટીએસ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ થોડા મહિના પહેલાં ઝડપેલા હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ મામલે પણ વસીમ દાઢીની સંડોવણી ખૂલી છે.

આ અંગે મળતી વિગતો મુજબ, થોડા સમય પહેલાં ગુજરાત એટીએસની ટીમે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો સાથે મળીને ભોપાલમાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ડ્રગ્સના સૌથી મોટા રેકેટનો પર્દાફાશ થયો હતો. આ ડ્રગ્સ કાંડના તાર છેક અમદાવાદ સુધી જોડાયેલા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ભોપાલની ફેક્ટરીમાં ધરપકડ કરાયેલા ડ્રગ્સ માફિયાઓના મોબાઈલમાંથી વસીમ દાઢીનો નંબર મળી આવતાં પોલીસના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ગુજરાત એટીએસ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા સંયુક્ત રીતે મધ્યપ્રદેશના ભોપાલના બગરોડા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે મેન્યુફેક્ચરિંગ યુનિટની આડમાં ચાલતી ફેક્ટરીમાં રેડ કરી હતી જેમાંથી ૧૮૧૪ કરોડની કિંમતનું ૯૦૭ કિલો એમડી ડ્રગ્સનું મટિરિયલ તથા સાધનો કબજે કરવામાં આવ્યાં હતાં.

આરોપીઓ દ્વારા છ મહિનાથી મોર્ડન પ્લાન્ટ બનાવવામાં આવ્યા હતા અને તેમાં રોજ ૨૫ કિલો ડ્રગ્સનું પ્રોડક્શન કરતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત એટીએસ દ્વારા અત્યાર સુધી પકડવામાં આવેલી ગેરકાયદે ફેક્ટરીઓ પૈકી આ અત્યાર સુધીની સૌથી મોટી ફેક્ટરી કહેવાય છે. ■

## અમદાવાદના બહેરામપુરામાં ટીબીના સૌથી વધુ ૧૨૨૯ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યાં છે, કેન્દ્ર સરકારની સજાગતા અને દર્દીઓને યોગ્ય સારવાર સહાય આપવાના પરિણામે નાગરિકોના મનમાંથી ટીબીનો ડર ઓછો થયો છે તેમ જ કેસ અને મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જોકે હજુ પણ આ મહામારી અમદાવાદ જેવા શહેરમાં મોટી ચિંતાનો વિષય બની છે.

સ્માર્ટ સિટી અમદાવાદમાં ક્ષય રોગના કેસમાં સામાન્ય નિયંત્રણ જોવા મળ્યું છે, પરંતુ શ્રમજીવી વસાહતો અને ચાલી કે ઝૂંપડપટ્ટી જ્યાં આવેલાં છે તેવા વિસ્તારોમાં ટીબીના કેસની સંખ્યા ઘણી વધારે છે. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા છે. ૨૦૨૪માં જોવામાં આવે તો બહેરામપુરામાં ૧૨૨૯ અને રખિયાલમાં ૧૦૪૪ કેસ નોંધાયા હતા. શહેરમાં ૧૬થી ૩૦ વર્ષની વય જૂથમાં ૫૮૦૦ કરતાં પણ વધારે ટીબીના દર્દી કન્ફર્મ થયા હતા. અમદાવાદમાં ૨૦૧૯માં ટીબીના ૨૦૧૫૭ કેસ નોંધાયા હતા જેની સામે ૨૦૨૪માં ૧૫૩૬૦ કેસ નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિવિધ વય જૂથ મુજબ પણ બહેરામપુરામાં ૧થી ૧૫ વર્ષમાં સૌથી વધુ ૧૨૪ કેસ, ૧૬થી ૩૦માં ૫૭૭ કેસ, ૩૧થી ૪૫માં ૩૦૧ અને ૪૬થી ૬૦ની વય જૂથમાં ૧૫૦ કેસ ટીબીના કન્ફર્મ થયા છે. વેજલપુરમાં પણ ૪૬થી ૬૦ની વય જૂથમાં ટીબીના ૧૯૨ કેસ નોંધાયા છે. જે બાબત ચિંતાજનક માનવામાં આવે છે. ■

## દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુમાં 30 જાન્યુ.થી 30 માર્ચ સુધી પ્રવેશબંધી: મૅજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા દરિયામાં આવેલા ૨૧ ટાપુઓ પર પૂર્વ મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત દ્વારકા નજીક આવેલા ટાપુ પર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેમાં જિલ્લામાં આવેલા ૨૧ ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસૂલી હકૂમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મૅજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભેંદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણા ટાપુ (૨૧) કુડચલી ટાપુ ઉપર જે તે ટાપુની મહેસૂલી હકૂમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મૅજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તા. ૩૦/૦૧/૨૦૨૫થી તા. ૩૦/૦૩/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાનો વિશાળ સાગરકાંઠો અતિ સંવેદનશીલ છે. સમુદ્રમાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર બે ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. ■

## અમદાવાદ ફ્લાવર શો પાછળ ૧૫ કરોડનો ખર્ચ થયો: ટિકિટની આવક માત્ર ૯.૪૬ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલા ફ્લાવર શોને જોવા માટે લાખોની સંખ્યામાં લોકો આવ્યા હતા. ૨૬ જાન્યુઆરી સુધી ચાલેલા ફ્લાવર શોમાં દેશ-વિદેશનાં અનેક ફૂલોની સજાવટ કરવામાં આવી હતી.

૨૪ દિવસ સુધી ચાલેલા ફ્લાવર શોમાં ૧૩ લાખ લોકોએ મુલાકાત લીધી હતી. ફ્લાવર શોમાં જે સિઝનલ ફૂલ જોવા મળ્યાં હતાં તે ફૂલોને હવે લોકો ખરીદી શકશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની પાંચ નર્સરી ખાતે અલગ અલગ જાતના હયાત સિઝનલ ફૂલોનું વેચાણ કરવામાં આવશે. જે ૨૮ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધીમાં ફૂલો ખરીદી શકાશે.

ડેપ્યુટી કમિશનર જયેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ત્રણ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી સુધી યોજાયેલા ફ્લાવર શોમાં ૧૨.૮૬ લાખ જેટલા મુલાકાતીઓ આવ્યા હતા.

ફ્લાવર શોની ટિકિટની આવક રૂ. ૯.૪૬ કરોડ જેટલી થઈ હતી, જ્યારે ફૂડ સ્ટોલ, અન્ય નર્સરીના રોપાનાં વેચાણ સહિત અંદાજિત ૧૫ કરોડ જેટલી આવક મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને થઈ હતી.

ફ્લાવર શો જોવા માટે એક જ દિવસમાં રેકોર્ડ બ્રેક ૧.૩૦ લાખથી વધુ લોકો ઉત્તરાયણના દિવસે આવ્યા હતા.

પાંચ જેટલી નર્સરીઓમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શો દરમિયાન હયાત સિઝનલ પ્રકારનાં ફૂલો જેમાં ગજેનીલા, ડાયનથસ, સિલાસિયા, વિન્કા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનિયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પીટુનીયા, બુફોબિયા, કોલીયસ, સેવતી, સાલ્વીયા, એસ્ટર જેવા રોપા મળશે. જ્યારે ૬ ઈંચ ઊંચા ઓર્નામેન્ટલ કેલે, પોટ પાનસેટિયા, પોટ (પિટુનિયા સેવતી વગેરે) પોર્ટ કેલેન્ચો રોપા પ્રદર્શિત કર્યા હતા. ■

## વહાલી દીકરી યોજના હેઠળ ૨.૭૮ લાખ દીકરીઓને લાભ અપાશે: ત્રણ હજાર કરોડથી વધુની સહાયને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશની દીકરીઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી પોતાનું અને દેશનું નામ રોશન કરી રહી છે. સમાજમાં દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા તથા સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા માટે વર્ષ ૨૦૧૯થી ગુજરાતમાં 'વહાલી દીકરી યોજના' અમલી બનાવાઈ છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨.૭૮ લાખથી વધુ દીકરીઓની ૩ હજાર કરોડથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે.

રાજ્યમાં કન્યા કેળવણીને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૧૯થી કાર્યરત વહાલી દીકરી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨,૬૨૨ દીકરીઓ, ૨૦૨૦-૨૧માં ૩૨,૦૪૨ દીકરીઓ, ૨૦૨૧-૨૨માં ૬૯,૯૦૩, ૨૦૨૨-૨૩માં ૫૫,૪૩૩, વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૭,૦૧૨ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૧,૬૪૯ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. જે હેઠળ અત્યાર સુધીમાં ૩ હજાર કરોડથી વધુની સહાયની મંજૂરી આપવામાં આવી છે.

વહાલી દીકરી યોજના અંતર્ગત ૨ ઑગસ્ટ ૨૦૧૯ પછી પ્રથમ ત્રણ સંતાન પૈકીની તમામ દીકરીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ ઉપરાંત લાભાર્થી દીકરીનાં માતા-પિતાની વાર્ષિક આવક ૨ લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તેવા નાગરિકો આ યોજનાનો લાભ મેળવી શકે છે. ગુજરાત રાજ્યની પાત્રતા ધરાવતી દીકરીઓને રૂ. ૧,૧૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચૂકવાય છે. જે અંતર્ગત દીકરી જ્યારે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવે તે સમયે પ્રથમ હપ્તો રૂ. ૪૦૦૦ ચૂકવવામાં આવે છે. દીકરી જ્યારે નવમા ધોરણમાં પ્રવેશે ત્યારે યોજનાનો બીજો હપ્તો રૂ. ૬૦૦૦ ચૂકવાય છે. દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન સહાય માટે એક લાખ રૂપિયા ત્રીજા હપ્તા તરીકે સહાય ચૂકવવામાં આવે છે. યોજનાનો લાભ મેળવવા માટેનું ફોર્મ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી મળી શકશે. ■

## તુવેરની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતો ૩થી ૨૦ ફેબ્રુઆરી સુધી ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ખેડૂતોને પોતાના ઉત્પાદિત પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા શુભ આશયથી કૃષિ પ્રધાન રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આગામી સમયમાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો હતો. ટેકાના ભાવે તુવેરનું વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતોએ આગામી ૩થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.

ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. રાજ્યમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખરીદી માટે કુલ ૨૦૬ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યાં છે. કૃષિ પ્રધાન રાઘવજી પટેલે ખાતરી આપી હતી કે, ખેડૂતો પાસેથી તુવેર પાકની પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે. ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્યમાં તુવેર પકવતા ખેડૂતોને ખરીદીનો મહત્તમ લાભ લેવા માટે પણ કૃષિ પ્રધાને અનુરોધ કર્યો હતો. ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરવામાં આવે છે. આ વર્ષે તુવેર પાકનું વાવેતર થાય તે પહેલાં જ તુવેર માટે રૂ.૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈને તુવેર સહિતના પાકોનું મબલક વાવેતર કરી શકે. ■

## રાજકોટના જસદણમાં ૧૧ વર્ષના વિદ્યાર્થીનું હાર્ટ-અટેકથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હૃદયરોગના કેસ વધી રહ્યા છે, હાર્ટ એટેકનો ભોગ માત્ર મોટેરાઓ જ નહીં, પણ કિશોરો પણ બની રહ્યા છે. રાજકોટના જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ભણતા હેતાંશ રશ્મિકાંતભાઈ દવેને અચાનક છાતીમાં દુખાવો ઊપડતાં તાત્કાલિક ખાનગી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ બાળકને ડૉક્ટરે મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. હેતાંશ દવેએ દસ દિવસ પહેલાં ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએથી મેદાન માર્યું હતું. અચનાક ૧૧ વર્ષીય હેતાંશને છાતીમાં દુખાવો ઊપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક ખાનગી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડૉક્ટરોએ હેતાંશને મૃત જાહેર કર્યો હતો. અગાઉ અમદાવાદના થલતેજમાં આવેલી જાણીતી ઝેબર સ્કૂલમાં ગાર્ગી રાણપરા નામની ૮ વર્ષની બાળકીનું મોત થયું હતું. સવારના ૮ વાગ્યે સીડી ચઢીને આવી રહી હતી ત્યારે તેને છાતીમાં દુખાવો થયો હતો, જેથી તે લોબીની ચેર પર બેસી ગઈ અને પછી થોડી ક્ષણમાં જ ઢળી પડી હતી. ■

## જીપીએસસીનું વર્ષ ૨૦૨૫નું ભરતી કેલેન્ડર જાહેર: ૧૭૫૧ જગ્યા પર ભરતી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)એ વર્ષ ૨૦૨૫ માટેનું ભરતી કેલેન્ડર જાહેર કર્યું હતું. જીપીએસસીએ વિવિધ પોસ્ટના માટે ખાલી પડેલી કુલ અંદાજિત ૧૭૫૧ જગ્યાઓ માટે ભરતી કેલેન્ડર જાહેર કર્યું હતું. આ સાથે જ સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારોની આતુરતાનો અંત આવ્યો છે.

જીપીએસસી દ્વારા જે ૧૭૫૧ જગ્યાઓ માટે આગામી સમયમાં ભરતી થનાર છે તે જગ્યાઓ માટે જાહેરાતની, પ્રાથમિક અને મુખ્ય કસોટીની સંભવિત તારીખો જાહેર કરવામાં આવી હતી. જીપીએસસી દ્વારા ઉમેદવારોને આ જાહેરાતો માટે સતત અપડેટ રહેવા માટે જીપીએસસીની વેબસાઈટ, ટ્વિટર કે એપ સાથે જોડાયેલા રહેવા અપીલ કરવામાં આવી હતી.

જાહેરાત પ્રસિદ્ધ થવા અંગેના સૂચિત મહિના મુજબ ભરતી જાહેરાતો અંગે વાત કરીએ તો, જૂન મહિનામાં ૧૭ વિવિધ વર્ગોની ભરતી જાહેરાત પ્રસિદ્ધ થશે. જુલાઈમાં ૧૯ વિવિધ વર્ગોની ભરતી જાહેર થશે. ઑગસ્ટમાં ૯ અલગ-અલગ વર્ગોની ભરતી જાહેર કરવામાં આવશે. સપ્ટેમ્બરમાં ૧૧ વર્ગોની ભરતી જાહેરાત પ્રકાશિત થશે. ઓક્ટોબરમાં ૮ વિવિધ વર્ગોની ભરતી જાહેર થશે. નવેમ્બરમાં ૧૦ અલગ-અલગ વર્ગોની ભરતી જાહેરાત પ્રસિદ્ધ થશે. ડિસેમ્બરમાં ૫ વર્ગોની ભરતી જાહેરાત આવશે. ■

## હજીરામાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલને સરકારી જમીનમાં દબાણ કરવા મુદ્દે ૧૮ કરોડનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત જિલ્લા કલેક્ટર દ્વારા નેશનલ હાઈવે અને સરકારી જમીનો પર થયેલા દબાણને દૂર કરવા માટે છેલ્લા ત્રણ દિવસથી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ વર્ષોથી સરકારી જમીન પર દબાણ કરનારી હજીરાની એએમએનએસ કંપની સામે સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ બાદ સરકારે કંપનીને ૮૦ હજાર ચોરસ મીટરમાં દબાણ કરવા બદલ રૂ. ૧૮ કરોડનો દંડ ફટકારીને જગ્યા ખુલ્લી કરી હતી. તે ઉપરાંત અન્ય નાનાં-મોટાં દબાણો દૂર કરી ૫૨ હજાર ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાઈ હતી.

સુરતના હજીરામાં સ્ટીલનું ઉત્પાદન કરતી એએમએનએસ કંપનીએ વર્ષોથી હજારો એકર સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું હતું. સ્થાનિકોએ આ અંગે તત્કાલીન કલેક્ટર સામે અનેક રજૂઆતો કરી હતી. ત્યાર બાદ કલેક્ટરે મામલતદારને તપાસના આદેશ આપ્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે એએમએનએસ કંપની દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યું હતું. આ મામલે ચોર્યાસી વિસ્તારના મામલતદાર સમક્ષ ૧૮ કેસ આવ્યા હતા અને તેમાંથી ૧૦ કેસ એએમએનએસ કંપની વિરુદ્ધ સાબિત થયા હતા.

મામલતદાર દ્વારા કરાયેલી તપાસમાં સાબિત થયું હતું કે, કંપનીએ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કર્યો હતો. જેથી મામલતદારે કંપનીને ૧૮ કરોડ રૂપિયા દંડ ફટકાર્યો હતો. દબાણની કાર્યવાહી અંતર્ગત હજીરા, ઉધના, પાંડેસરા અને શહેરના અન્ય ઉદ્યોગ વિસ્તારોમાં પણ સરકારી જમીન પર કબજો કરનારા મોટા ઉદ્યોગો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

મામલતદાર નિરવ પારિતોષીએ જણાવ્યું હતું કે, સ્થળ તપાસ દરમિયાન ૧૮ જેટલા કેસ કરવામાં આવ્યા હતા અને હજી વધુ કેસો કરવામાં આવી રહ્યા છે. જેમાં ૦૮થી ૧૦ કેસોના નિર્ણય લેવાયા છે. જેમાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલને રૂ. ૧૮ કરોડ દંડ કરાયો છે અને ૮૦,૦૦૦ ચોરસ મીટર જમીનમાંથી દબાણ હટાવવામાં આવ્યું છે. આગામી દિવસોમાં સરકારી જમીન પર દબાણ કરનારા વિરુદ્ધ વધુ મેગા ડિમોલિશન અને દંડ ફટકારવાની કાર્યવાહી ચાલુ રહેશે. ■

## ભાજપ પાર્લમેન્ટરી બોર્ડની બેઠક ગાંધીનગરમાં યોજાઈ: ૩૧ જાન્યુ.એ ઉમેદવારોની યાદી જાહેર થશે

અમદાવાદ: ગુજરાતમાં જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકા સહિત પંચાયતની પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતાં રાજ્યના તમામ પક્ષોએ તેમના ઉમેદવારો પસંદ કરવાની કવાયત શરૂ કરી છે. આ દરમિયાન ભાજપ પાર્લમેન્ટરી બોર્ડની બે દિવસની બેઠક ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં મુખ્ય પ્રધાન ઉપરાંત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, સંગઠન મહામંત્રી અને પાર્લમેન્ટરી બોર્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની અંતિમ તારીખ ૧ ફેબ્રુઆરી છે. નગરપાલિકા અને મનપાની ચૂંટણી માટે ઉમેદવારો નક્કી કરવા માટે મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન પર ૨૯ જાન્યુઆરીએ ભાજપની પાર્લમેન્ટરી બોર્ડની બેઠક યોજાઈ હતી, આ બેઠક ૩૦ જાન્યુઆરીએ પણ મળશે. જેમાં ભાજપના મુરતિયાઓ નક્કી કરાશે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિરીક્ષકો દ્વારા રજૂ કરવામાં આવેલાં નામો પર બેઠકમાં ચર્ચા કરાયા બાદ ઉમેદવારોની ફાઈનલ યાદી ૩૧ જાન્યુઆરી જાહેર કરવામાં આવે એવી શક્યતા છે. જૂનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકા સહિત પંચાયતની પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન અને ૧૮મીએ મતગણતરી હાથ ધરાશે. મનપા અને ન.પા.ની સામાન્ય ચૂંટણીની સાથે જ કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાશે. ■

## ગુજરાતમાં આઠમા ધોરણના ૭૬ ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણનાં પુસ્તકો વાંચી શકતા નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણક્ષેત્રે અનેક કામો કરવામાં આવ્યાં છે. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સરકારે ગુણોત્સવ સહિતના કાર્યક્રમો શરૂ કર્યા છે. તે છતાંય રાજ્યમાં પાંચથી ૧૬ વર્ષની ઉંમરના ૨૦૧૪૦ વિદ્યાર્થીઓ, આઠમા ધોરણના ૭૬ ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણનાં પુસ્તકો વાંચી શકતા નથી.

વર્ષ ૨૦૨૪ માટેનો એન્યુઅલ સ્ટેટસ ઑફ એજ્યુકેશન રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં દરેક રાજ્યોની સરકારી-ગ્રામ્ય સ્કૂલોની સ્થિતિ-પ્રવેશ, વિદ્યાર્થીની વાંચન-લેખન ક્ષમતા સહિતના સરવેનાં તારણો રજૂ કરાયાં હતાં. ગુજરાતમાં ૬૪૮ સરકારી સ્કૂલોમાં સરવે કરાયો હતો અને ૩થી લઈને ૧૬ વર્ષના કુલ ૨૬,૭૪૬ બાળકોનો સરવે થયો હતો. આ સિવાય ૨૦ હજારથી વધુ બાળકોની વાંચન, લેખન અને ગણન ક્ષમતા તપાસવામા આવી હતી.

રાજ્યમાં ૨૦૧૦૯ વિદ્યાર્થીઓમાં ધોરણ આઠના ૬૯.૫ ટકા વિદ્યાર્થીઓનું પ્રાથમિક શિક્ષણ કાચું હોવાનું સાબિત થયું હતું. પરિણામમાં એવુ પણ જોવા મળ્યું હતું કે, ૨૦૧૮ની તુલનામાં વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. રાજ્યમાં ૬૪.૪ ટકા વિદ્યાર્થીઓ ભાગાકાર કરી શક્યા નહોતા અથવા ધોરણ આઠના ૩૫.૬ ટકા વિદ્યાર્થીઓ ભાગાકાર કરી શક્યા હતાં.

ગુજરાત સામાન્ય રીતે એજ્યુકેશનનું હબ ગણાય છે. પરંતુ રાજ્યની સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું લર્નિંગ લેવલ શિક્ષણની ગુણવત્તા માટે ગંભીર સાબિત થઈ રહ્યું છે. ૨૦૨૪માં પાંચમા ધોરણના ૪૬.૩ ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણનાં પુસ્તકો વાંચી શકતા નહોતા. જેમાં ૨૦૨૨ના રિપોર્ટ કરતાં ૩૪.૨ ટકા અને ૨૦૧૮ના રિપોર્ટ કરતાં ૫૩.૭ ટકાનો વધારો નોંધાયો હતો. વધુમાં પાંચમા ધોરણના ૧૪.૩ ટકા વિદ્યાર્થીઓ આ વર્ષે ભાગાકાર કરતાં શીખ્યા હતા. પ્રાથમિક શિક્ષણમાં ૮૫.૭ ટકા વિદ્યાર્થીઓ બેઝિક ગણિતમાં નાપાસ થયા હતા. આ વર્ષના પર્ફોર્મન્સને જોતાં પાંચમા ધોરણના ૧૪.૭ ટકા વિદ્યાર્થીઓ ભાગાકાર કરી શક્યા હતા.

ગુજરાતની સરકારી સ્કૂલોમાં ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓમાં શીખવાની ક્ષમતામાં પણ ઘટાડો નોંધાયો હતો. જેમાં ૨૫.૮ ટકા વિદ્યાર્થીઓ બીજા ધોરણનાં પુસ્તકો વાંચી શક્યા હતા. એ જ પ્રમાણે ત્રીજા ધોરણના ૮૧ ટકા વિદ્યાર્થીઓ ૨૦૨૪માં સરવાળા અને બાદબાકી કરવામાં નાપાસ થયા હતા. જેનો મતલબ ૧૯.૧ ટકા વિદ્યાર્થીઓ બાદબાકી કરી શક્યા હતા. રાજ્યના વાર્ષિક એજ્યુકેશન રિપોર્ટ ૨૦૨૪ પ્રમાણે ગુજરાતમાં ૮૫.૬ ટકા વિદ્યાર્થીઓએ સરકારી સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યો હતો. ૨૦૨૨માં ૯૦.૯ ટકા વિદ્યાર્થીઓએ સરકારી સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યો હતો.

રિપોર્ટ પ્રમાણે કુલ સરવે પ્રમાણે ૧૦ ટકા વિદ્યાર્થીઓએ કોઈ પણ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો નહોતો. આ આંકડાઓ શિક્ષણવિદો અને નિષ્ણાતોને ચોંકાવનારા છે. કારણ કે ૨૦૨૨માં માત્ર ૬.૨ ટકા વિદ્યાર્થીઓએ કોઈ પણ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો નહોતો. ■

## ગુજરાતમાં આ વખતે શિયાળામાં કોલ્ડવેવની અસર વર્તાઈ નહીં: હવામાન વિભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં ઠંડીની સિઝનમાં પણ ગરમીનો અહેસાસ થયો હોવાથી રાજ્યમાં કોલ્ડવેવની એક પણ અસર વર્તાઈ નથી. રાજ્યમાં શિયાળામાં ઠંડીની કેટલીક જગ્યાએ મોટી અસરો જોવા મળી હતી, પરંતુ તે સામાન્ય કરતાં થોડી જુદી હતી. કારણ કે ગત વર્ષોમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં એકથી બે વખત શિતલહેરની ઘટનાઓની અસર જોવા મળી હતી.

ગુજરાતમાં મંગળવારે અમરેલીમાં ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. તે ઉપરાંત રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જેના કારણે જાન્યુઆરી મહિનામાં પણ મોટા ભાગની સેન્ટ્રલ એસી ધરાવતી ઑફિસોમાં એસી ચાલુ કરવા પડ્યા હતા. જાન્યુઆરી મહિનો ગુજરાત માટે સામાન્ય કરતાં ગરમ સાબિત થયો હતો.

ગુજરાતના હવામાન વિભાગના ડાયરેક્ટર અશોક કુમાર દાસે જણાવ્યું હતું કે, નવેમ્બરથી લઈને જાન્યુઆરી સુધીમાં રાજ્યમાં શીતલહેરની અસર જોવા મળી નથી. હવામાન વિભાગના પેરામિટર પ્રમાણે કોલ્ડવેવની સ્થિતિ ત્યારે માનવામાં આવે છે જ્યારે લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી ઓછું હોય અને તે સામાન્ય લઘુતમ તાપમાનથી ૪.૫ ડિગ્રીથી ૬.૪ ડિગ્રી ઓછું હોય. જો તે ૬.૪ ડિગ્રીથી વધારે હોય તો તેને ગંભીર શીતલહેર તરીકે ઓળખવામાં આવે છે.

સિનિયર હવામાન નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આ વર્ષે જાન્યુઆરીમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અનેક ઘટનાઓ બની હતી. રાજ્યમાં ઠંડીની સિઝનમાં સામાન્ય રીતે ઓછું તાપમાન હોય છે અને હવાની દિશા ઉત્તર અને ઉત્તર પશ્ચિમ તરફ હોય છે. જે હિમાલય તરફથી આવતા બર્ફિલા પવનો હોય છે, પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આ પવનો બરાબર ફૂંકાયા નહીં અને રાજ્યમાં તાપમાનનો પારો વધી ગયો હતો. જેના કારણે જાન્યુઆરી જેવા મહિનામાં પણ ઠંડીની જગ્યાએ ગરમીનો અહેસાસ થયો હતો. ■

## ગુજરાતમાં ૧૨ હાઇ એન્ડેમીક જિલ્લાઓ પૈકી સાતમાં રક્તપિત્તનો પ્રમાણદર એક ટકા કરતાં ઓછો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાગરિકોમાં રક્તપિત્ત અંગે વધુ જાગૃતિ લાવી તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે ગુજરાતમાં અનેક વાર અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. વિકસિત ભારત અભિયાન અંતર્ગત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાં ૩૦ જાન્યુઆરી 'ગાંધી નિર્વાણ દિવસ'-'એન્ટી લેપ્રસી ડે' નિમિત્તે તા. ૩૦ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન 'સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઇન યોજાશે. યાદીમાં જણાવ્યા અનુસાર, આ પખવાડિયા દરમિયાન રક્તપિત્ત વિશે નાગરિકોમાં વધુ જનજાગૃતિ લાવવા માટે કામગીરી હાથ ધરાશે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષોથી રક્તપિત્તને નાથવા માટે અનેકવિધ પગલાં હાથ ધરવામાં આવી રહ્યાં છે. જેના પરિણામે રાજ્યમાં પ્રિવેલન્સ રેટ એક કરતાં ઓછો લાવવામાં સફળતા મળી છે એટલે કે, ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૦ હજારની વસ્તીએ પ્રિવેલન્સ રેટ ૦.૪૦ હાંસલ કરાયો છે. આ ઉપરાંત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૨ હાઇ એન્ડેમીક જિલ્લાઓ પૈકી ૭ જિલ્લાઓ ભરૂચ, દાહોદ, મહિસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનો પ્રમાણદર એક ટકા કરતાં ઓછો લાવવામાં પણ સફળતા મળી છે. આરોગ્ય વિભાગ દ્વારા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં જરૂરિયાતમંદ રક્તપિત્તના દર્દીઓને વિનામૂલ્યે ૬,૨૩૪ માઇક્રો સેલ્યુલર રબર શુઝ, ૨૮ રીકન્સ્ટ્રીવ સર્જરી, ૨,૩૦૧ અલ્સર કીટ આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્તના વણશોધાયેલ દર્દીઓ શોધવા લેપ્રસી કેસ ડીટેક્સન કેમ્પેઇન, એક્ટિવ કેસ ડીટેકશન એન્ડ રેગ્યુલર સર્વે, સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઇન, હાર્ડ ટુ રીચ એરિયા કેમ્પેઇન, દર માસે ત્રીજા શુક્રવારે સર્વે જેવી ખાસ ઝુંબેશ હાથ ધરીને સઘન કામગીરી કરવામાં આવે છે. જેમાં જનરલ હેલ્થ સ્ટાફ અને આશાની ટીમો દ્વારા ઘરે-ઘરે તપાસ કરી રક્તપિત્તના નવા દર્દી શોધીને ત્વરિત બહુ ઔષધિય સારવાર હેઠળ મૂકી તેઓને રોગમુક્ત કરવામાં આવે છે. ■

## સંસ્થા સમાચાર

### કાંદિવલીમાં રવિવારે ''એક સાંજ મધુરાય સાથે''

ગુજરાતી ભાષાના સક્ષમ અને અમેરિકામાં વસતા સર્જક મધુરાય સાથેના એક વિશેષ કાર્યક્રમ 'એક સાંજ મધુરાય સાથે'નું આયોજન કાંદિવલી એજ્યુકેશન સોસાયટી (કેઈએસ) સ્થાપિત ગુજરાતી ભાષા ભવન અને લેખિની-વિલેપાર્લેના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. સંતુરંગીલી, કુમારની અગાશી જેવાં સદાબહાર નાટકોના સુપ્રસિદ્ધ લેખક-નાટ્યકાર મધુરાય સાથે વાતચીત અને તેમના સર્જનને તેમની જ હાજરીમાં સાંભળવાનો આ વિશિષ્ટ અવસર છે. આ કાર્યક્રમમાં મધુરાય લિખિત નાટકો-'મિસિસ મૂર્તિ' અને 'ઝૂમરી તલૈઈયા'નું નાટ્યપઠન મીનળ પટેલ, ઉત્કર્ષ મઝુમદાર, પ્રીતિ જરીવાલા, માના વ્યાસ, ડિમ્પલ સોનીગ્રા, કવિત પંડ્યા કરશે. આજ પ્રસંગે સર્જક સાથે વિશેષ વાર્તાલાપ સેજલ શાહ કરશે. આ કાર્યક્રમ ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રવિવારે ૫થી ૭ દરમિયાન છે, જેમાં સહુ સાહિત્યપ્રેમીઓને આવકાર છે. સ્થળઃ શ્રી જયંતીલાલ પટેલ લો કોલેજ, બીજે માળે, ભોગીલાલ ફડિયા રોડ, કાંદિવલી રિક્રીએશન કલબની લાઈનમાં, કાંદિવલી (વેસ્ટ).

## સૈફના હુમલાખોરને પોલીસ કસ્ટડીમાં સોંપવાનું કોઈ નક્કર કારણ નથીઃ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના સ્ટાર સૈફ અલી ખાન પર તેના ફ્લૅટમાં ઘૂસીને છરીથી હુમલો કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીને બાન્દ્રા કોર્ટે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. પોલીસે વધુ પૂછપરછ માટે ઓછામાં ઓછા બે દિવસની કસ્ટડીની માગણી કરી હતી, પરંતુ આરોપીને કસ્ટડીમાં સોંપવા પોલીસ પાસે કોઈ નક્કર કારણ ન હોવાની નોંધ મૅજિસ્ટ્રેટે કરી હતી.

સૈફ પર હુમલાના કેસમાં ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી આરોપી શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ને પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી બુધવારે બાન્દ્રા કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. આરોપીની પોલીસ કસ્ટડીની માગણી કરતાં તપાસ અધિકારીએ કોર્ટમાં જણાવ્યું હતું કે ગુનો આચરતાં પહેલાં આરોપીએ સૈફની બિલ્ડિંગની રેકી હતી અને પૂરતી તૈયારી કરી હતી. બાંગ્લાદેશમાંથી ભારતમાં ગેરકાયદે પ્રવેશવા આરોપીને કોણે મદદ કરી હતી તેમ જ આરોપી બાંગ્લાદેશમાં તેના પરિવારને કોની મધ્યસ્થીથી નાણાં મોકલતો હતો તેની તપાસ કરવાની બાકી છે, એવું અધિકારીએ કોર્ટમાં જણાવ્યું હતું.

## અદાણી ગ્રૂપ હૃદયદ્રાવક મહાકુંભ દુર્ઘટનાથી પ્રભાવિત લોકોને મદદ કરશે

મુંબઈઃ પ્રયાગરાજમાં યોજાઈ રહેલા વિશ્વના સૌથી મોટા કુંભમેળામાં બુધવારે બનેલી હૃદયદ્રાવક ઘટના બાદ અદાણી ગ્રુપે મેળા વહીવટીતંત્ર અને રાજ્ય સરકાર સાથે મળીને અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. અદાણી ગ્રુપના ચેરમેને આ હૃદયદ્રાવક ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને દિવંગત આત્માઓને નમ્ર શ્રદ્ધાંજલિ આપી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, મહાકુંભમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાથી અમને ખૂબ જ દુઃખ થયું છે. અમે દિવંગત આત્માઓને અમારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. 'મહાકુંભમાં હાજર અદાણી પરિવારના તમામ સભ્યો અને સમગ્ર અદાણી ગ્રુપ, મેળા વહીવટીતંત્ર અને રાજ્ય સરકારના સહયોગથી, અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.' આ વર્ષે અદાણી ગ્રુપ ઇસ્કોન અને ગીતા પ્રેસના સહયોગથી મહાકુંભમાં આવનારા શ્રદ્ધાળુઓની સેવા કરવા માટે પ્રતિબદ્ધ છે. ઇસ્કોન સાથે સહયોગથી અદાણી ગ્રુપ દરરોજ લાખો ભક્તોને મહાપ્રસાદનું વિતરણ કરી રહ્યું છે.

## કાંદિવલી સ્ટેશન નજીકની ગેરકાયદે દુકાનો તોડી પડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા હાલ ગેરકાયદે ફેરિયાઓ સામે પગલા લેવાઈ રહ્યાં છે, એ સાથે જ ગેરકાયદે દુકાનો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત બુધવારે 'આર-દક્ષિણ' વોર્ડ દ્વારા કાંદિવલી (પશ્ચિમ)માં રેલવે સ્ટેશનની બહાર આવેલી ૧૯ ગેરકાયદે દુકાનોને તોડી પાડવામાં આવી હતી.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ કાંદિવલી રેલવે સ્ટેશન બહાર આવેલી ૧૯ દુકાનો ગેરકાયદે હતી, તેથી તેને તોડી પાડવામાં આવી હતી.

## મુંબઈ આવતી ફ્લાઈટ હાઈજૅક થયાની ખોટી અલર્ટ

નવી દિલ્હીઃ નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી એરપોર્ટથી મુંબઈ જવા રવાના થયેલી એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઇ ૨૯૫૭ દ્વારા તાત્કાલિક સહાય માગવામાં આવી હતી. સોમવારે રાત્રે લગભગ ૮ઃ૪૦ વાગ્યે દિલ્હીમાં એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)ને મોકલવામાં આવેલા સિગ્નલ અનુસાર ફ્લાઇટ સંભવિત રીતે હાઇજેક થઈ ગઈ હતી. અહેવાલ અનુસાર સિગ્નલ મળ્યા પછી, જોકે આ ચેતવણી ખોટી હોવાની પછીથી જાણ થઈ હતી.

## પાલઘરમાં બોઈલર બ્લાસ્ટઃ પાંચ જણ ઘાયલ

પાલઘરઃ પાલઘર જિલ્લાના વડાવલી ગામમાં બુધવારે સાંજે ટાયર પ્લાન્ટમાં બોઈલર વિસ્ફોટને કારણે લાગેલી આગમાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોમાં બે બાળકોનો સમાવેશ થાય છે. વાડા તાલુકાના કુડુસ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી કંપનીના કામદારોનો ઘાયલોમાં સમાવેશ છે કે એ તાત્કાલિક સ્પષ્ટ નથી થયું. ઘાયલોની ઓળખ તુફાન કલસીમ ડામોર (૩૦), રોશની પ્રવીણ પરમાર (૨૬), મુલા પ્રેમા વાસર (૨૭) અને બે બાળકો - કાજલ પરમાર (૩ વર્ષ) અને આકાશ પ્રેમ માસાર (૧૮ મહિના) તરીકે થઈ છે.

## ધનંજય મુંડેએ નૈતિકતાને આધારે રાજીનામુ આપવું જોઈએઃ સુળે

મુંબઈઃ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ બુધવારે કહ્યું હતું કે, બીડના સરપંચની હત્યાના કેસ અંગે ટીકાનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેએ 'નૈતિકતાને આધારે' રાજીનામું આપવું જોઈએ. પત્રકારો સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની ભયાનક હત્યાને પચાસ દિવસ વીતી ગયા છે, પરંતુ મુંડેના નજીકના સાથી પર આંગળી ચીંધવામાં આવી હોવા છતાં, એનસીપીના પ્રધાનને ભાજપની આગેવાની હેઠળની સરકારમાંથી બરતરફ કરવામાં આવ્યા નથી. મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. મુંડે હાલમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળના પ્રધાન મંડળમાં અન્ન અને નાગરીપુરવઠા વિભાગ ધરાવે છે.

'૧૦૦ કરોડ રૂપિયાની લાંચના આરોપો લાગ્યા બાદ અનિલ દેશમુખે ગૃહ પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું. નવાબ મલિક, છગન ભુજબળની અટકાયતી આરોપો પર ધરપકડ કરવામાં આવી હતી અને તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા,' એમ તેમણે કહ્યું હતું.

અનિલ દેશમુખ શરદ પવારના નેતૃત્વ હેઠળના એનસીપી (એસપી)ના છે, જ્યારે ભુજબળ અને મલિક નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીમાં છે. ધનંજય મુંડે પણ અજિત પવારના પક્ષના છે. બારામતીના સાંસદ સુળેએ એવો દાવો કર્યો હતો કે શાસક ભાજપની આગેવાની હેઠળના મહાયુતિના નેતાઓ પણ મુંડેને રાજીનામું માગી લેવાની તરફેણમાં હતા.

'જો હું પ્રધાન હોત અને મારે કારણે મારી પાર્ટી પચાસ દિવસ સુધી આ રીતે હેડલાઇન્સમાં છવાયેલી રહેતી હોત તો હું નૈતિક ધોરણે રાજીનામું આપી દેત. હું પાછળ હટીશ અને મારી પાર્ટીને કહીશ કે હું પાર્ટીને આગળ વધવામાં મદદ કરવા માટે અહીં છું, મારા પક્ષને આ રીતે નુકસાન થતું જોવા માટે નહીં,' એમ તેમણે કહ્યું હતું. ધનંજય મુંડેના કેસમાં 'નફાના પદ'નો મુદ્દો પણ હતો, સુળેએ સામાજિક કાર્યકર્તા અંજલી દમણિયાના આરોપોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે મુંડે અને તેમની પત્ની બે કંપનીઓમાં ભાગીદાર હતા જેમને રાજ્યની માલિકીની વીજ ઉત્પાદન કંપની, મહાજેન્કો પાસેથી થર્મલ પાવર પ્લાન્ટ્સ દ્વારા ઉત્પન્ન થતી ફ્લાય એશ દૂર કરવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો.

## વીઆઈપી કલ્ચર કુંભમેળાની ઘટના માટે જવાબદાર છેઃ ઉદ્ધવ-સેના

મુંબઈઃ મહાકુંભમાં સંગમ ખાતે થયેલી ભગદડ બાદ રાજકીય ઉથલપાથલ વધુ તીવ્ર બની હતી. વિપક્ષી પાર્ટીઓ સરકારને ઘેરી રહી છે. તેમણે મેનેજમેન્ટ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. શિવસેના (યુબીટી)એ પણ આ ઘટના પર પ્રતિક્રિયા આપતાં બુધવારે જાણવા માગ્યું હતું કે મહાકુંભમાં થયેલી નાસભાગ માટે કોણ જવાબદાર છે? તેમણે એવો પણ દાવો કર્યો હતો કે વીઆઈપીઓ (પ્રધાનો)ની મુલાકાત દરમિયાન નદી કિનારાના કેટલાક ભાગો બંધ કરવામાં આવતા હોવાને કારણે આવી પરિસ્થિતિઓ ઊભી થાય છે. આ દિવસ વીઆઈપીઓ માટે અનામત છે. શિવસેનાના રાજ્યસભા સભ્ય સંજય રાઉતે જણાવ્યું હતું કે પ્રયાગરાજમાં મહાકુંભના સંચાલન પાછળ ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે.

સંજય રાઉતે સરકારને ઘેરતા કહ્યું હતું કે, 'બધા પૈસા ક્યાં ગયા? ભાજપ કુંભ દ્વારા રાજકીય પ્રચાર કરી રહી છે. તેઓ કુંભનું વ્યાપારીકરણ કરીને ચૂંટણી લડવા માગે છે. આ તેમની શ્રદ્ધા નથી, પરંતુ રાજકારણ છે અને લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.' તેમણે વધુમાં કહ્યું કે વહેલી સવારે કુંભમેળામાં થયેલી ભગદડ રાજ્ય વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી હત્યા હતી.

મૌની અમાવસ્યા પર પવિત્ર સ્નાન માટે લાખો શ્રદ્ધાળુઓ આવ્યા હોવાથી સંગમ ખાતે થયેલી ભગદડને કારણે ઘણા લોકોના મોતની આશંકા છે. શિવસેના (યુબીટી)ના નેતાએ કહ્યું હતું કે, 'જ્યારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મહાકુંભની મુલાકાત લીધી ત્યારે ઘાટ એક દિવસ માટે બંધ કરવામાં આવ્યો હતો. જ્યારે ગૃહ પ્રધાન અમિત શાહે મહાકુંભની મુલાકાત લીધી ત્યારે સમગ્ર પ્રયાગરાજ બંધ હતું. આનાથી સિસ્ટમ પર દબાણ વધે છે અને ભીડ ભેગી થાય છે, અને આ ભીડ પછી નાસભાગ મચાવે છે.'

ભાજપ પર નિશાન સાધતા સંજય રાઉતે કહ્યું હતું કે કુંભ એ કોઈ ઇવેન્ટ મેનેજમેન્ટ નથી પણ એક શ્રદ્ધા છે. તેમણે કહ્યું કે ૨૦૧૨-૧૭ દરમિયાન અખિલેશ યાદવના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન મહાકુંભના ઉત્તમ સંચાલનને લોકો હજુ પણ યાદ કરે છે. બુધવારે કરોડો લોકો પ્રયાગરાજ પહોંચ્યા, પરંતુ તેમને માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી.

## શિવસેનાના ગુમ પદાધિકારીને શોધવા પોલીસની આઠ ટીમ તૈયારઃ ચાર તાબામાં

પાલઘરઃ છેલ્લા ૧૦ દિવસથી ગુમ શિવસેનાના પદાધિકારી અશોક ધોડીને શોધવા માટે પોલીસની આઠ ટીમ તૈયાર કરવામાં આવી હોઇ આ પ્રકરણે ચાર જણને તાબામાં લેવાયા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એકનાથ શિંદે જૂથની શિવસેનાના દહાણુ વિધાનસભા મતક્ષેત્રના કોઓર્ડિનેટર અશોક ધોડી ૨૦ જાન્યુઆરીએ ગુમ થયો હતો. પોલીસ ટીમ ધોડીને શોધ ચલાવી રહી છે, પણ તેમનો હજી સુધી કોઇ પત્તો લાગ્યો નથી.

ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બાળાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે આ પ્રકરણે ચાર શકમંદને તાબામાં લેવાયા છે, જેમાંના ત્રણ વિરુદ્ધ ગુન દાખલ છે.

ધોડીને શોધવા લોકલ ક્રાઇમ બ્રાન્ચ સહિત આઠ ટીમ તૈયાર કરવામાં આવી છે. પોલીસ ટેક્નિકલ ડેટા, ઇન્ટેલિજન્સ ઇનપુટ્સ અને તાબામાં લેવાયેલા શકમંદો પાસેથી મળેલી માહિતી પર આધાર રાખી રહી છે. જોકે એક શકમંદ પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયા બાદ સમસ્યા ઊભી થઇ છે.

પ્રારંભિક તપાસ સૂચવે છે કે ધોડીનું ગુમ થવું તેના પરિવારમાં મિલકત સંબંધી વિવાદ સાથે જોડાયેલું હોઇ શકે છે.

ધોડીને છેલ્લા ૨૦ જાન્યુઆરીએ ઘોલવડથી દહાણુ જતો જોવામાં આવ્યો હતો. ધોડી સાંજે ચાર વાગ્યે દહાણુ પહોંચ્યો હતો અને સાંજે ૬ વાગ્યે પાછો ઘોલવડમાં જોવા મળ્યો હતો.

ધોડીની પત્નીને અમુક વ્યક્તિઓની સંડોવણીની શંકા ગયા બાદ આ પ્રકરણે ઘોલવડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## જૈન મરણ

**વાગડ બે ચોવિસી જૈન**

મૂળ રાપરના હાલે બોરીવલી જયેશભાઈ દોશી (ઉં.વ. ૬૦) તે ગં.સ્વ. શાંતાબેન નાગજીભાઈ કરશનજી દોશીના પુત્ર. ઉર્મિલાબેનના પતિ. સ્વ. મીહિર, પ્રિયાબેન ખીમાણીના પિતા. પ્રજ્ઞાબેન મોરબિયા, કમલેશ દોશી તથા જિજ્ઞા દોશીના ભાઈ. અને રાપરના સ્વ. પ્રભુલાલ મંગળજીભાઈ મોરબિયાના જમાઈનું તા. ૨૬-૧-૨૫ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૧-૨૫ના ગુરુવારના ૩.૩૦થી ૫.૦૦ ગુર્જર સમાજ વાડી, માટુંગા.

**ઝાલાવાડ શ્વે.મૂ.પૂ. વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતાબેન જીવનલાલ શાહના સુપુત્ર પ્રકાશભાઈ શાહ (ઉં.વ. ૬૧) હીનાના પતિ. હાર્દિકના પિતા. રમેશભાઈ, કમલેશભાઈ તથા જયશ્રીબેન પરેશકુમાર શાહના ભાઈ. પિયર પક્ષે નાપાડ (આણંદ) નિવાસી ગં.સ્વ. મધુબેન ચીમનલાલ શાહના જમાઈ તા. ૨૭-૧-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનસભા તા. ૩૧-૧-૨૫ના શુક્રવારે ૩.૦૦થી ૫.૦૦. સ્થળઃ પારસધામ, ત્રીજે માળે, વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન**

મૂળ માંડવીના હાલે કાંદિવલી નિવાસી સ્વ. કલાવંતીબેન ચંદુલાલ મહેતાના સુપુત્ર ચિ. કિરણના ધર્મપત્ની શ્રીમતી પ્રીતિ મહેતા (ઉં.વ. ૬૦) તા. ૨૮-૧-૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. ચિ. સોહિલ તથા ચિ. પ્રાચીના માતુશ્રી. સૌ. મેઘાના સાસુ. દીપકભાઈ-ગીતાબેન, દિલીપભાઈ-પન્નાબેન, સુભાષભાઈ-પ્રિયંવદાબેન, પરેશભાઈ-કલ્પનાબેન તથા મીનાબેન જયંતીભાઈ શાહ, રેખાબેન અશ્વિનભાઈ મહેતા તથા કોકિલાબેન દિલીપભાઈ દેસાઈના ભાભી. માતૃપક્ષે મૂળ મુલુંડના હાલે કાંદિવલી હંસાબેન જસવંતરાય મહેતાના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૩૦-૧-૨૫ના ગુરુવારે ૪.૦૦થી ૫.૩૦. પાવનધામ મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી (રળોલ) નિવાસી હાલ ઘાટકોપર ઈલાબેન ડૉ. સી.ટી. શાહના પુત્ર અમિત ચંદ્રકાંત શાહ (ઉં.વ. ૪૮) તે ત્રિશલાના પતિ. ચિ.ધૃતિ, ચિ. સિદ્ધના પિતા. આરતીબેન વિરલભાઈના ભાઈ. ચિ. સાનવી, ચિ. વિદિતના મામા. ક્ષમાબેન હરેશભાઈ વનમાળીદાસ મહેતાના જમાઈ. તા. ૨૮-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧-૨-૨૫ના ૪થી ૫.૩૦. સ્થળઃ ઝવેરબેન સભાગૃહ, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

શિવલખા હાલે લાકડીયાના નાનજી ગાલા (ઉં.વ. ૮૨) સોમવાર, ૨૭-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભમીબેન ડુંગરશી ગોવર ગાલાના સુપુત્ર. રાણીબેનના પતિ. નવિન, શાંતિલાલ, સતિષના પિતાશ્રી. આસદીર ડુંગરશી ગાલા, લાલજી ડુંગરશી ગાલાના ભાઇ. લાકડીયાના નાંગલબેન સંચા નાથા શાહના જમાઇ. પ્રાર્થનાસભા ગુરૂવાર, ૩૦.૦૧.૨૫. પ્રાર્થના સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.) સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ પછી બરવિધી રાખેલ છે.

ગુંદાલા હાલે નાલાસોપારાના અ.સૌ. કસ્તુરબેન સાવલા (ઉં.વ.૭૬) ૨૮/૧/૨૫ના અવસાન પામેલ છે. રૂક્ષ્મણીબેન મંગલદાસના પુત્રવધુ. હસમુખના પત્ની. અશ્વીની, રોહિત, તુષાર, સંજયના માતુશ્રી. લાખાપુરના મા.મણીબાઈ નાનજી શેઠિયાના સુપુત્રી. શાંતિલાલ, ઉર્મિલાબેન વિશનજી ભેદા, ગુંદાલાના પુષ્પાબેન રમેશ, પત્રીના જયવંતીબેન વિશનજી ઘરોડના બહેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

કોડાયના ચિ. હર્ષ કિરણ લાલન (ઉં.વ..૩૦) રવિવાર, ૨૬/૧/૨૫ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી વિજયાબેન જયંતીલાલ ખીમરાજના પૌત્ર. દિવ્યા કિરણ જયંતીલાલ લાલનના સુપુત્ર. ભુજપુરના માતુશ્રી કેશરબેન પોપટલાલ ભવાનજી દેઢિયાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. સી/ઓ. મધુબેન લાલન, બી/૩૦૧, હબટાઉન શિખર, પારસી પંચાયત રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૬૯,

ભોરારાના ભાવિન શાંતિલાલ દેઢિયા (ઉં.વ.૪૪) ૨૮-૧-૨૫ના અવસાન પામેલ છે. ઈલા શાંતિલાલના પુત્ર. નીશાના પતિ. અયાનના પિતા. શીતલ પ્રભુના ભાઈ. હેમલતા પ્રાણલાલના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ : શાંતિલાલ દેઢિયા. ૧૦૯/૨, લક્ષ્મીભુવન, બી-વીંગ, રોડ નં.૨૪, જૈન સોસાયટી, સાયન (વે), મું - ૨૨.

**ઘોઘારી દશાશ્રીમાળી સ્થા. જૈન**

પીપળવવા નિવાસી (જલાલપુર) હાલ થાણા સ્વ. સમતાબેન વનેચંદ ભુરાભાઈ બિલખીયાના સુપુત્ર વિભાકરભાઈ (ઉં.વ. ૭૪) તા. ૨૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મધુબેનના પતિ. આલોક અને મિલી (માનસી)ના પપ્પા. સંજય જયસુખલાલ દોશી, તેજલના સસરા. નરેશભાઈ, ઉર્મિલાબેન ત્રંબકલાલ, નીરૂબેન નાથાલાલ, સરલાબેન કમલેશભાઈ, કોકીબેન અજયભાઈ, વર્ષાબેન હર્ષદભાઈના ભાઈ. સ્વસુરપક્ષે અજાબ નિવાસી હાલ ચેમ્બુર સ્વ. હકમીચંદ રામજીભાઈ દેસાઈના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩૧/૧/૨૫ના ૧૦.૩૦ થી ૧૨.૩૦. પારસધામ વલ્લભબાગ લેન, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન**

ધાંગધ્રા નિવાસી હાલ વાલકેશ્વર મુંબઇ સ્વ. નવીનચંદ્ર તલકશી શાહના ધર્મપત્ની નિર્મળાબેન શાહ (ઉં.વ. ૮૫) તે જીવા નિવાસી સ્વ. ચંપાબેન ચંદુલાલ મગનલાલ શાહની સુપુત્રી. જ્યોતિબેન, અશોકભાઈ, અરુણભાઈના મોટાબેન, તા. ૨૮/૧/૨૫ મંગળવારે અરિહંતશરણ પામેલ છે, પ્રાર્થના સભા તથા લૌકિક વ્યાવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ શિવલખા હાલે લાકડીયાના સ્વ. નાનજી ડુંગરશી ગોવર ગાલા (ઉં.વ. ૮૨) સોમવાર, તા. ૨૭-૧-૨૦૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ભમીબેન ડુંગરશી ગોવરના સુપુત્ર. રાણીબેનના પતિ. નવીન, શાંતિલાલ, સતિષના પિતાશ્રી. જયશ્રીબેન, હેતલબેન, મિનાક્ષીબેનના સસરા. ભાવિન, કેવલ, સયંમ, દર્શ, મયુરીના દાદા. લાકડીયાના નાંગલબેન સંચા નાથા શાહના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૩૦-૧-૨૫ના સમય સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી કરશન લઘુભાઈ નિસર, હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર-વેસ્ટ, ઠે. ૪૧, ચંદ્ર ભુવન, ગુપ્તા ચાલ, અસલ્ફા, ઘાટકોપર- વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. વેલજી વણવીર ચરલા (ઉં.વ. ૮૬) મંગળવારના મુંબઈ અવસાન પામેલ છે. સ્વ. જમનાબેન વણવીરના સુપુત્ર. દિનેશ, દેવેન્દ્ર, પ્રેમિલા, સા. મનોસરેખાશ્રીજી. મ.સા, મ.સા.સા. વિશુધ્ધરેખાશ્રીજી, સા. પદમેશરેખાશ્રીજી મ.સા.ના પિતાશ્રી. દામજી, વનિતા,અરૂણામાં સસરા. કેનિલ, હર્ષ, નિધી, વિરતીના દાદા.દિક્ષી, ખ્યાતી, જિતરત્ન વિ.મ.સા.ના હિતેશના નાના. હલરાના સ્વ. ગંગાબેન ધનજી હિરજીના જમાઈ. પિતૃવંદના પ્રાર્થના સભા તા. ૩૦-૧-૨૫ના સમય ૩.૦૦ થી ૫.૦૦ સ્થળ. અર્થ બેંક્વેટ હોલ, ગજાનન કોલોની, ગોરેગામ રેલ્વે સ્ટેશનની બાજુમાં વેસ્ટ, ઠે. ૨૪૫/૬, જવાહર નગર, રોડ નં.૩, ગોરેગામ-વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન સમાજ**

ટીકર (રણ) નિવાસી હાલ ઘાટકોપર મંજુલાબેન જટાશંકર દેવશીભાઇ મહેતાના પુત્ર દિનેશભાઈ (ઉં.વ. ૭૩) ૨૮/૧/૨૫ને મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. કપિલના પિતાશ્રી. અલ્પાના સસરા. સ્વ. દિલીપભાઈ, અશોકભાઈ, પ્રતિભાબેન, સ્વ. નયનાબેનના ભાઈ. સસરાપક્ષે ખેડોઇ નિવાસી હાલ મુંબઈ પ્રાણલાલ નાનચંદભાઈ મહેતાનાં જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૨૦૨, અંતરીક્ષ એવલોન, વલ્લભબાગ લેન એક્સ્ટેંશન, ઘાટકોપર પૂર્વ.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ભદ્રેશ્વર, હાલ ઘાટકોપર સ્વ. સાકરબેન ઓધવજી ઠક્કર (ચોથાણી)ના સુપુત્ર માવજીભાઈ (ઉં.વ. ૮૯) તે સ્વ. શારદાબેનના પતિ. સ્વ. વિનોદ, દીપક, પ્રદીપના પિતાજી. સ્વ. જેઠાલાલ, તુલસીદાસ, સ્વ. તુલસાબેન, સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. હસુમતીબેન, ગં.સ્વ. નર્બદાબેન, સ્વ. પુષ્પાબેન, નિર્મળાબેનના ભાઈ. સ્વ. વિશનજી મોરારજી ખાંટ (માંડવી)ના જમાઈ. કલ્પના, મીનાના સસરા તા. ૨૮-૧-૨૫ના પરમધામવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૧-૨૫, ગુરુવારના ૫.૩૦થી ૭.૦૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

કાંદિવલી નિવાસી અ.સૌ. શોભનાબેન (ઉં.વ. ૬૬) ભીખુભાઈ ભગવાનજી જાનીના ધર્મપત્ની. સ્વ. લાભશંકર હેમતરામ મેહતાના સુપુત્રી. ધીરેનના માતુશ્રી. રેખાના સાસુમા. હર્ષિદા તથા ભવ્યના દાદીમા શનિવાર, તા. ૨૫-૧-૨૫ના કૈલાશવાસી થયા છે. પ્રાર્થનાસભા ૪થી ૬ ગુરુવાર, તા. ૩૦-૧-૨૫ . પાવનધામ, એમસીએ ગ્રાઉન્ડ પાસે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી લોહાણા**

દહાણું નિવાસી પ્રદીપભાઈ ધરમદાસ તન્ના (ઉં.વ. ૭૭) તા. ૨૮-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રીતિબેન (નલીની)ના પતિ. મેંગલોર નિવાસી કેશવલાલ ભાઈલાલ વસાણીના જમાઈ. તે સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. ઘનશ્યામભાઈ, સ્વ. મંજૂલાબેન, કીર્તિબેન, ભારતીબેનના ભાઈ. ચિરાગ કુંતલ તરુણભાઈ પોંડાના પિતાશ્રી. સૌ. મમતાના સસરા. હીર અને ટિશાના દાદા. પ્રાર્થનાસભા બંને પક્ષની ગુરુવાર, તા. ૩૦-૧-૨૫ના ૪થી ૬. દહાણું લોહાણા મહાજન વાડી, પારનાકા ખાતે રાખેલ છે.

**કપોળ**

નવાપુરવાળા (હાલ-કાંદિવલી) સ્વ. જશવંતલાલ ઠાકોરલાલ શાહના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ. ૮૦) તે ડિમ્પલ, નિલેશ, સંદીપ તથા તેજસના માતુશ્રી. હેમંત, કોમલ, હેમાલી, મીતાના સાસુ. સ્વ. ધનલક્ષ્મી રમણલાલ, સ્વ. હંસાબેન શરદકુમાર, સ્વ. વંદનાબેન અશોકકુમાર, જયશ્રીબેન રમેશચંદ્ર, રેણુકાબેન પ્રવીણચંદ્ર, સ્વ. ભામીનીબેન સુરેશચંદ્ર, ગં.સ્વ. પન્નાબેન નરેન્દ્રભાઈ તથા લત્તાબેન ભુપેન્દ્રભાઈના ભાભી. પિયર પક્ષે મોટા લીલિયાવાળા સ્વ. રતીલાલભાઈ પ્રાગજીભાઈ મહેતાના દીકરી. પાયલ, આર્યન, નિયતી, રાહી, યોમા, હીયા તથા શનયના નાની-દાદી તા. ૨૮-૧-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૩૧-૧-૨૫ના ૫થી ૭. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સટેન્સન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

ગામ આંબલીચા નિવાસી હાલ બોરીવલી ગોવિંદભાઇ શામજીભાઈ જોટંગીયા (ઉં.વ.૯૫) ૨૮/૧/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ.પુષ્પાબેનના પતિ. ઉષા ભરત હિરાણી, વિનોદ-શીતલ, રશ્મિ યોગેશ ઠક્કર, રાજુ-મીનાના પિતાશ્રી. મોનાલિસા, રોશન, હાર્દિક, નિધિના દાદા. પ્રિતેશ, પ્રતીક, દીપ્તિના નાના. પ્રતીક, અક્ષય, વિનિતા, અલ્કાના દાદાસસરા. પ્રાર્થનાસભા ૩૦/૧/૨૫ના ૪ થી ૬. આધારિકા હોલ, પાવનધામની પાસે, પિઝા હટની ગલીમાં, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

## પારસી મરણ

મની કાવસ તુકીના તે મરહૂમ કાવસ જાલેજર તુકીનાના વિધવા. તે મરહૂમો ધનમાય તથા શહેરયારજી પટેલના દીકરી. તે આરમીન ફીરદોશ મેહતાના મમ્મી. તે ફીરદોશ સામ મેહતાના સાસુજી. તે પોરસ એફ મેહતાના મમયજી. તે સામ ધનજીશા મેહતા તથા મરહૂમ તેહમીના સામ મેહતાના વેવાન (ઉં.વ. ૮૧) રે.ઠેઃ બી/૭, નવરોઝ બાગ, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે લાલબાગ મધ્યે એમ.જે. વાડીયા અગ્યારીમાં.

**હાલાઇ લોહાણા**

મૂળગામ વંથલી (સોરઠ) હાલ કાંદિવલી ગો.વા. વિજયાબેન અમૃતલાલ કરશનજી શિગાળાના પુત્ર મુકેશભાઈ (ઉં.વ.૬૩) ૨૮/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. ઉર્વશીના પિતા. વિનોદભાઈ, ગો.વા.અશોકભાઈ, કિશોરભાઈના ભાઈ. હૈદરાબાદ નિવાસી ગો.વા. રેવાબેન રમણીકલાલ દુર્લભજી હિંડોચાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૧/૨૫ ગુરુવાર ૫ થી ૭. હાલાઇ લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષટેનશન રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગામ ભંડુરી હાલ કાંદિવલી સ્વ.રસીલાબેન ધરમશી જીમૂલ (ઠક્કર)ના પુત્ર રાજેશ (ઉં.વ.૬૩) તે નયનાબેન તથા લાલાના ભાઈ. ચેતનાના જેઠ. સ્વ. ભાણજી જીવાભાઈ વર્ધનના દોહિત્ર ૨૪/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

જસપરા માંડવા નિવાસી હાલ જોગેશ્વરી સ્વ.વિષ્ણુપ્રસાદ જાદવજી જોષીના ધર્મપત્ની ગં.સ્વ. પ્રેમિલાબેન (ઉં.વ.૯૦) ૨૯/૧/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે ભાદ્રોડ નિવાસી સ્વ.ચકુભાઈ મહાદેવભાઈ ભટ્ટના દીકરી. નર્મદ, હેમેન્દ્ર, ભાવિન, ગં.સ્વ.મધુ દિલીપભાઈ, ભાવના જયેશભાઇ, સ્વ.દીપિકા અજયભાઇ, શોભના સુરેન્દ્રભાઈના માતુશ્રી. નયના, દક્ષા, સિદ્ધિ, રિદ્ધિ, અંકિતા, સોનિયાના સાસુ. રૂપેશ, મિતેષ, હેતલ, નિહાલ, પુનિત તથા તનયના દાદી. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૩૧/૧/૨૫ના ૪ થી ૬. પુષ્કર કલ્યાણકેન્દ્ર, ૨૮, પુષ્કર કોપ સોસાયટી, જોગેશ્વરી હાર્બલ સ્ટેશનની સામે, જોગેશ્વરી વેસ્ટ.

**ઉત્તર ગુજરાત બ્રહ્મક્ષત્રિય**

રાજપુર ડીસા હાલ ગોરેગાંવ સ્વ.પ્રવીણભાઈ શંકરલાલ ભેડા (ખત્રી)ના ધર્મપત્ની ગં.સ્વ. જ્યોત્સનાબેન (ઉં.વ.૬૮) ૨૭/૧/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ.ચીમનભાઈ, લક્ષ્મણભાઈ, જસીબેન, ઇલાબેનના ભાભી. વિદ્યાના દેરાણી. ભારતીના જેઠાણી. પિયરપક્ષે ગં.સ્વ.શાંતાબેન ચંદુલાલ ખત્રીના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૧/૨૫ના ૪ થી ૬. કેશવ ગોરે હોલ, આરે રોડ, અંબામાતા મંદિર પાસે, ગોરેગાંવ વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મેંદરડા નિવાસી હાલ દહિસર અ.સૌ. દીનાબેન પારેખ (ઉં.વ.૬૧) તે નવીનભાઈ જગજીવનભાઈ પારેખના ધર્મપત્ની. અમિત તથા જીજ્ઞા રૂપેશકુમાર માધાણીના માતુશ્રી. સ્વ.નીરુબેન જયસુખભાઇ ચુડાસમા, પ્રફુલભાઇ, ભરતભાઈ, કિરણબેન વિજયકુમાર વિભાકરના ભાભી. સ્વ.ઈશ્વરલાલ અમૃતલાલ જનાણીના દીકરી. બિપીનભાઈ, સ્વ.શોભનાબેન ગીરીશભાઈ મહેતા, ચંદ્રિકા જીતેન્દ્ર શાહ, વીણાબેન કનૈયાલાલ મુંજ્યાસરા, કૌશિકાબેન ભરતકુમાર સંઘાણીના બહેન. ૨૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

પડધરી નિવાસી હાલ ઘાટકોપર ગં.સ્વ.મંજુલાબેન (ઉં.વ.૮૭) સ્વ.નવલકિશોર જમનાદાસ આહયાના ધર્મપત્ની. માલતી નીતિન પલાણ, રાજેન્દ્ર, સંજય, સ્વ.પલ્લવીના માતુશ્રી. સ્વ.મણિબેન નરશીદાસ સોમૈયા જામનગરના દીકરી. ૨૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૩૦/૧/૨૫ના ૪ થી ૫. ઘાટકોપર બાલકનજી બારી રાજાવડી ઘાટકોપર ઈસ્ટ.

**કપોળ**

દેલવાડાવાળા હાલ દહાણુ સ્વ.જેકોરબેન મનમોહનદાસ વોરાના પુત્ર મધુસુદન (મધુભાઈ) (ઉં.વ.૮૫) તે હસુમતીબેનના પતિ. દેવાંગ, જનક, પરાગના પિતાશ્રી. દર્શના, સ્વાતી, સોનલના સસરા, સ્વસુરપક્ષે ભાવનગરવાળા સ્વ.નારાયણદાસ રામદાસ મહેતાના જમાઇ. ૨૮/૦૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૦૧/૦૨/૨૫ના શનીવાર ૪થી ૬. શ્રી દહાણુ દશા શ્રીમાળી વણિક વાડી. મસોલી, દહાણુ વેસ્ટ.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળ હળવદ નિવાસી હાલ અમદાવાદ લીલાબહેન પંચોલી (ઉં.વ.૯૨) તા.૨૯.૧.૨૫ના બુધવારે દેવલોક પામ્યા છે. તે સ્વ.નરહરિભાઈ પંચોલીના પત્ની. યતિશભાઈ પંચોલી, નીતિનભાઈ પંચોલી, હીનાબેન શુકલના માતુશ્રી. રીટાબહેન પંચોલી, કવિતાબહેન પંચોલી, હેમંતકુમાર શુકલના સાસુ. શ્યામલ, ધ્રુવી, પાર્થ, દીપાલી, દૃષ્ટિના દાદી. ઋચા, માનુષના નાની. પ્રાર્થનાસભા તા. ૩૧.૧.૨૫, શુક્રવારે ૪.૩૦ થી ૬.૩૦. ૫, જયભારત સોસાયટી, જૈન મર્ચંટ સોસાયટી પાસે, ફતેહપુરા, પાલડી, અમદાવાદ.

**લોહાણા**

અમરેલીવાળા હાલ કલ્યાણ અ.સૌ.જયાગૌરી ઠક્કર (ભીમજીયાણી) (ઉં.વ. ૮૩) મંગળવાર તા.૨૮/૦૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે બળવંતરાયનાં ધર્મપત્ની. અમરસિંહ માવજી સૂચકના પુત્રી. દિનેશભાઈ, મહેશભાઈ, નયનાબેન દિલીપકુમાર, અનિતાબેન રમેશકુમારનાં માતુશ્રી. પારુલબેન, દક્ષાબેનનાં સાસુ. જિજ્ઞાસા સ્મિતકુમાર, અમીબેન સનુજ, નિધિ ઠક્કર, સમીર, મિહિર, એકતા, વેદાંત રૂપારેલનાં દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા.૩૦/૦૧/૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. માતુશ્રી શ્યામભાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ખંડવાનિવાસી હાલ વિરાર હેમંતભાઈ (રાજુ) (ઉં.વ.૬૨) સ્વ.પ્રવીણાબેન તથા નરોત્તમદાસ હરિદાસ બાબરિયાના પુત્ર, હીનાના પતિ, નિયતિ, હનીના પિતા, કીર્તિબેન ભૂપેન્દ્ર, જયશ્રી બિપિન, ગીતા દીપક, મીના મયૂર, નમિતા મુકેશ, દિલીપ બાબરિયાના મોટાભાઈ, સુધાબેન ઠાકોરભાઈ પટેલના જમાઈ, ગૌરવના મોટાપપ્પા, મંગળવાર તા.૨૮ જાન્યુઆરીના શ્રીજીચરણ પામ્યા છે. સાદડીપ્રથા બંધ છે. હેમન્ત નરોત્તમદાસ બાબરીયા, બી/૩, ન્યૂ દીપ્તિ હાઉસિંગ સોસાયટી, સાઈ શ્રદ્ધા બિલ્ડિંગની બાજુમાં, અક્ષય સોસાયટીની પાછળ, જીવદાની રોડ, વિરાર ઈસ્ટ.

## સૈફ કેસમાં સોશિયલ મીડિયામાં ખોટી માહિતી ન ફેલાવોઃ સરકાર

મુંબઈઃ બોલીવૂડ એક્ટર સૈફ અલી ખાનને મામલે છેલ્લા ૧૫ દિવસથી મોટી ચર્ચા ચાલી રહી છે. હવે ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમે મોટું અપડેટ આપ્યું છે. કદમે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સૈફ અલી ખાન કેસ વિશે પહેલા જ માહિતી આપી દીધી છે. પોલીસ તમામ પુરાવા એકત્ર કરશે અને જરૂર પડ્યે સત્તાવાર નિવેદન જારી કરશે. તેમણે આપેલી તમામ માહિતી રેકોર્ડ કરવામાં આવશે.'' તેમણે મીડિયા અને પત્રકારોને સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ન ફેલાવવા વિનંતી કરી હતી.

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. આ કેસમાં આરોપીનું નામ મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ છે. આરોપી હાલ ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

દરમિયાન સૈફ અલી ખાન હુમલા કેસની તપાસ કરી રહેલી પોલીસને વધુ મહત્ત્વના પુરાવા મળ્યા છે. આ બાબતે મુંબઈ પોલીસે માહિતી આપી છે. હાલમાં જ એડિશનલ પોલીસ કમિશનર પરમજીત સિંહ દહિયાએ સૈફ અલી ખાન હુમલા કેસ સંદર્ભે આરોપીની ઓળખ, આરોપીઓની ફિંગર પ્રિન્ટ વિશે માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે આરોપીઓ સામે મજબૂત પુરાવા છે.

## વાલ્મિક કરાડે જે કારમાં આત્મસમર્પણ કર્યું તેના માલિક સામે દારૂ વેચવાનો કેસ

છત્રપતિ સંભાજીનગરઃ ખંડણીના કેસના આરોપી વાલ્મિક કરાડ દ્વારા ઉપયોગમાં લેવાયેલી કારના માલિકના પિતા વિરુદ્ધ ડ્રાય ડે ના દારૂ વેચવા બદલ પોલીસે એફઆઇઆર નોંધ્યો છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એનસીપીના નેતા ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પુણેમાં ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ની ઓફિસમાં આત્મસમર્પણ કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર કરાડ દ્વારા ઉપયોગમાં લેવાતી કાર શિવલિંગ મોરાલે તરીકે ઓળખાતી વ્યક્તિની હતી.

બીડના નેકનુર પોલીસે રવિવારે શિવલિંગ મોરાલેના પિતા પાંડુરંગ મોરાલે અને અન્ય એક વ્યક્તિ વિરુદ્ધ મહારાષ્ટ્ર પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓ હેઠળ 'ડ્રાય ડે' પર કથિત રીતે દારૂ વેચવા બદલ કેસ નોંધ્યો હતો. આ ઉપરાંત પોલીસે બીડના કારેગાવન રોડ પર સ્થિત એક બાર પાસે આરોપી પાસેથી દેશી દારૂની ૩૯ બોટલો પણ જપ્ત કરી હતી અને તેને નોટિસ જારી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં બીડના એનસીપી (એસપી) સાંસદ બજરંગ સોનવણેએ આરોપ લગાવ્યો હતો કે જે કારમાં વાલ્મિક કરાડ છેડતીના કેસમાં આત્મસમર્પણ માટે પહોંચ્યા હતા તે કાર અગાઉ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના કાફલાનો ભાગ હતી.(પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com



# સ્વતંત્ર ભારતનાં પ્રથમ રાજદૂતઃ વિજયલક્ષ્મી પંડિત

**સ્વતંત્રતા સેનાની સરૂપકુમારીનું નામ સાંભળ્યું છે ?**

આ સવાલનો જવાબ મુખ્યત્વે નકારમાં જ મળશે. પરંતુ આ પ્રશ્નમાં સ્વરૂપકુમારીને સ્થાને વિજયલક્ષ્મી પંડિત નામ મૂકી દેવામાં આવે તો તરત જ એમની ઓળખાણ પડશે. આપણે એમને વિજયાલક્ષ્મી પંડિત તરીકે ઓળખીએ છીએ, પણ એમનાં લેખિકા દીકરી નયનતારા સહેગલે માતાના નામનું ઉચ્ચારણ વિજયલક્ષ્મી પંડિત તરીકે કર્યું છે. વિજયલક્ષ્મી પંડિત એટલે ઉત્તર પ્રદેશના પ્રસિદ્ધ વકીલ મોતીલાલ નેહરુ અને સ્વરૂપરાણીનાં દીકરી. ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનાં બહેન, ભારતનાં પ્રથમ મહિલા વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીનાં ફોઈ અને ઇન્દિરાના પુત્ર તથા ભારતના વડા પ્રધાન રાજીવ ગાંધીના નાનાજીની બહેન... આવા મશહૂર પરિવારના વિજયલક્ષ્મી પંડિતનો પરિચય કૌટુંબિક પૃષ્ઠભૂમિનો મોહતાજ નહોતો. વિજયલક્ષ્મીની પોતાની આગવી ઓળખ હતી. તે એ કે વિજયલક્ષ્મી બ્રિટિશ રાજમાં પ્રથમ કેબિનેટ મંત્રી હતાં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનાં પ્રથમ મહિલા પ્રમુખ અને મહારાષ્ટ્રનાં રાજ્યપાલ પણ હતાં. પણ એમની મુખ્ય અને મહત્ત્વની ઓળખ એ હતી કે એ સ્વતંત્ર ભારતનાં પ્રથમ મહિલા રાજદૂત હતાં ! તેમણે મોસ્કો, લંડન અને વોશિંગ્ટનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ભારત સરકારે એમના પ્રદાનને બિરદાવવા ૧૯૬૨માં વિજયલક્ષ્મીને દ્વિતીય સર્વોચ્ચ સન્માન પદ્મવિભૂષણથી પુરસ્કૃત કર્યાં હતાં !

આ વિજયલક્ષ્મીનો જન્મ ૧૮ ઓગસ્ટ ૧૯૦૦ના રોજ થયો. માતા સ્વરૂપરાણી અને પિતા મોતીલાલ નેહરુ. ઉત્તર પ્રદેશના નામી વકીલ. વિજયલક્ષ્મીનું બાળપણનું નામ માતાને નામે સરૂપકુમારી હતું. નેહરુ પરિવારની વૈભવી જીવનશૈલીને અનુરૂપ સરૂપનું શિક્ષણ અને ઘડતર થયું. એવામાં ૧૯૧૯માં ગાંધીજી નેહરુ પરિવારના મહેમાન બન્યા. મોતીલાલના નિવાસસ્થાન આનંદ ભવનમાં રોકાયા. સરૂપ બાપુથી પ્રભાવિત થઈ. સ્વતંત્રતા સંગ્રામમાં ઝુકાવ્યું. અસહકાર આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો. ૧૯૨૦માં, સરૂપ વીસ વર્ષનાં હતાં, ત્યારે મોતીલાલે એક યુવા એડવોકેટ રણજિત સીતારામ પંડિત સાથે તેમની ઓળખાણ કરાવી. સરૂપ અને રણજિતનાં લગ્ન લેવાયાં. વર્ષ ૧૯૨૧ અને મે મહિનો. ગાંધીજી ખાસ આ લગ્નમાં હાજરી આપવા અલાહાબાદ આવેલા.

બાપુના આશીર્વાદ લઈને જોડું રણજિતના ઘર ભણી ઊપડ્યું. નવવધૂ સરૂપકુમારીએ રાજકોટમાં સાસરે ગૃહપ્રવેશ કર્યો ત્યારે તેને વિજયલક્ષ્મી એવું નવું નામ આપવામાં આવ્યું. સંયુક્ત પરિવારમાં એક વર્ષ રહ્યા બાદ દંપતીએ દિલ્હી સ્થળાંતર કર્યું. રણજિત અને વિજયલક્ષ્મીએ ફરી એક વાર સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિયપણે સામેલ થવાનું શરૂ કર્યું. ત્રણ પુત્રીઓ સહિતના પરિવારની વધતી જતી જવાબદારીઓ છતાં બન્ને આઝાદી આંદોલનમાં ભાગ લેતાં હતાં. પણ વિજયલક્ષ્મી સંવેદનશીલ અને વિચારશીલ માતા હતાં. તેમણે એ વાતનું ધ્યાન રાખ્યું કે તેમના જેલગમનને તેમની દીકરીઓ એક રોજબરોજની વાસ્તવિકતા તરીકે સ્વીકારે. રણજિતને આઝાદીની લડતમાં ભાગ લેવા બદલ ધરપકડનું પહેલવહેલું વોરંટ મળ્યું, ત્યારે તેમણે ચોકલેટ કેકનો ઓર્ડર આપ્યો હતો અને દીકરીઓ સાથે એક ટી-પાર્ટી કરેલી.

રણજિતને પગલે વિજયલક્ષ્મીએ પણ જેલવાસ માટેની પૂર્વતૈયારી કરી લીધી. ૧૯૨૯માં મોટા ભાઈ જવાહરલાલ નેહરુના પ્રમુખપદે મળેલા કોંગ્રેસના લાહોર ખાતેના અધિવેશનમાં સંપૂર્ણ સ્વતંત્રતાના કોંગ્રેસના ધ્યેયનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તે સાથે વિજયલક્ષ્મી રાષ્ટ્રીય ચળવળમાં વધુ સક્રિય થયાં. ૨૭ જાન્યુઆરી ૧૯૩૨ના રોજ વિજયલક્ષ્મીની ધરપકડ થઈ. એક વર્ષની કેદ અને દંડ કરાયાં. જેલવાસમાંથી બહાર આવ્યા બાદ વિજયલક્ષ્મી ૧૯૩૫માં, બ્રિટિશરાજમાં ભારતનાં પ્રથમ મહિલા મંત્રી બન્યાં. ૧૯૩૭માં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં વિધાનસભામાં ચૂંટાયાં. ગોવિંદવલ્લભ પંતના મંત્રીમંડળમાં સ્થાનિક સ્વરાજ અને જાહેર આરોગ્ય ખાતાનાં મંત્રી બન્યાં. તેમણે ગામડાંમાં પીવાનું પાણી, બાળકો માટે દૂધની યોજના, યુવકો માટે રમતનાં મેદાનો, મેળા-બજારો અને પ્રદર્શનો માટેની જગ્યાની વ્યવસ્થા અંગે જરૂરી કામગીરી કરેલી.

બે વર્ષ પછી, કોંગ્રેસી મંત્રીમંડળોએ ૧૯૩૯માં રાજીનામાં આપ્યાં. ૧૯૪૦-'૪૧માં કોંગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહની ઘોષણા કરી. વિજયલક્ષ્મી એમાં જોડાયાં. તેમની ધરપકડ કરીને ડિસેમ્બર, ૧૯૪૦માં ચાર મહિનાની સજા કરાઈ. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લેવા બદલ ફરી ધરપકડ અને નવ મહિના સુધી અટકાયતમાં. બે વર્ષ બાદ ૧૯૪૪માં કઠોર કારાવાસની સજા ભોગવીને બહાર આવેલા રણજિત પંડિતનું ૧૪ જાન્યુઆરી ૧૯૪૪ના નિધન થયું. વિજયલક્ષ્મીએ નવેસરથી શરૂઆત કરી. રાજકીય કારકિર્દીમાં ગંભીરતાથી જોતરાઈ ગયાં. ગાંધીજીએ તેમને અમેરિકા જઈ ત્યાંના લોકોમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અંગે જાગૃતિ આણવા પસંદ કર્યાં હતાં. ૧૯૪૫માં પોતાનું કામ પૂરું કરી જયારે તેઓ ભારત પાછાં ફર્યાં ત્યારે એક 'જનનાયિકા'ની માફક આવકારવામાં આવ્યાં.

બે વર્ષ પછી, ભારતની આઝાદીના થોડા દિવસો પૂર્વે વિજયલક્ષ્મીને રશિયામાં ભારતીય રાજદૂત તરીકે મોકલવામાં આવ્યાં. થોડાં વર્ષો બાદ આ જ હોદ્દા પર તે અમેરિકા અને ઇંગ્લેન્ડ ગયાં. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતીય પ્રતિનિધિમંડળનાં નેતા તરીકે તેમણે ૧૯૪૬થી ૧૯૪૮, ૧૯૫૦ તથા ૧૯૬૩માં કામગીરી બજાવી. ૧૯૪૭થી ૧૯૪૯ સુધી સોવિયેત સંઘમાં; ૧૯૪૯થી ૧૯૫૨ સુધી અમેરિકા અને ૧૯૪૯-'૫૧ દરમિયાન મેક્સિકોમાં તથા ૧૯૫૪થી ૧૯૬૧ સુધી ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ અને સ્પેનમાં એકસાથે રાજદૂત હતાં. ૧૯૫૨ અને ૧૯૬૪ની ચૂંટણીમાં લોકસભાનાં સભ્ય તરીકે ચૂંટાયાં.. ૧૯૬૨થી ૧૯૬૪ સુધી મહારાષ્ટ્રનાં રાજ્યપાલ હતાં. ૧૯૬૨માં વિજયલક્ષ્મીની સેવાઓને બિરદાવતાં ભારત સરકારે તેમને દ્વિતીય સર્વોચ્ચ સન્માન પદ્મવિભૂષણથી પુરસ્કૃત કર્યાં. જોકે કટોકટી લાદવાના મુદ્દે ભત્રીજી અને વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી સાથે મતભેદ થતાં વિજયલક્ષ્મીએ રાજકીય સંન્યાસ લઈ લીધો. દીકરીઓ તથા તેમના પરિવારો સાથે દહેરાદૂનમાં શાંતિમય જીવન ગાળ્યું. ૧૯૩૯માં સો આઈ બિકેમ એ મિનિસ્ટર, ૧૯૪૬માં પ્રિઝન ડેઝ અને ૧૯૫૮માં ઇવોલ્યુશન ઓફ ઈન્ડિયા જેવાં પુસ્તકો લખ્યા પછી ૧૯૭૯માં આત્મકથા ધ સ્કોપ ઓફ હેપ્પીનેસ-એ પર્સનલ મેમોઈર લખી. એમાં લખેલું કે, હવે જયારે સંધ્યા આવી પહોંચી છે, ત્યારે હું તેને આવકારું છું, કારણ કે હું જાણું છું કે એના પછી જે અંધકાર આવશે તે એક બીજા દિવસની શરૂઆત હશે! ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# જાન બચી તો...



**એકવાર હું માંદી પડી.** ડોક્ટરે કહ્યું, કદાચ કમળા જેવું લાગે છે. હોસ્પિટલ ભેગાં કરી દઈએ તો તમારા ઘરે ટેન્શન ઓછું. નબળાઈ ઘણી લાગે છે. એટલે જરૂર પડે તો ગ્લુકોઝના બાટલા ચડાવી દઈશું.

મેં ખાટલે પડ્યાં પડ્યાં પણ મારો ઓપિનિયન આપ્યો. (મને ડોક્ટર ઉપર ખીજ હતી. એ શું? જરીક થાય એટલે હોસ્પિટલ ભેગાં કરી દો! પછી હોસ્પિટલનાં મોટાં મોટાં બિલ શરૂ.) મેં કહ્યું, 'એટલી પણ અશક્તિ હજી આવી નથી. હું દર કલાકે ગ્લુકોઝનું પાણી પીવાનું ચાલુ રાખીશ. ગ્લુકોઝ તમારા બાટલા વાટે જાય, કે પછી અમારા ગ્લાસ વડે. બંને આમ તો સરખું જ કહેવાય.'

'ડોક્ટર તમે છો?' ડોક્ટર ગુસ્સામાં બોલ્યા, એટલે પતિદેવ પણ ડબલ ગુસ્સામાં બોલ્યા.

'જેનું કામ જે કરે. ડોક્ટરને એનું કામ કરવા દે. તારું કામ આરામ કરવાનું છે. તે કર અને ઊંઘી જા. તારા અભિપ્રાયની જરૂર હશે, ત્યારે તને પૂછશું. સમજી?' (કોઈને હાથે કરીને કૂવામાં પડવું હોય, તો એને તો ભગવાન હો નહીં બચાવી શકે. આપણે હું... આપણે તો અહીંયા હો હૂવાનું, ને ત્યાં હો હૂવાનું... ત્યાં અને અહીંના આંટા મારહે, ત્યારે ભાઈને ખબર પડહે કે કેટલે વીહે હો થાય!)

આખરે ડોક્ટર અમને હોસ્પિટલ ભેગાં કરીને જ રહ્યા. ડોક્ટરનો ચહેરો ખાસ્સો ખીલી ઊઠ્યો હતો. કારણ કે એમની પાંચ બેડની હોસ્પિટલમાં બધા બેડ ખાલી હતાં. એક રિસેપ્શનિસ્ટ, કમ આયા, કમ નર્સ, એની તૂટવા આવેલી ખુરશી પર બેસી ઝોકાં ખાતી હતી. અમારાં જવાથી એની ચેતનામાં પણ સંચાર થયો. (કદાચ એનો મહિનાભરનો પગાર મારાં બિલમાંથી આપવાનો કારસો ડોક્ટરે ગોઠવ્યો હશે, એમ મને લાગ્યું.)

એટલામાં પલંગ નીચેથી ચાર-પાંચ ઉંદરડાને દોડાદોડી કરતાં જોઈને મને કંપારી છૂટી. (અહીં કમળાની સાથે બીજો કોઈ રોગ ફ્રીમાં આપવાનો કારસો પણ કર્યો લાગે છે. જેથી આવેલ દર્દી ફરી ફરી આવતો જ રહે.) મેં પેલાં બેનને ઇશારો કરી બોલાવ્યાં. પેલાં બેને કહ્યું, 'મારું નામ નિશા છે. તમને જ્યારે પણ જરૂર પડે, મને બૂમ મારજો. હું ચોવીસ કલાક અહીં જ ડ્યૂટી કરું છું. હોસ્પિટલના લગભગ તમામ કામ હું જ એકલે હાથે કરી લઉં છું.' (મને પણ આ તમામ કરી દે એવી લાગે છે....! નિશા ખરેખર મને નિશાની ગર્તામાં લઈ જશે કે શું?)

મેં કહ્યું, 'બહેન, મને અહીં મૂકીને (નાખીને) મારા પતિ અને ડોક્ટર બંને ક્યાં ગયા છે?'

'તમારા પતિ ડોક્ટરે લખેલ દવા અને ગ્લુકોઝ બોટલ લેવા ગયા છે.' (બોટલ લેવા ગયા છે કે પછી ડોક્ટર સાથે બોટલ લઈને તો નથી બેઠા ને? સાંજના સાત થવા આવ્યા છે. એટલે કંઈ કહેવાય નહીં!)

થોડીવારમાં અમારા મહોલ્લાના ચાર-પાંચ કપલ એકસાથે ધસી આવ્યાં. કપિલાબહેન બોલ્યાં, 'હાય... હાય! હું થીયું તને...? મહોલ્લાવાળાને કીધાં વગર જ દાખલ થેઈ ગયાં? કીધું હતે તો એક નાની લક્ઝરી જેવું કરીને હાથે આવતે. (જાણે જાનમાં જવાનું હોય, તેમ લક્ઝરી કરવાની મોટી!) તે તને અહીંયા લાખીને રોહન ક્યાં ભટકે છે? ને આ હું? આ તે ઉંદરડાનું પાંજરું છે કે હોસ્પિટલ?'

એકસરખી ધાણી ફૂટે, એમ કપિલાની લવારી ચાલતી રહી. એની વાત પૂરી થાય એ પહેલાં એને વચમાં જ કાપીને મંજુબેન બોલ્યાં, 'બેઉ પોયરાંને ઘરે કોના ભરોહે મૂકી આયવાં? અમને કે'તે તો અમે સાચવતે ને?' (તું મોટી મારાં પોયરાં સાચવવાની! હોસ્પિટલમાં ખબર કાઢવા આવી, પણ બે-ચાર મોસંબી હો તો લેયને નથી આવી અને મોટી સફાઈ મારે છે!)

એટલામાં બે બિલાડી અને એક બિલાડાનો લડવાનો અવાજ આવ્યો. મેં મારી બાજુમાં ઊભેલી નિશા સામે જોયું. એણે ખુલાસો કરતાં કહ્યું કે ઉંદરોને ભગાડવા આ ત્રણ બિલાડા પાળેલાં છે. (હવે બિલાડાને દૂધ પાવા માટે બે-ત્રણ ભેંસ પણ બાંધી દો. જેથી બીજા ખાલી ખાટલા ભરેલા લાગે ને બહાર 'પશુનું દવાખાનું' એવું બોર્ડ મારી દો.)

ત્યાં કપિલાના હસબન્ડ ગુસ્સાથી બોલ્યા, 'નિશાબેન, આ હોસ્પિટલમાં શાંતિ જેવું કંઈ લાગતું નથી. એક બાજુ ઉંદરડાનું ચૂં ચૂં અને બીજી બાજુ બિલાડાનું મ્યાઉં મ્યાઉં... ને ક્યાં છે ડોક્ટર? ટ્રીટમેન્ટ તો કશી આપતા નથી.'

મંજુબેનના હસબન્ડ કંઈ પાછા પડે? એણે ચલાવ્યું, 'મને તો લાગે છે કે હજી બે-ચાર પેશન્ટની ભરતી થશે, પછી બધાની એકસામટી ટ્રીટમેન્ટ શ થશે.'

નિશાના મુખ ઉપર હવે ખરેખર નિશાના (રાતના) પડછાયા ઊભરી આવ્યા. એ બોલી, 'તમે શાંતિ રાખો. પેશન્ટને આરામની જરૂર છે.'

ત્યાં કપિલા બરાડી. 'પહેલાં તું બિલાડા અને ઉંદરડાને બહાર કાઢ, પછી બીજી વાત. પેશન્ટ સારો તો થતાં થશે, પણ બીજા રોગ પણ લઈને જશે. એ વાત નક્કી છે.

એટલામાં કદાચ ગભરાઈને નિશાએ મારું પ્રેશર માપવું શરૂ કર્યું. ત્યાં ડોક્ટર પ્રવેશ્યા. એની પાછળ રોહન અને બાળકો પણ આવ્યાં. ડોક્ટરે પાંચ વાર મારા હાથમાં સોય ભોંકી, ત્યારે માંડ એક સોય અંદર ગઈ... અને એ સાથે લોહી વહેવું શરૂ થયું. હવે મારી ધીરજ ખૂટી ગઈ હતી. બાળકોનું રડવાનું શરૂ થઈ ગયું. ત્યાં બાજુવાળા રમેશભાઈ દોડતાં હાફતાં ધસી આવ્યા અને બોલ્યા, 'રોહન, તું ભાભીને ક્યાં લઈ આવ્યો? આ તો ખરેખર પહેલાં પશુઓનું દવાખાનું હતું. અહીં પશુ ઉપર આ જ ડોક્ટર પ્રયોગો કરતા હતા. એણે કંઈ કેટલાં જીવતા પશુઓને ખોટી દવા, ઇન્જેક્શનો આપીને ઉપર પહોંચાડ્યાં છે. મને ખબર પડી કે તમે અહીં આવ્યાં છો, એટલે હું મારતે ઘોડે આવ્યો છું. આ ડોક્ટર પાસે દસ પ્રકારની ખોટી ડિગ્રીઓ છે. પશુઓ માર્યાં, હવે માણસો ઉપર પ્રયોગો કરે છે! કાલનું છાપું નથી વાંચ્યું?'

ખાટલા નીચે 'પશુનું દવાખાનું' એવું લખેલું બોર્ડ, કપિલાએ વાંકી વળીને ખેંચી કાઢી બધાને બતાવ્યું. નિશા તો ક્યારે પલાયન થઈ ગઈ તે ખબર જ નહીં પડી અને અમારા મહોલ્લાવાળાએ ડોક્ટરની સરસ ખબર લીધી.

મેં રોહન સામે આંખ કાઢતાં કહ્યું, 'મને ઘર ભેગી કરવી છે કે પછી તારે મને...? ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આવી ઠેલણવૃત્તિના 'શિકાર' બનતા બચો..!



**રીમાની** અંદર ઠેલણવૃત્તિ ઠાંસોઠાંસ ભરેલી હતી. આમ બધી રીતે હોશિયાર રીમાની આ કુટેવ એને લગભગ દરેક જગ્યાએ પાછળ પાડી દેતી. સ્કૂલથી નક્કી કરીને આવી હોય કે આજે તો બધું હોમવર્ક સાંજ પહેલા પતાવી દેવું છે અને અચાનક એ કરવાનું છોડી દે એવા વિચારે કે હજુ ઘણો સમય છે, પછી કરી લઈશ. જોકે, એ 'પછી' ક્યારેય આવતું નહી અને જો આવે તો પણ છેલ્લી ઘડીની મારામારી સાથે કરેલાં કામમાં કોઈ ભલીવાર રહેતી નહીં. આજ આદતથી સ્કૂલમાં ક્લાસમેટ્સ એને જાહેરાતમાં આવતા 'લાસ્ટ મિનિટ લડુ'ના નામથી ચીડવવા પણ લાગ્યા હતા. નાનપણમાં તો મમ્મી એનું જીવન મેનેજ કરતી એટલે ખ્યાલ નહોતો આવતો, પણ દરેક કાર્ય છેલ્લી ક્ષણે કરવાની આ કુટેવ રીમાની અંદર ધીમે-ધીમે ઊભરતી ગઈ, જે તરુણાવસ્થાએ એની ટોચ પર પહોંચી ગઈ હતી..

રીમાના પેરેન્ટ્સ એને સતત આ વૃત્તિ અંગે ટોકતા. અનેકવાર સમજાવતા-વઢતા-સજા આપતા, પણ રીમાના મગજને એ સમજવામાં પણ જાણે ઠેલણવૃત્તિ આડી આવતી. પેરેન્ટ્સ જ્યારે એને કંઈક સમજાવતા હોય ત્યારે એ વિચારતી કે 'જવા દે ને અત્યારે નહીં... પછી સમજી લઈશ.' રીમાના શિક્ષકો પણ એને ઠપકો આપતા કે, 'કેમ તું કોઈ પણ વસ્તુ સમય પર નથી કરતી? હોશિયાર હોવા છતાં શા માટે આવું વર્તન તારે કરવું પડે છે?'

એનો જવાબ રીમા પાસે હતો. એ જાણતી હતી પોતાની procastination- વિલમ્બની વૃત્તિને.

જે દરેક વાતે આડે આવતી એ હકીકતથી રીમા અજાણ નહોતી. રીમાને સુધરવું નહોતું એવું પણ નહોતું. એ રોજ જાતને પ્રોમિસ આપતી કે, કાલથી પોતે આવું કંઈ નહીં કરે, પણ સવાર પડતા બેન હતા ત્યાંને ત્યાં !

'હજુ ઘણી વાર છે' કહી રીમા પરીક્ષાના છેલ્લા દિવસ સુધી વાંચતી નહીં. પ્રોજેક્ટ સબમીટ કરવામાં તો 'ઘણો સમય છે' કહી દિવસો સુધી એના પર નજર સુધ્ધાં નાખતી નહીં. ઘરમાં કોઈ કામ સોંપ્યુ હોય તો પણ એ જ એની પેલી બેઢંગી રફતાર. તારીખો જતી રહે, પણ રીમા છેક સુધી હલબલે નહીં. છેલ્લી મિનિટ સુધી રીમા બિન્દાસ ફરતી હોય ને જ્યારે બધું માથે આવી પડે ત્યારે પછી એની પાસે ના તો સમય રહે કે ના કંઈ વિચારવાની ક્ષમતા. ઘણી વખત એ પ્લાનિંગ બનાવતી, ટાઈમ ટેબલ્સ બનાવતી. મનોમન વિચાર કરતી કે આ વખતે તો પહેલેથી જ મારે ટાર્ગેટને વળગી રહેવું છે, પણ દિવસ જતાં-જતાં તો રીમાની અંદર આળસ મરડાયને બેઠી થઈ જતી.

રીમાના પેરેન્ટ્સ એને મદદ કરવાની ઘણી કોશિશ કરતાં , પણ એ જ્યારે પોતાની જાતને જ મદદ કરવામાં નહોતી માનતી ત્યારે બહારથી આપવામાં આવતું કોઈ પણ પ્રકારનું મોટિવેશન-પ્રેરણા એને કઈ રીતે સ્પર્શી શકે...? એ બહુ આરામથી સોશિયલ મીડિયા કે મિત્રો સાથેની વાતોમાં પરોવાઈ જતી. વીડિયો ગેમ્સ અને ઈતર પ્રવૃત્તિઓમાં પોતાની જાતને એવી રીતે ડુબાડી દેતી કે કરવા જેવું મૂળ કાર્ય કરવાનો એની પાસે સમય ના રહે એટલે એને બહાનું મળી જતું કે આજે હવે સમય નથી તો હવે મારું કામ હું કાલે કરીશ.

ધીરે-ધીરે એવું થવા લાગ્યું કે, રીમાને કોઈ જવાબદારીવાળું કાર્ય સોંપવાનું બંધ થયું. પેરેન્ટ્સ રીમા કરતાં એની નાની બહેન પર વધારે ભરોસો કરવા લાગ્યાં. સ્કૂલમાં એને કોઈ લીડરશીપ આપવામાં આવતી નહીં, જેમકે, પ્રોજેક્ટ હેડ કે પછી ડિસિપ્લિન હેડ.... ફ્રેન્ડ્સ પણ એને કોઈ નોટ્સ આપવામાં અચકાતા કે 'તું કંઈ એક દિવસમાં આને પાછી નહીં આપે.'

હવે ટીનએજમાં માત્ર આ ઠેલણવૃત્તિ એકલી થોડી હોય? સાથોસાથ ઈગો પણ બરાબર ભરાયેલો હોય છે. એટલે રીમાને આ બધું કઠતું, પણ આદત સે મજબૂર... એ કોઈ એક્શન લઈ શકતી નહીં. દિવસો પસાર થતાં જાય છે. સ્કૂલમાં હેડ ગર્લના ઈલેક્શન આવીને ઊભા રહે છે. રીમાને લાગે છે પોતે આ પદ માટે સંપૂર્ણપણે લાયક છે. એ જોરશોરથી એની તૈયારીઓમાં મચી પડે છે. જોકે અહીં પણ એની છાપ નડી જાય છે. શિક્ષકોની નિર્ણાયક પેનલ એ સોંપેલાં કામ પૂરા કરવામાં બહુ ઢીલી પડશે એમ વિચારી એને હેડગર્લની રેસમાંથી એને બાકાત કરી દેવામાં આવે દે છે. રીમાના માથે આ નિર્ણય ઘણ માફક વાગે છે. એ બધાથી દૂર લાઈબ્રેરીમાં સૂનામૂન બેસી રહે છે. પોતાની જાતમાં સુધારો કેમ અને કેવી રીતે લઈ આવવો એ રીમાને સમજાય નથી રહ્યું. ત્યાં એની નજર સામે પડેલાં પુસ્તકોના ઢગલામાં પડેલી નાની એવી પુસ્તિકા પર પડે છે.

એનું મથાળું છે : 'હાઉ ટુ ઓવરકમ પ્રોક્રાસ્ટિનેશન'. રીમાને તો ભાવતું તું ને વૈદ્યે કીધું. ઝટ્-ઝટ્ એ પુસ્તક ઈસ્યુ કરાવી એને બેગમાં સરકાવી દીધું.

ઘેર પહોંચી પહેલું કામ એણે એ પુસ્તક વાંચવાનું કર્યું. પુસ્તકના પાને- પાને એને પોતાના પ્રોબ્લેમ્સ જડતાં ગયા,જેના ઉપાય પણ એમાં સરળ રીતે સમજાવેલા હતા. પુસ્તક વાંચવામાં તલ્લીન બનેલી રીમા છેક મધરાતે એને બંધ કરે છે. અંદરથી એ ખુશખુશાલ છે. એને પોતાના પ્રશ્નોનો ઉકેલ મળી ગયાનો આનંદ છે. સાથોસાથ જાતે સમસ્યાનો તોડ શોધ્યાનો સંતોષ પણ ઉછાળા મારી રહ્યો છે.

જોકે, રીમા એ પુસ્તકમાં લખાયેલા ઉપાયોને કઈ રીતે જીવનમાં અમલમાં મૂકશે એનો કોઈ પાક્કો અંદાજ તો એને ખુદને નહોતો, પણ સવાર પડતાં હવે શું કરવાનું છે એની ખબર હતી. કહે છે ને કે,'જાગ્યા ત્યારથી સવાર'. એ ઉક્તિ મુજબ રીમાના તરુણ જીવનમાં જાણે મધરાતે સૂરજ ઊગવાની શરૂઆત થઈ ગઈ હતી. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જનઃ સ્ત્રી

એવી કઈ અદ્ભુત ક્ષણ હશે જ્યારે ઈશ્વરને ‘સ્ત્રી’નું સર્જન કરવાનું સૂઝ્યું હશે?

- આખાયે વિશ્વના સર્જનહાર ‘સ્ત્રી’નું સર્જન કર્યું છે.

- કારણ કદાચ તેમને જ્ઞાન હશે કે ‘સ્ત્રી’ જ સર્જી શકે છે પ્રેમનું સાચું સગપણ.

- શક્તિનું સાચું રૂપ છે ‘સ્ત્રી’ અને તેથી જ આપણે વંદન કરતાં કહીએ છીએ કે -

।। या देवी सर्व भूतेषुः
शक्ति रुपेण संस्थिताः
ॐ नमः तस्ये, नमः तस्यै नमो नमः।।

- સ્ત્રી
* સંસ્કારો,
* સમન્વય,
* સહિષ્ણુતા,
* સદાચાર અને
* સહનશીલતાનો સરવાળો છે.

- ‘સ્ત્રી’ના ઘણાંય રૂપ છે, જેમ કે -
* મા,
* દીકરી,
* બહેન,
* ભાભી, દાદી વિગેરે વિગેરે... પરંતુ

- સર્વોપરી તેનું શ્રેષ્ઠ રૂપ છે ‘મા’. માના રૂપને શક્તિની ઉપમા આપવામાં આવી છે.
* પ્રેમ,
* કરૂણા,
* અને
* વાત્સલ્યની મૂર્તિ સમાન છે મા.



- સ્ત્રીને લક્ષ્મીજીનો અવતાર પણ કહી છે.

સનાતન સત્યઃ
* મકાનને ઘર બનાવી શકે છે સ્ત્રી.
* જીવનમાં મધુરતાનું સંગીત પાથરી શકે છે સ્ત્રી.
* ઉત્તમ ગૃહિણી.
* ઉત્તમ સહચારી, * ઉત્તમ એક ‘સ્ત્રી’... એક આર્યનારી જ બની શકે છે. તેથી
- સંસારરથને
- દુઃખ અને સુખના ભારથી,
- હિંમત અને હાસ્યથી ઉત્તમ સારથિરૂપ બની ‘સ્ત્રી’ જ ચલાવી શકે છે.
- તેથી જ ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે ‘સ્ત્રી’!

સ્ત્રીનો સાચો શણગારઃ
જ્યારે પણ દીકરીનો જન્મ થાય ને તેનાં પાવન પગલાં થાય એટલે લક્ષ્મીનાં વધામણાની ખુશાલી છવાઈ જાય છે. તેના જન્મની સાથે જ તેની ફરજો ને તેના હકોની ગાંઠો બંધાઈ જાય છે.

- ઘોડિયામાં ઝૂલતાં ઝૂલતાં... માતાની લોરી (હાલરડા)માં પણ જાણે દીકરીને સંસ્કારોના સૂર સંભળાય છે. - ઘોડિયાની બહાર પા-પા પગલી ભરતાં... ક્યાંક અથડાતાં જરા પડી જાય કે માર વાગે ત્યારથી જ સહનશીલતા ને સાંત્વનાના ગુણ શીખવવામાં આવે છે કે, ‘દીકરા...! આજે તો પહેલું ડગલું મૂકતાં અથડામણ આવી છે. બેટા, સંસારના ડગલે ને પગલે તારે આવી અનેક કસોટી અને સુખ-દુઃખની અથડામણો આવશે. તારે તેને સહન કરી, હિંમતભેર આગળ વધવાનું છે.’

- જેમ જેમ દીકરી મોટી થાય ને શાળામાં જાય તે દિવસથી જ તેને શીખવવામાં આવે છે,

- બેટા...! આ પાઠશાળાની સાથે તારે ગૃહસ્થ જીવનની પાઠશાળાના નિયમો પણ શીખવા પડશે. ગૃહશાળામાં ફક્ત ઘર અને રસોઈઘર નહીં પરંતુ જ્ઞાન અને વિજ્ઞાનની ભાષા સાથે
* પરખ,
* પરિચય,
* પરિવાર અને
* પ્રેમની પણ ભાષા શીખવી પડશે!

- રસોઈઘરમાં ડગલું માંડતાં જ ક્ષમા અને મિત્રભાવનાનાં મિષ્ઠાન શીખવવામાં આવે છે.

બોધઃ
- દૂધમાં જેમ સાકર ભળે તેમ પરિવારના દરેક સભ્ય સાથે ભળવાની શિખામણ આપવામાં આવે છે.
- ગોળના ગળપણથી પણ વધુ મીઠું મઘમઘતું પીયૂ સાથે સગપણ સાચવવાનો મહામૂલો બોધ કહે છે.
- આમ, દીકરીના સુંદરતાના સાજ-શણગાર... તેના બાળપણથી ‘માતા-પિતા’ના સંસ્કાર જ છે.
- ‘સ્ત્રીના સોળ શણગાર એટલે તેના સંસ્કાર જ.’

નોંધઃ- (દીકરી અને પિતાની અતૂટ ગાંઠ... વિશે આવતા અંકમાં રોશની નાખીશું.)

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# પ્લેન ડ્રેસ! વાઈ નોટ?

ઘણી મહિલાઓ પ્લેન ડ્રેસ પહેરવાનો પસંદ કરે છે.પ્લેન ડ્રેસ એટલે કે જે ડ્રેસમાં કોઈ જાતની પ્રિન્ટ કે ડિઝાઇન ન હોય તેને પ્લેન ડ્રેસ કહેવાય. પ્લેન ડ્રેસમાં ખાસ કરીને સ્ટાઈલિંગનું મહત્ત્વ હોય છે. પ્લેન ડ્રેસ એક સોલિડ અને સ્ટેટમેન્ટ લુક આપે છે. પ્લેન ડ્રેસમાં પણ ઘણી વેરાઇટી આવે છે. જેમકે, લેન્થ વાઇસ, ઓર ઓલ સ્ટાઇલિંગ વાઇસ,નેક લાઈન વાઇસ વગેરે. પ્લેન ડ્રેસ ઓફિસ જતી મહિલાઓ માટે બેસ્ટ ઓપશન છે. પ્લેન ડ્રેસ સાથે એક્સેસરીઝ મિક્સ એન્ડ મેચ કરવાના ઘણા ઓપશન હોય છે શર્ત માત્ર એટલીજ કે, તમને ફેશનની આગવી સૂજ હોવી જોઈએ.

ચાઈનીઝ કોલર- ચાઈનીઝ કોલર ડ્રેસ એટલે જે ડ્રેસમાં કુર્તાની નેકલાઇન ચાઈનીઝ કોલર આપવામાં આવી હોય. આ ડ્રેસ ખૂબ જ સિમ્પલ હોય છે છતાં એલિગન્ટ લાગે છે. ચાઈનીઝ કોલર એટલે કે બંધ ગળાનો કુર્તો.તમે કોઈ પદવી કે હોદ્દો ધરાવતા હોવ તો ચાઈનીઝ કોલર વાળો પ્લેન કુર્તો એક આગવી છાપ ઊભી કરશે. જયારે પણ ચાઈનીઝ કોલર વાળો કુરતો સિલેક્ટ કરો ત્યારે બ્રાઇટ કલર સિલેક્ટ કરવો. જેના લીધે એક અટ્રેક્ટિવ લુક આવે.

આ કુર્તા સાથે તમે તમારા બોડી ટાઈપ મુજબ એટલે કે, જો તમારું શરીર સુડોળ હોય તો તમે ચાઈનીઝ કોલર વાળા કુર્તા સાથે ફલેરી પ્લાઝો પહેરી શકો. અને જો તમારું શરીર ભરેલું હોય તો તમે આ પ્લેન કુર્તા સાથે લેગિંગ્સ પહેરી શકો.આ લુકને વધારે અટ્રેક્ટિવ બનાવવા તમને સ્ટેટમેન્ટ નેક પીસ પહેરી એક ઈમ્પ્રેસીવ લુક આપી શકો.

એસિમેટ્રિક હેમલાઇન -એસિમટરિક હેમલાઇન એટલે જે હેમલાઇન એક સરખી ન હોય અને હેમલાઈનનો કોઈ અલગ શેપ આપવામાં આવ્યો તેને એસિમેટ્રિક હેમલાઇન કહેવાય. જયારે પ્લેન ડ્રેસમાં એસિમેટ્રિક હેમર્લીન આપવામાં આવે ત્યારે તે વધારે એમફેસાઇઝ થાય છે. એસિમેટ્રિક ડ્રેસની લેન્થમાં ઘણા વેરિએશન આવે છે.જેમકે,જો તમારા એસિમેટ્રિક કુર્તાની એક સાઈડની લેન્થ ની પહેલા પૂરી થતી હોય અને બીજી સાઈડની લેન્થ કાફ સુધી આવતી હોય તો આ સ્ટાઇલના કુર્તા સાથે સિગાર પેન્ટ અથવા એન્કલ લેન્થ ચુડીદાર પેહરી શકાય.

જો કુર્તાને ડીપ ત્રિકોણ શેપની હેમલાઇન આપવામાં આવી હોય તો આ કુર્તા સાથે ફેલરી પ્લાઝો સારો લાગી શકે. સ્લીવ્ઝમાં પણ વેરિએશન આપી શકાય. જેમકે, બેલ સ્લીવ્ઝ, બલૂન સ્લીવ્ઝ, ઓવેર લેપિંગ સ્લીવ્સ વગેરે.પ્લેન ડ્રસમાં થોડી પણ આપેલી સ્ટાઇલિંગ ડિટેલિંગ ઊભરીને આવે છે.

એડ એક્સેસરીઝ-પ્લેન ડ્રેસ સાથે કોઈ પણ જાતની એક્સેસરીઝ પહેરવાથી તમારા ઓવર ઓલ લુકમાં એક એક્સ્ટ્રા એલિમેન્ટ એડ થાય છે. જેમકે ,પ્લેન ડ્રેસ સાથે સત્તેમનેટ નેક પીસ ખૂબ જ ઈમ્પ્રેસીવ લુક આપે છે. જો તમારો ડ્રેસ રોયલ બ્લુ કલરનો પ્લેન ડ્રેસ હોય તો કોન્ટ્રાસ્ટ કલરમાં નેક પીસ એટલે કે ઑફ વાઈટ, પિન્ક કે ઓરેન્જ કલરનું નેક પીઆઈએસ પહેરી શકાય.

જો બ્લેક, વાઈટ કે મરુન કલરનો પ્લેન ડ્રેસ હોય તો ઓક્સોડાઇસનું નેક પીસ પહેરી શકાય.જો તમને જ્વેલેરી ન પહેરવી હોય તો, તમે સ્કાર્ફ અથવા સ્ટોલ કેરી કરી શકો. પ્લેન ડ્રેસ સાથે સ્કાર્ફ એક ઈમ્પ્રેસીવ લુક આપશે.

સ્કાર્ફમાં પણ ઘણી વેરાઈટી આવે છે જેમકે, ચીફોન, રેયોન , સિલ્ક વગેરે. તમારા હોદ્દા પ્રમાણે તમે સ્કાર્ફના મટિરિઅલની પસંદગી કરી શકો. સ્કાર્ફ અથવા સ્ટોલને અલગ રીતે ડ્રેપ કરી પહેરવો જેથી તમારી એક આગવી પ્રતિભા ઊભી થાય. તમારી, શૂઝ અને બેગને પણ તમારા ડ્રેસ સાથે મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય. ખાસ કરીને પ્લેન ડ્રેસ સાથે બેગ કોન્ટ્રાસ્ટ કલરમાં લેવી જેથી તમારો ઓવરઓલ લુક અને બેગ બન્નેનો ઉઠાવ આવે. મેક-અપમાં પણ તમે નો મેક-અપ લુક અપનાવી શકો. હેર સ્ટાઇલ તમે તમારા ચહેરા અને પર્સનાલિટી મુજબ કરી શકો.



ફેશન પ્લસ
વિવેક કુમાર
feedback.ladki@
bombaysamachar.com

# એથલીઝર કે પછી સ્પોર્ટ્સ વિયર?

*યુવાઓમાં બિનધાસ્ત ફેશનના નામે હાલમાં સ્પૉર્ટસ વિયર અને એથલીઝરનો ક્રેઝ વધ્યો છે. સ્પૉર્ટસ વિયર અને એથલીઝરનો અર્થ છે કે એવો પોષાક જે રમત-ગમતને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યો છે. જોકે રોજબરોજ માટે આરામદાયક અને સ્ટાઇલિશ લુક આપે છે. ઉદાહરણ તરીકે જોગર્સ ટ્રેક, ટ્રેક પેન્ટ્સ, લેગિંગ્સ, ક્રોપ ટૉપ્સ, હૂડ્ઝ઼મ્ઉમ્ડિઝ, સ્નીકર્સ અને જેકેટ્સ વગેરે. આ ફેશન સામાન્ય રીતે યુવાનો કૅરી કરી શકે છે, કેમ કે એના માટે ફિટ્નેસ ખૂબ જરૂરી છે. સાથે જ શરીરમાં અતિશય ફ્લેક્સિબિલિટીની જરૂર પડે છે.*




## શું કામ છે એનો ક્રેઝ?

યુવાઓ વચ્ચે સ્પૉર્ટસ વિયર અને એથલીઝરનો ક્રેઝ એટલા માટે વધી રહ્યો છે, કેમ કે તેઓ હલકા કપડા એટલે કે સ્ટ્રેચેબલની સાથે પહેર્યા બાદ શ્વાસ લઈ શકાય એવાં પણ હોય છે. જેથી કરીને એને લાંબો સમય સુધી પહેરી શકાય છે. એ મલ્ટિપર્પઝ અને મલ્ટિસ્ટાઇલ પણ હોય છે. જિમ, કેઝ્યુએલ, આઉટિંગ અથવા ઑફિસ માટે પણ એ કમ્ફર્ટેબલ હોય છે. વર્તમાનમાં યુવાઓમાં ફિટ્નેસને લઈને પણ સજાગતા આવી છે. મોટા ભાગના યુથ વર્કઆઉટ કરે છે. તેઓ સ્ટાઇલિશ પણ દેખાવા માગે છે. એથલીઝર એ ગ્લોબલ અને ટ્રેન્ડી ફેશનનો ભાગ છે. એની ખાસ બાબત એ છે કે બોલીવૂડ હોય કે હોલીવૂડ હોય, ફેમસ ખેલાડીઓ હોય, બિઝનેસમેન હોય કે પછી કોઈપણ ક્ષેત્રની સફળ વ્યક્તિ હોય તેઓ ફિટ અને સ્માર્ટ દેખાવા માગે છે. એથી તેઓ સ્પોર્ટસ વિયર પર પસંદગી ઉતારે છે.




## એથલીઝર પહેરતી વખતે રાખો ખાસ ધ્યાન

તમે જ્યારે પણ એથલીઝર ફેશન કૅરી કરો તો એની ફિટીંગનું ખાસ ધ્યાન રાખજો. કેમકે એથલીઝરમાં ઓવરસાઇઝ લૂઝ તો દેખાય જ છે સાથે જ વિચીત્ર પણ લાગે છે. સ્પોર્ટસ વિયર હંમેશાં ફિટ હોવા જોઈએ. જોકે એટલા ટાઇટ પણ ન હોવા જોઈએ કે કમ્ફર્ટેબલ ન લાગે. એથી સ્પોર્ટસ વિયરમાં યોગ્ય ફિટીંગનું ધ્યાન હોવું જોઈએ. બીજી વાત જે સૌથી અગત્યની છે એ છે સ્પોર્ટસ વિયરનું મટિરિયલ કયુ છે? ખરેખર તો એ સ્વેટ સોકિંગ એટલે કે પરસેવો શોષી લેનારું હોવું જોઈએ. સાથે જ શ્વાસ લેવામાં કોઈ તકલીફ ન થવી જોઈએ. કહેવાનો અર્થ એ છે કે ફેબ્રિક પણ ઘણું મહત્ત્વ રાખે છે.

હવે વાત કલર-કોમ્બિનેશનની. ન્યુટ્રલ અને મોનોક્રોમ લુક્સ જેવા કે બ્લેક, વાઇટ, ગ્રે ટ્રેન્ડમાં છે. એથી ટ્રેન્ડ પ્રમાણે કલર પસંદ કરવા જોઈએ. બ્રાઇટ કલર માત્ર એસ્સેસરીઝ માટે અપનાવો. સ્પોર્ટસ વિયર કૅરી કરતી વખતે શૂઝનું પણ ખાસ ધ્યાન રાખો. સ્નીકર્સ કે પછી સ્પોર્ટસ શૂઝ આ વિયરમાં અગત્યના ગણાય છે. એથી હંમેશાં એ વાતનું ધ્યાન રાખવું કે સ્પોર્ટસ શૂઝ ક્લિન અને ટ્રેન્ડ હોય. સ્પોર્ટસ વિયરમાં લેયરિંગ લુક પણ ખૂબ પસંદ કરવામાં આવે છે. લેયરિંગ લુક હૂડિઝ, જેકેટ્સ વગેરેમાં મળે છે. લેયરિંગ લુક સ્પોર્ટસ વિયર સાથે સારો અને સ્ટાઇલિશ કોમ્બિનેશન છે. વાત સ્પોર્ટસ વિયર સાથે એસ્સેસરીઝની છે તો વૉચ, કૅપ અથવા તો સ્લિંગ બૅગ જેવી હલકી એસ્સેસરીઝ સ્પોર્ટસ વિયરને ‘વાઉ’ લુક આપે છે. જોકે એમાં પણ ઓવર-ડ્રેસિંગથી બચવું જોઈએ. સ્પોર્ટસ વિયરને જેમ બને એમ સાદગીથી પહેરવા જોઈએ. કોઈ ફોર્મલ ઇવેન્ટમાં એ પહેરીને ન જવું. એ તો માત્ર કેઝ્યુઅલ આઉટીંગ માટે જ ઠીક છે. આ તો ખાસ જિમ માટે જ બન્યા છે.

## સારસંભાળ કેવી રીતે રાખવી?

અંતે એની કાળજી લેવી પણ જરૂરી છે. સ્પોર્ટસ વિયરને જો સારી રીતે ધોવામાં આવે તો એની ફિટ્નેસ અને ક્વૉલિટી લાંબા સમય સુધી ટકી રહે છે. એથી શક્ય હોય તો એને વોશિંગ મશીનમાં ન ધોવા, કેમ કે ગોળ ગોળ ફરીને એની સેન્સિટિવ ડિઝાઇન ખરાબ થઈ જાય છે.

એથલિઝર કપડા હંમેશાં અલગથી એવી રીતે ધોવા કે એની ક્વૉલિટી લાંબા સમય સુધી ટકી રહે. સ્પોર્ટસ વિયર અને એથલિઝર માત્ર ફેશન નહીં, પરંતુ જીવનશૈલીનો એક ભાગ છે. એને અપનાવીને તમે સ્ટાઇલિશ તો દેખાવ છો, પરંતુ એના માટે તમારે ફિટ રહેવાની પણ જરૂર છે. ■



પ્રકરણ: ૨૫

# ચહેરા મોહરા

**‘બાપુ, મારી વાત કરું તો હું તો ખાલી હાથે જ આવ્યો છું. મારે હવે કોઈ પણ ભોગે ધનવાન બનવું જ છે. હું તો સંસારી છું, પણ આપ તો ....’**





પ્રફુલ્લ કાનાબાર

જે છ આંગળી બાળપણમાં તેને પસંદ નહોતી આજે એ જ તેને કરોડો રૂપિયાનો વારસો મેળવવામાં નિમિત્ત બની રહી હતી! આજે તેને એ છ આંગળી હોવાનો કોઈ રંજ નહોતો સોહમ વિચારતો રહ્યો પછી એણે વાતનો દોર સાધી લીધો:

‘બાપુ, મારી સમજ પ્રમાણે આપે ગોઠવેલી શતરંજની આખી બાજીમાં મારે હુકમનો એક્કો એટલે કે રાજાનું પાત્ર ભજવવાનું છે... શતરંજમાં રાજા તેની મરજી મુજબ માત્ર એક જ સ્ટેપ ચાલી શકે છે...’

‘હા..પણ આ બાજીમાં તારી મરજી મુજબ તું એક પણ સ્ટેપ નહિ ચાલી શકે.’ બાપુએ મંદ મંદ સ્મિત સાથે સ્પષ્ટતા કરી:

‘મારો કહેવાનો મતલબ છે કે પૈસાની બાબતમાં રિમોટ કન્ટ્રોલ મારા હાથમાં જ રહેશે.’

‘બાપુ, મારી વાત કરું તો હું તો ખાલી હાથે જ આવ્યો છું. મારે હવે કોઈ પણ ભોગે ધનવાન બનવું જ છે. હું તો સંસારી છું... પણ આપ....‘સોહમ બોલતાં બોલતાં અટકી ગયો. સોહમ બોલ્યો નહીં પણ બાપુએ તેનું અધૂરું વાક્ય મનોમન આખું પૂરું કરી લીધું :

‘બાપુ, હું તો સંસારી જીવ છું..જયારે તમે તો સાધુ છો, છતાં ધનનો મોહ શા માટે ?’

‘જો, સોહમ, અમે સાધુ ખરા પણ આશ્રમ ખોલીને બેઠા એટલે અમારા માટે પણ લક્ષ્મીનું મહત્ત્વ સંસારી માણસો જેટલું જ હોય છે. જે લોકોને અમારા પર વિશ્વાસ હોય એ લોકો નાની કે મોટી રકમ દાનમાં આપીને જતા હોય છે જયારે કેટલાક લોકો આવા આશ્રમને ધર્મની દુકાન પણ કહેતા હોય છે! આ આશ્રમ મારફતે અમે ગૌસેવા તથા માનવસેવાનું કાર્ય પણ કરીએ છીએ. હું તો અહીં મારા આશ્રમમાં સંસ્કૃતની પાઠશાળા પણ ચલાવું છું. બે વર્ષના અભ્યાસક્રમ બાદ અમે વિદ્યાર્થીને ‘શાસ્ત્રીજી’ની ડિગ્રી આપીએ છીએ. સંસ્કૃતમાં પારંગત થઇને કેટલાયે યુવાનો વિદેશમાં એ આધારે જ સેટલ થયા છે.

સોહમ આશ્ચર્યથી બાપુને તાકી રહ્યો.

‘હા...સોહમ, વિદેશમાં લગ્ન તથા અન્ય વિધિઓ માટે ગોર મહારાજની સતત અછત હોય છે....અહીં ભણવા આવતા વિદ્યાર્થીઓ પાસે એક પણ રૂપિયો ફી પેટે લેવામાં આવતો નથી. વિદેશ ગયા બાદ ઘણા યુવાનો ડોલર કે પાઉન્ડમાં ડોનેશન મોકલે છે. જોકે અમે તે માટે કોઈને દબાણ કરતાં નથી.’

સોહમ માટે સંસ્કૃત વિશેની જાણકારી બિલકુલ નવી જ હતી. ગઈકાલે એ અહીં આવ્યો ત્યારે લગભગ બે ડઝન જેટલા યુવાનો સભાખંડમાં બેઠા હતા એ તમામ યુવાનો સંસ્કૃતના જ વિદ્યાર્થીઓ હતા તેનો ખ્યાલ સોહમને અત્યારે આવ્યો.

બાપુએ પોતાની વાત આગળ ધપાવતા કહ્યું.

‘બીજું કે આજે આપણા દેશમાં આર્થિક અસમાનતા એટલી બધી વધી ગઈ છે કે ધનવાનો મોજ માણે છે અને ગરીબો બોજ તાણે છે જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ધનવાન લોકો વિદેશી દારૂની એક બોટલ પાછળ જેટલા ધનનો વ્યય કરે છે એટલી જ રકમમાં એક ગરીબના ઘરનો ચૂલો આખો મહિનો સળગી શકે છે!’

સોહમ વિચારી રહ્યો... બાપુની વાત તો સોળ આના સાચી હતી. બાપુની વાત પરથી કરોડો રૂપિયાનો દલ્લો મેળવવાની તેમની અંગત ધનલાલસા જેવું કાંઈ દેખાતું નહોતું અને ધારો કે હોય તો પણ તેનાથી સોહમને ખાસ ફેર પડતો નહોતો. જીવનમાં કાંઇક મેળવવું હોય તો તમને મદદ કરનાર વ્યક્તિના ફાયદાને જોવા કરતાં ખુદને શું મળ્યું એ જોવાની ટેવ વાળી વ્યક્તિ વધારે પ્રસન્ન રહી શકે છે એ વાત સોહમ સારી રીતે સમજતો હતો. અત્યારે તો સોહમને નવી ઓળખ મળવા ઉપરાંત ધનવાન માણસો જેવી લાઈફ સ્ટાઈલથી જીવવા મળવાનું હતું એ જ પૂરતું હતું.

ત્યાં જ ઘડિયાળમાં વહેલી સવારના પાંચ ડંકા પડયા.

‘સોહમ, હવે તું તારા રૂમમાં જઈને થોડો આરામ કરી લે. આજથી તારું નામ સોહમ નથી પણ ‘સોહન’ છે. આખું નામ સોહનવીર લીલાધર પાટડીયા. માતાનું નામ લક્ષ્મીદેવી. દાદાનું નામ બળવંતરાય પાટડીયા. તારો ઉછેર અડાલજમાં નંદગીરી ગોસ્વામીના ઘરે થયો છે. ત્રણ દિવસ પહેલાં જ નંદગીરીએ તારી સમક્ષ સ્પષ્ટતા કરી છે કે તું એમનો પુત્ર નથી. તું ડિપ્રેશનમાં આવીને ઘરેથી નીકળીને અનાયાસે જ અહીં આવી પહોંચ્યો છે. બસ, આટલું પાક્કું કરી લેજે. આ સિવાય તારી સ્મૃતિમાં કાંઈ જ નથી.’

સોહમ બાપુના આ પરફેક્ટ પ્લાનિંગ પર ઓવારી ગયો....સોહમે વિચારી લીધું :

ટૂંકમાં મારે અહીં મારા ‘સોહમ’ના ચહેરા પર ‘સોહન’નું મહોરું પહેરી લેવાનું છે ! ’

‘બાપુ, મારે મુંબઈ જવાનું ક્યારે થશે?’

‘આજે હું ત્યાં મેસેજ પહોંચાડીશ. મોટેભાગે આવતીકાલે ગુરુવારે જ તારે જવાનું થશે... અહીં કોઈ તારું નામ પૂછે તો ‘સોહન’ એટલું જ કહેવાનું છે. લાંબી વાત કોઈની પણ સાથે કરવાની નથી.’ બાપુના સૂરમાં આદેશનો રણકો ભળ્યો હતો.

સોહમ આખી રાતના ઉજાગરાને કારણે પોતાના રૂમ પર જઈને પથારીમાં પડયા ભેગો ઊંઘી ગયો. સવારે આઠ વાગે ચાની કીટલી સાથે વિષ્ણુ આવી પહોંચ્યો ત્યારે પણ સોહમની આંખમાં ઘેન હતું. સોહમ બ્રશ કરીને ચા પી લીધા બાદ ગેલેરીમાં આવ્યો. નીચે મેદાનમાં કેટલાક યુવાનો યોગ કરી રહ્યા હતા. થોડે દૂર મેદાનમાં બે મોર કળા કરી રહ્યા હતા. ચબુતરામાં કબૂતરો ચણી રહ્યા હતા. આશ્રમનું સવારનું વાતાવરણ ખરેખર આહ્લાદક હતું. અચાનક મેદાનમાં લાલ લાઈટવાળી એક સરકારી કાર પ્રવેશી. સોહમને નવાઈ લાગી. ત્યાં જ વિષ્ણુ ખાલી કીટલી અને ચાના કપ રકાબી લેવા રૂમમાં આવી પહોંચ્યો.

‘વિષ્ણુ, કોઈ સરકારી અધિકારી આશ્રમમાં આવ્યા લાગે છે. મેં હમણાં જ લાલ લાઈટવાળી સરકારી ગાડીને મેદાનમાં આવતી જોઈ.’

‘હા..એ કલેકટર સાહેબની ગાડી છે. જયારે પણ એ હાઈ-વે પરથી પસાર થાય છે ત્યારે બાપુના દર્શને અવશ્ય આવે છે.’

વિષ્ણુ રૂમની બહાર જઈ રહ્યો હતો ત્યારે બોલ્યો... ‘સોહનભાઇ, કાંઈ કામકાજ હોય તો પેલી છેલ્લી સ્વીચ દબાવશો એટલે મારા રૂમમાં જ બેલ વાગશે. હું તરત આવી જઈશ.’

સોહમે નોંધ્યું કે વિષ્ણુએ તેને સોહન તરીકે સંબોધન કર્યું હતું :

‘વિષ્ણુ, તમે બધા જમો છો કઈ જગ્યાએ?’

‘સામેના બિલ્ડિંગની પાછળ પ્રાર્થનાખંડની પાછળ રસોડું છે, તેની બાજુમાં જ પચાસેક માણસો જમી શકે તેવો મોટો હોલ છે. બપોરે બાર વાગે બેલ પડે એટલે અમારા બધાનું સમૂહ ભોજન એ જ હોલમાં થાય છે. માત્ર બાપુની થાળી તેમના રૂમમાં પહોંચાડવામાં આવે છે.’ વિષ્ણુએ માહિતી આપતાં કહ્યું.

‘વિષ્ણુ, બેલ વાગશે એટલે હું પણ એ હોલમાં જ જમવા માટે પહોંચી જઈશ. તારે એટલી તકલીફ ઓછી.’ સોહમે વિવેક કર્યો.

‘તમારા જમવા માટે બાપુનો શું આદેશ આવે છે એ મારે જોવું પડશે.’

‘મતલબ કે બાપુનો આદેશ આવે કે મારે જમવાનું નથી તો?’ સોહમે મજાકના સૂરમાં કહ્યું.

વિષ્ણુ હસી પડયો. ‘સોહનભાઇ, તમે તો આશ્રમના ખાસ મહેમાન છો તમને ભૂખ્યા થોડા રાખવાના હોય? તમને જમાડીને જ બધાએ જમવાનું હોય. અતિથી દેવો ભવ.’

‘વિષ્ણુ, ખાસ મહેમાન તો નીચે લાલ લાઈટવાળી ગાડીમાં આવ્યા છે.’ સોહમનો ઈશારો કલેકટર તરફ હતો.

‘સોહનભાઈ, અહીં તો કેટલાયે અધિકારીઓ બાપુના દર્શને આવતા હોય છે. આશ્રમ માટે લાલ લાઈટવાળી ગાડીની નવાઈ નથી. ખાસ મહેમાન તો તમે જ છો.

‘એ કઈ રીતે ?’ સોહમે ચાલાકીપૂર્વક વિષ્ણુ સાથે વાતચીતનો દોર લંબાવ્યો.

‘સોહનભાઈ, આજ સુધી એક પણ મહેમાન સાથે બાપુએ એકાંતમાં આખી રાત વાતચીત કરી નથી.. એ દૃષ્ટિએ હું તમને ખાસ મહેમાન ગણું છું.’ વિષ્ણુએ ફોડ પાડતાં કહ્યું.

બપોરે બાર વાગે સોહમ તૈયાર થઈને રૂમમાં આંટા મારી રહ્યો હતો ત્યાં જ વિષ્ણુ સોહમને બોલાવવા આવી પહોંચ્યો. બંને હોલમાં પહોંચ્યા ત્યારે ત્યાં હાજર રહેલાં તમામ યુવાનો બાપુની આગેવાનીમાં ભોજન પહેલાંની પ્રાર્થના કરી રહ્યા હતા.વિષ્ણુ અને સોહમ પણ હાથ જોડીને તેમની સાથે જોડાઈ ગયા. પ્રાર્થના પૂરી થઇ એટલે બાપુએ મોટેથી ‘હરિઓમ’ નો નાદ કર્યો. સમગ્ર હોલમાં નિરવ શાંતિ પથરાઈ ગઈ. બાજુના રસોડામાંથી દાળ, શાક, ભજિયા અને લાડુની મીઠી સોડમ આવી રહી હતી. બાપુએ ઈશારા વડે જ સોહમને બોલાવ્યો. સૌ કોઈ તેની સામે એકીટશે જોઈ રહ્યા. બાપુએ સોહમના ખભે હાથ રાખીને ધડાકો કર્યો :

‘આ યુવાનનું નામ સોહન છે. આજથી એ અહીં આપણી સાથે આશ્રમમાં જ રહેશે...!’

(ક્રમશઃ)■



---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| फडका | કાંસકી |
| फडतूस | પ્રપંચ, કાવતરું |
| फणी | પથ્થર |
| फत्तर | તુચ્છ, નજીવું |
| फंद | લૂગડાનો કકડો |

### ઓળખાણ પડી?

યુએસએના ૪૭મા પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની હાલની પત્નીની ઓળખાણ પડી? બંને વચ્ચે ઉંમરમાં ૨૪ વર્ષનો તફાવત છે.



અ) ઈવાના બ) મેલાનિયા ક) સારા ડ) ક્રિસ્ટિન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ વે | ૩ ત | ન | | ૪ આ | ૫ વ | ૬ કા | ૭ ર | |
| ૮ હ | ર | ણું | | ૯ ફે | | ૧૦ ખ | ત | વ | ણી |
| ચો | | | ૧૧ ત | ર | બ | ત | ર | | |
| ૧૨ ગ | ૧૩ મા | ર | | ફા | | સ | | ૧૪ ગુ | ૧૫ લ |
| | ગ | | ૧૬ પુ | ર | ૧૭ સ્કા | ર | | ૧૮ ના | ત |
| ૧૯ જો | શ | ભે | ર | | ઈ | | ૨૦ ના | સ | |
| ૨૧ ડ | ર | | | ૨૨ ફ | | ૨૩ ન | દા | ર | ૨૪ દ |
| ણી | | ૨૫ દા | ક્ત | ર | | ૨૬ ફ | રી | | ફ |
| ૨૭ કો | ૨૮ પ | રુ | | ૨૯ ક | ૩૦ સ | ર | | ૩૧ વા | ત |
| ૩૨ શ | ર | ણ | | ૩૩ તા | ર | ત | મ્ય | | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | | | ૧૧ | | | ૧૨ | | |
| | | ૧૩ | ૧૪ | | | | ૧૫ | | |
| ૧૬ | ૧૭ | | ૧૮ | | | | | | ૧૯ |
| ૨૦ | | ૨૧ | | | | | | ૨૨ | |
| ૨૩ | | | | ૨૪ | | ૨૫ | | | |
| ૨૬ | | | ૨૭ | | ૨૮ | | | | |
| | | ૨૯ | | | ૩૦ | | ૩૧ | ૩૨ | |
| ૩૩ | | | | | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. ભૂલભૂલામણી (૫)
૪. ઉત્તેજના જગાડનાર (૪)
૭. સુધી (૨)
૯. પુરુષે માથા પર બાંધેલો અંબોડો (૨)
૧૦. સ્ત્રીઓ નાકમાં પહેરે (૨)
૧૧. એકરસતા (૪)
૧૩. વિશિષ્ટ (૨)
૧૫. --- ક્રીડા એટલે સંવનન (૨)
૧૬. સાંકડી ગલી (૨)
૧૮. પ્રાકૃતિક પરિવેશ (૫)
૨૦. વીરની પત્ની (૪)
૨૨. ઘરડો (૨)
૨૩. ખ્રિસ્તીઓનું મંદિર (૩)
૨૫. સમાન અંતરવાળું (૪)
૨૬. બહાદુર (૨)
૨૭. શરમજનક (૪)
૨૯. --- દરજ્જાનું એટલે ઉચ્ચ કક્ષાનું (૨)
૩૦. મારી વાતને ---થી ના લો (૪)
૩૩. આશ્ચર્ય પમાડે એવું (૬)
૩૪. પાપ કરીને ---માં જાવ (૩)

**ઊભી ચાવી**

૧. ભૂલચૂક દેખાય ત્યારે સુધારી લેવી (૪,૪)
૨. ધૂન, રટ (૩)
૩. --- મજનુ - અમર પ્રેમીઓ (૨)
૫. ન્યાયાધીશ (૨)
૬. કવેળા (૩)
૮. અવતરણ દિન (૫)
૧૨. નિર્ણય, સાર (૩)
૧૪. પત્ની સાથે (૩)
૧૭. શ્રેષ્ઠ નર (૪)
૧૯. અવતરણ, મોક્ષ (૪)
૨૧. સમયનું એક માપ (૨)
૨૨. વરાયેલું, ઢંકાયેલું (૨)
૨૪. --- એટલે કર્તવ્ય, ફરજ (૨)
૨૫. બધું, સઘળું (૩)
૨૭. સળી (૩)
૨૮. નક્કામું (૩)
૨૯. સીતા રામને --- પુત્ર કહેતાં (૨)
૩૧. શરીર, રંગ, વર્ણ (૨)
૩૨. બાણ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતો સંબંધ ઓળખી કાઢો. ભાઈની પત્નીના સગા મામીની એકમાત્ર સગી નણંદની એકમાત્ર દીકરી ભાઈને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) પત્ની બ) ભાભી ક) મામી ડ) ફોઈ

### જાણવા જેવું

રજવાડાઓના વિલીનીકરણ પહેલા બે હિન્દુસ્તાન હતા. એક અંગ્રેજ હકૂમતનું હિન્દુસ્તાન અને બીજું દેશી રજવાડાનું હિન્દુસ્તાન. બંને હિન્દુસ્તાન વિરમગામ પછી જુદા પડતાં. વિરમગામથી આગળ સૌરાષ્ટ્ર - દેશી રજવાડાનો પ્રદેશ હતો અને વિરમગામ સુધીનો પ્રદેશ એટલે કે અમદાવાદથી વલસાડ બ્રિટિશ ઈન્ડિયામાં હતા.

### સુડોકુ-૭૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | | | | ૮ | ૫ | | |
| | ૬ | | | ૪ | | | ૭ | |
| ૯ | | | | | ૧ | | | ૨ |
| | | ૬ | | ૧ | | | ૮ | |
| ૮ | | ૫ | ૩ | | ૬ | ૭ | | ૪ |
| | ૨ | | | ૮ | | ૬ | | |
| ૨ | | | ૮ | | | | | ૬ |
| | ૫ | | | ૩ | | | ૯ | |
| | | ૩ | ૨ | | | | ૫ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૬ | ૧ | ૫ |
| ૮ | ૭ | ૪ | ૬ | ૧ | ૨ | ૩ | ૫ | ૯ |
| ૫ | ૨ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૨ | ૪ |
| ૬ | ૫ | ૯ | ૨ | ૩ | ૪ | ૧ | ૮ | ૭ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૮ | ૭ | ૫ | ૬ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક હથિયાર સંતાઈ બેઠું છે એ શોધી કાઢો

જૂની રંગભૂમિમાં છગન રોમિયોનો વટ હતો.

### નોંધી રાખો

રુદ્રાક્ષનો મણકો હોય કે કાળા માથાનો માનવી, જો એક મુખવાળો મળી જાય તો જીવનનો બેડો પાર સમજી લેજો.

### માઈન્ડ ગેમ

માનવ શરીરની રક્તવાહિનીઓ સંબંધિત સમસ્યાની સારવાર કરનાર ડોક્ટર કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

અ) જનરલ સર્જન બ) વેસ્ક્યુલર સર્જન
ક) ન્યુરો સર્જન ડ) કાર્ડિયાક સર્જન

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| रांग | કતાર |
| रांजण | કુંડી |
| राऊत | ઘોડેસવાર |
| राऊळ | દેવાલય |
| रागीत | ક્રોધી |

ઓળખાણ પડી?
નેધરલેન્ડ્સ

માઈન્ડ ગેમ
એન્ડોક્રિનોલોજિસ્ટ

ગુજરાત મોરી મોરી રે
ભત્રીજી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રતી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણ વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વિમલ શાહ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) મહેશ દોશી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) રમેશ દલાલ (૩૩) હિના દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતિન બજરિયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ધીરેન્દ્ર ઉદેશી (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી

# પુરુષ



# મિનિમલિઝમ... ઓછામાં ઓછા સાથે વધુ જીવન

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આજે ઈન્ટરનેટના માધ્યમથી થયેલા ગ્લોબલાઈઝેશનના જમાનામાં માણસની માનસિકતા પર જો કોઈએ આકરા પ્રહારો કર્યા હોય તો એ છે ઓનલાઈન શોપિંગ સાઈટસ. એ જ રીતે જો કોઈએ માણસની ખરીદવાની ક્ષમતા અને શક્તિ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હોય તો એ વિવિધ બ્રાન્ડનાં ઓનલાઈન પ્લેટફોર્મ, જેમણે આજના માણસને સંપૂર્ણ રીતે પોતાના કાબૂમાં લઈ લીધો છે. અને કાબૂમાં એટલે કઈ રીતે? તો કહે કે માણસને પોતાને કોઈ વસ્તુની કે માણસને પોતાને કોઈ ખોરાકની જરૂર હોય કે ન હોય, પરંતુ એને જડબેસલાક ઝાંસામાં લેવામાં આવે છે અને એની પાસે ધરાર એ વસ્તુઓની ખરીદી કરાવવામાં આવે છે.

આવા સમયે થાય છે શું કે માણસ વધુ પડતું, કારણ વિનાનું ખરીદીને પર્યાવરણને - આ ગ્રહને તો નુકસાન પહોંચાડે જ છે, પરંતુ સાથોસાથ પોતાના ઘરમાં પણ એ એવો કચરો ભર ભર કરે છે,જેને એ નથી તો કાઢી શકતો કે નથી એ ખુદ વાપરી શકતો.

**આનો ઉપાય શું ?**

વિવિધ ઓનલાઈન શોપિંગ સાઈટ્સ દ્વારા માણસની સાયકોલોજી જે રીતે કરપ્ટ કરવામાં આવી છે એ તો આખેઆખી એક કોન્સ્પીરસી છે. એના પર એક અલાયદો લેખ થાય એમ છે, પરંતુ આજે ચર્ચા કરવી છે કે ઓનલાઈન શોપિંગ સાઈટ્સના ઝાંસામાંથી બચવું હોય તો શું કરવું ?

એ માટે એક જ કામ કરવું પડે કે માણસે 'મિનિમલિઝમ'નો વિચાર સ્વીકારવો પડે... થોડા હૈ થોડે કી જરૂરત હૈ કોઈને થશે કે આ મિનિમલિઝમથી વળી શું દહાડો વળવાનો ? અમે પોતે ય આ બાબતે વિચાર કર્યો તો ખ્યાલ આવ્યો કે મિનિમલિઝમનો વિચાર આપણને ન માત્ર આર્થિક રીતે, પરંતુ અધ્યાત્મિક રીતે પણ ખપમાં આવી શકે એમ છ! એ કઈ રીતે?

ચાલો, આ મુદ્દા જોઈએ....

## આર્થિક દૃષ્ટિકોણ

મિનિમલિઝમ આર્થિક રીતે ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આપણે ઓછી વસ્તુઓ ખરીદીએ છીએ ત્યારે આપણે પૈસા બચાવી શકીએ છીએ. આ બચત કરેલા પૈસાનું આપણે રોકાણ કરી શકીએ અથવા પછી કોઈ મહત્ત્વપૂર્ણ લક્ષ્ય માટે બચાવી શકીએ. આ ઉપરાંત, ઓછી વસ્તુઓ હોવાથી આપણને તેને જાળવવા અને સંગ્રહવા માટે ઓછા ખર્ચ થાય છે.

## સાદગીના દૃષ્ટિકોણ

સાદગી એ મિનિમલિઝમનો પાયાનો ખ્યાલ છે. જ્યારે આપણે ઓછી વસ્તુઓ સાથે જીવીએ છીએ ત્યારે આપણું જીવન સરળ બની જાય છે. આપણને વસ્તુઓને ગોઠવવા, સાફ કરવા અને જાળવવા માટે ઓછો સમય લાગે છે. વળી, સાદગીને કારણે ઘરમાં, જીવનમાં અને મનમાં એમ ત્રણેય જગ્યાએ કારણ વિનાની ધૂળ ન જામે એ વધારાની!

## અધ્યાત્મિક દૃષ્ટિકોણ

અધ્યાત્મિક દૃષ્ટિકોણથી જોઈએ તો, મિનિમલિઝમ આપણને આપણી જાતને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. આપણે ભૌતિક વસ્તુઓના દાસ ન રહીએ ત્યારે આપણે આપણી અંદરની શાંતિ શોધી શકીએ છીએ. મિનિમલિઝમ આપણને આપણી જાતને અને વિશ્વ સાથેના આપણા સંબંધને વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરે છે. ખાસ તો આપણે માનસિક રીતે મક્કમ અને મજબૂત બનીએ છીએ, કારણ કે ભૌતિક બાબત પરનો આપણો આધાર જ નહીંવત્ હોય છે.

**મિનિમલિઝમ અપનાવવાની કેટલીક રીતઃ**

**વસ્તુઓને ગોઠવોઃ**

તમારા ઘરમાંની બધી વસ્તુને ગોઠવો ને નક્કી કરો કે તમને કઈ વસ્તુઓની જરૂર છે અને કઈ વસ્તુઓની નથી.

વસ્તુઓનો યોગ્ય વપરાશ કરતા શીખોઃ

એક સમય હતો કે આપણે દરેક વસ્તુને ઘણા લાંબા સમય સુધી ચલાવતા. કેમ? તો કે ત્યારે આપણને વસ્તુઓની કદર હતી. હવે તો મોબાઈલ પણ આપણે વર્ષ કે વધુમાં વધુ બે વર્ષ ચલાવીએ છીએ, કારણ કે આપણને એમાં પણ ભય રહે છે કે આપણે સમાજમાં આઉટડેટેડ લાગીશું ! પરંતુ જો આપણે વસ્તુઓને લાંબા સમય સુધી ચલાવીશું તો સ્વાભાવિક જ આપણે નવી-નકામી ખરીદી ટાળીશું. અને એ રીતે આપણે ગ્લોબલ કોન્સ્પિરસીથી બચી શકીશું.

વસ્તુઓ દાન કરોઃજે વસ્તુઓની તમને જરૂર નથી તેને કોઈને દાન કરો, કેટલીક વસ્તુ એકદમ સારી હોય તો કોઈને ભેટમાં આપી દો અથવા વેચી દો. અહીં પણ અધ્યાત્મ તો છે જ કે આપણે સાથે કશું બાંધીને નથી લઈ જવાના તો ભાઈ , હમણાં જ એ બધુ આપવા માંડોને. આમેય તમારે એ બધુ ક્યારેક તો કોઈને આપવાનું જ છે.

નવી વસ્તુઓ ખરીદતા પહેલા વિચારોઃ

કોઈ નવી વસ્તુ ખરીદતા પહેલા વિચારો કે શું તમને તેની ખરેખર જરૂર છે.■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## સ્ત્રી-શૃંગારનું પણ એક વિજ્ઞાન છે

ડિયર હની,

રાજેન્દ્ર કૃષ્ણની એક ફિલ્મ માટેની રચના મને બહુ ગમે છે ...

न झटको जुल्फ से पानी ये मोती टूट जाएँगे
तुम्हारा कुछ न बिगडेगा मगर दिल टूट जाएँगे

તને થતું હશું કે, આજે શું હું રોમેન્ટિક મૂડમાં છું. હા, છું અને એવો ભાવ હંમેશાં રાખવા માગું છું. જોકે, મને ક્યારેક તને જોઇને સવાલ થાય છે. ખાસ કરીને જ્યારે કશે બહાર જવાનું હોય , ફરવા કે પછી કોઈ શુભ પ્રસંગમાં કે પછી કોઈને ઘેર ...તું તૈયાર થવામાં એટલી બધી વાર લગાડે છે કે ...દરેક સ્ત્રીને આ વાત લાગુ પડે છે. દરેક પુરુષની આ ફરિયાદ હોય છે. સ્ત્રીઓ માટે જાણે કે, સજવું-, સંવરવું જન્મસિદ્ધ અધિકાર હોય એમ લાગે.

તને કે કોઈ સ્ત્રીને એમ પૂછવામાં આવે કે, કેટલીવાર ? ત્યારે એક જ જવાબા મળે છે કે, 'બસ, પાંચ મિનિટ...!' પણ આ પાંચ કઈ ઘડિયાળની પાંચ મિનિટ એ જ સમજાતું નથી. તમારા માટે કોઈ જુદી પ્રકારની ઘડિયાળ બનાવવી જોઈએ, જેમાં પાંચ મિનિટ એટલે કેટલી મિનિટ એનો ફોડ પડે!

મૂળ સવાલ તો ત્યાંનો ત્યાં જ છે કે, સ્ત્રીને શૃંગારમાં આટલો બધો સમય કેમ લાગે છે.? રાજેન્દ્રકૃષ્ણ તો માત્ર ભીની ભીની ઝુલ્ફોની વાત કરે છે. સ્ત્રીનો શૃંગાર હંમેશાં કવિતાનો વિષય રહ્યો છે. એક બાજુ શૃંગાર વિષે લાખો શાયરીઓ થઇ છે તો એમ પણ કહેવાયું છે કે, 'સાદગી ભી કયામત કી અદા હો શકતી હૈ ...' સ્ત્રીને તો તૈયાર થવું ગમે જ છે, પણ પુરુષને પણ સ્ત્રી તૈયાર થઇ સામે આવે એ ગમે છે. જોકે, એનાથી માત્ર એ માટે સ્ત્રી જે સમય લગાડે છે એ ગમતું નથી. દરેક સ્ત્રી પોતાને અરીસામાં સુંદર દેખાય એવું ચાહે છે. હવે તો પુરુષને પણ તૈયાર થવું ગમે છે. એમના માટે અલગ બ્યુટી પાર્લર બની ગયા છે, પણ સ્ત્રીનાં શૃંગારમાં જેટલું વૈવિધ્ય છે એટલું પુરુષમાં લાવવું શક્ય નથી. સ્ત્રીનાં માથાથી પગ સુધીની શૃંગારની એટલી ચીજો છે કે વાત ના પૂછો એટલે એ રીતે સ્ત્રી તૈયાર થાય તો એને કેટલીવાર લાગે એ કહેવું મુશ્કેલ છે, પણ આ શૃંગાર પાછળ કેટલીક વાત જાણવા જેવી છે, એની સાથે વિજ્ઞાન પણ જોડાયેલું છે. ઘણી સ્ત્રી ખુદ એના વિષે જાણતી નથી. જેમ કે, માથામાં કપાળે બે ભ્રમરની વચ્ચે કુમકુમથી નાની બિંદી-ચાંદલો કરવામાં આવે છે. એ ભાગમાં એક પોઈન્ટ છે. ભ્રમરકેન્દ્ર પર બિંદી કરવાથી સ્ત્રીમાં એકાગ્રતા આવે છે. સ્ત્રીનાં માથે ટીકો લગાવાય છે. જોકે, આજની સ્ત્રીઓ આ શણગાર બહુ પ્રસંગોપાત જ કરે છે. વૈજ્ઞાનિક માન્યતા પ્રમાણે માંગ ટીકા શરીરના તાપમાનને નિયંત્રિત કરે છે તેથી શાંતચિત્તે સ્ત્રી નિર્ણયો લઈ શકે. નાકમાં નથણી પહેરવામાં આવે છે. નથણી પહેરવાને સીધો સંબંધ સ્ત્રીના ગર્ભાશય સાથે છે. નાકની કેટલીક નસ ગર્ભાશય સાથે જોડાયેલી હોય છે, જેથી નથણી માટે નાક વિંધાવેલું હોય ત્યારે પીડા ઓછી થાય છે. કાનની બૂટી તો ઘણી સ્ત્રી આજે ય પહેરે છે. કાનની બૂટીમાં ઘણા એક્યુપ્રેશરના પોઇન્ટ છે. એના પર આભૂષણનું દબાણ આવવાથી કિડની અને બ્લેડરની કામગીરીમાં રાહત મળે છે. મોટાભાગની સ્ત્રી હાથમાં બંગડી અને ચૂડી પહેરે છે. ચૂડીનો સંબંધ ચંદ્ર સાથે પણ છે. એવું પણ માનવામાં આવે છે કે બંગડીને કારણે સ્ત્રીઓને બ્લડપ્રેશર કાબૂમાં રાખવામાં સહાયતા મળે છે.

આવા તો સોળ શણગાર છે. અને છેલ્લે, પગની પાયલની વાત. પાયલ પહેરવાથી સાઇટિકામાં રાહત મળતી હોવાનું મનાય છે અને એડીમાં સોજો હોય એમાં પણ રાહત મળે છે. સ્ત્રીના શણગારને આ રીતે પણ જોવો જોઈએ. એ માત્ર શણગાર જ નથી સાથે વિજ્ઞાન પણ સંકળાયેલું છે. ભારતીય સંસ્કૃતિમાં જ શણગારને આટલું બધું મહત્વ અપાયું છે. બધી સ્ત્રી સોના- ચાંદીના ઘરેણાં પહેરી શકતી નથી. આર્થિક રીતે બધાને એ પોસાતું નથી. એવી સ્ત્રી પણ શણગાર કરે છે. ફૂલોનો અને અન્ય ચીજોનો શણગાર કરે છે.

અરે, સ્ત્રીની સાડી પહેરવાની રીત પણ કેટકેટલી છે! ગુજરાતી સાડી એક રીતે પહેરાય તો બંગાળી સાડી જુદી રીતે પહેરાય. સાડા પાંચ વારથી માંડી નવવારી સાડી આવે છે. દરેક રાજ્યની પોતાની રીત છે. શણગારની બધે પદ્ધતિ અલગ અલગ છે. કદાચ તને પણ આ બધી વાતોની ખબર નહિ હોય. આજની પેઢી તો હવે આ સાજસજ્જામાં બહુ માનતી નથી. લગ્ન કે કોઈ પ્રસંગ પૂરતું આજની યુવતીઓ તૈયાર થાય છે. આમ છતાં, હજુ ય ઘણા પ્રદેશમાં અને ઘણા સમાજમાં સ્ત્રીઓ રોજ શણગાર કરે છે. એમને એ ગમે છે અને પુરુષને તો ગમે જ ગમે છે. જેમણે વૈરાગ્ય શતક લખ્યું એ જ ભર્તુહરીએ શૃંગાર શતક પણ લખ્યું છે, પણ સો વાતની એક વાત - સ્ત્રી તૈયાર થવામાં વાર લગાડે છે એ પુરુષને ગમતું નથી...!

તારો બન્ની

# સંધ્યા છાયા

# એક પિતાની મહેલ ને ઝૂંપડી વચ્ચે કચડાતી ઝંખના

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

'પિતાની ઝૂંપડી મધ્યે પાંચ પુત્રો વસી શકે,
પુત્રોના પાંચ મહેલમાં પિતા એક સમાય છે?'

કવિ ચંપકલાલ વ્યાસની આ પંકિતઓ આજના જમાનાને અનુરૂપ છે. કવિએ પ્રશ્ન પૂછ્યો છે કે પુત્રોના પાંચ મહેલમાં એક પિતા સમાય? તો એનો જવાબ છે 'ના'. જે પિતાએ નાનકડી ઓરડીમાં પાંચ પાંચ પુત્રને ઉછેર્યા છે એ જ પુત્રો પગભર અને સમૃદ્ધ થયા પછી એક પિતાને સાચવી શકતા નથી એવા અનેક ઉદાહરણ જોવા મળે છે. એક વૃદ્ધાશ્રમમાં આવા જ એક પિતા સાથે મુલાકાત થઈ. આપણે એમને રમેશભાઈ કહીશું.

વાતની શરૂઆત કરતા અમે પૂછ્યું,

'રમેશભાઈ, આપને કેટલા સંતાન'

'ત્રણ દીકરા છે.'

'ઓહો, ત્રણ દીકરા હોવા છતાં તમારે અહીં?'

'જી, એ લોકોને ખાસ કરીને વહુઓને નથી ફાવતું મારી સાથે.' રમેશભાઈનું મોઢું વિલાઈ ગયું.

'એવું તે શું થયું કે તમારે અહીં આવવું પડ્યું?'

'વાત માંડીને કહું' કહીને રમેશભાઈએ વાત શરૂ કરી :

અમારો હસતો રમતો પરિવાર. હું, મારી પત્ની રમા અને ત્રણ દીકરા. ત્રણે દીકરા ભણવામાં હોંશિયાર. ડાહ્યા પણ ખરા. મમ્મીને ઘરકામમાં મદદ પણ કરે. મારો વ્યવસાય પણ સારો ચાલતો હતો. શાંતિથી જીવન જીવતા હતા. ત્રણેય દીકરા મોટા થયા. એક એન્જિનિયર, એક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ અને એક ગ્રેજ્યુએટ... પોતાના વ્યવસાયમાં બહુ સફળ થયા. પછી એ પોતાને મનપસંદ છોકરીઓ સાથે પરણ્યા. ક્રમશઃ પરિવાર મોટો થયો ને જગ્યાની ખેંચ વર્તાવા માંડી એટલે મોકો જોઈને મોટો પુત્ર પોતાની જગ્યા લઈને જુદો રહેવા ચાલી ગયો. ઘર લેવાયાં થોડા પૈસા ઘટતા હતા તે મેં તેને આપ્યા. ફરીથી એજ મુશ્કેલી-જગ્યા નાની પડે છે. આ જ કારણ આગળ ધરીને વચલો પુત્ર પણ જુદો થઈ ગયો. એને પણ ઘટતા પૈસાની સગવડ મેં કરી આપી. હવે ઘરમાં રહ્યા અમે ચાર જણ. નાનો પુત્ર એની પત્ની એ અમે બે. થોડો સમય તો બધું ઠીક ચાલ્યું. પણ પછી નાની પુત્રવધૂને થયું કે બંને મોટી વહુ તો એકલી રહીને જલસા કરે છે, મારે ભાગે જ આ બે વૃદ્ધોને સાચવવાનું? જોકે સાચવવા જેવું કશું હતું નહીં અમે બંને કડેધડે હતાં. અમારું કામ તો અમે જાતે જ કરતા ઉપરાંત એ બંનેને અમે મદદરૂપ પણ થતા હતા. ઘરખર્ચમાં પણ યોગદાન આપતો હતો. આર્થિક, શારીરિક કે માનસિક કોઈપણ રીતે અમે દીકરા-વહુ પર બોજ ન હતા. અમને સાચવવા જેવું કાંઈ હતું જ નહીં. છતાં સમાજમાં પણ બધાને એમ જ કહેતા હતા કે અમે મમ્મી-પપ્પાને સાચવીએ છીએ. બંને મોટા ભાઈ-ભાભી તો છૂટી ગયા અને આ લોકોને સાચવવાનો ગાળિયો અમારા ગળામાં આવી ગયો.... આ અમને બંનેને જરાય ગમતું નહીં, પણ અમે આંખ આડા કાન કરતા હતા. નાહકના ઝઘડા કે મનદુઃખ કોણ કરે? અમે વિચારતા : આ એક સાથે રહે છે તો વૃદ્ધાવસ્થામાં અટકી જઈએ ત્યારે કોઈક તો આપણી સાથે હોય...પણ ધીરેધીરે વહુની જોહુકમી વધવા માંડી. તે વાતવાતમાં રમાનું અને ક્યારેક તો મારું પણ અપમાન કરવા માંડી. આ વાત મને તેમજ રમાને રુચતી ન હતી. અમે કાંઈ દીકરા-વહુના આશ્રિત ન હતાં.. છતાંયે બંનેનું વર્તન એવું હતું કે જાણે અમે માથે પડેલા મફતલાલ હોઈએ. એક વાર રમાને તાવ હતો. તેથી સવારે ઊઠીને રસોડામા જઈને ચા અને દૂધ ગરમ કરી શકી નહીં. વહુ ઊઠી તેણે જોયું અને જોરથી બૂમ પાડી, 'મમ્મી, હજુ સૂતા છો. ચા નથી બનાવી, દૂધ પણ ગરમ નથી કર્યું. હમણાં તમારા દીકરાને ચા જોઈશે તો એ બૂમાબૂમ કરશે.'

રમાએ તાવનું કારણ આપ્યું તો વહુ બરાડી :

'અરે, એવાં ક્યાં મરવા પડ્યા છો કે ઊભા ન થયાં. હટ્ટાકટ્ટા તો છો મજાના ચાર ટાઈમ ખાવ છો ને ઊભા નથી થવાતું ?'

આ સાંભળીને હું ભડક્યો,: 'એની તબિયત સારી નથી તે દેખાતું નથી તને?. એ કાંઈ તારી નોકરાણી નથી કે બૂમાબૂમ કરે છે.'

મારી વાત સાંભળીને વહુએ મારા દીકરાને કહ્યું, 'જોયુંને, કેવો ગુસ્સો કરે છે મારી ઉપર. હવે હું આ લોકોની સાથે નહીં રહું.'

આ બધા ઝઘડાની અસર રમાની તબિયત પર થઈ. એને હાર્ટએટેક આવી ગયો. એ એટેક જીવલેણ સાબિત થયો. રમા ગઈ, હું એકલો થઈ ગયો.

તેરમાની વિધિ પતી પછી ત્રણેય દીકરા અને ત્રણેય વહુ બેઠા હતા ત્યારે નાની વહુએ કહ્યુંઃ જુવો, આજ સુધી મેં મમ્મી -પપ્પાને સાચવ્યા. હવે મમ્મી પણ નથી તો પપ્પાને હું એકલી નહીં સાચવી શકું, હવે તમે લોકો લઈ જાવ પપ્પાને. પણ મોટા બેમાંથી કોઈ મને સાથે રાખવા તૈયાર ન હતા. છેવટે ત્રણેયે તોડ કાઢ્યો કે ત્રણેયને ઘેર ચાર-ચાર મહિના રહેવું, પણ વહુઓએ આ વાતનો વિરોધ કર્યો. રમાના જવાથી હું બહુ દુઃખી હતો. આમ છતાં સંતાનોએ કરેલ વ્યવસ્થા મુજબ એક એક મહિને લબાચા લઈને આ ઘરથી ઓલા ઘરે અલકચલાણું રમવા જેવી પરિસ્થિતિ થઈ. જેમ તેમ કરતા વર્ષ કાઢ્યું. રમાની ગેરહાજરીથી બહુ જ ઉદાસ હતો. એવું લાગતું હતું કે દીકરા કે વહુઓ મારું કોઈ નથી. મેં વિચાર્યું, મારે શા માટે આવી ઓશિયાળી જિંદગી જીવવી જોઈએ? ઈન્ટરનેટ, ગૂગલ તેમજ લાગતાવળગતા સ્નેહીઓ, મિત્રો પાસેથી સારા વૃદ્ધાશ્રમની શોધ આદરી અને હું અહીં આવી ગયો.....

'તમે અહીં ખુશ છો? સવાલના જવાબમાં રમેશભાઈ કહે : 'ખુશ છું એમ નહીં કહું. પણ દુઃખી નથી. બાકી પરિવાર સાથે રહેવાનું વધારે ગમે, પણ ખુદ આપણો જ પરિવાર આવો નગુણો હોય ત્યારે ન છૂટકે તમારે છોડવો પડે.' ■

# ભુજ-મુંબઈ ફ્લાઈટ રદ થઈ - ઊડી - ફરી રદ: મુસાફરોની રઝળપાટ

**ફ્લાઈટ ઊપડી જ નહીં: ઉતારુઓની રઝળપાટ થઇ, ખાવા-પીવાનાં સાંસાં**
**સાડાબારે ફરી એક વાર કહેવાયું કે ફ્લાઈટ ઊપડવા માટે તૈયાર છે, પણ ટેકઓફ કરીને ૪૦ મિનિટ આકાશમાં ઊડ્યા બાદ ફરી પાછી ભુજ એરપોર્ટ પર લેન્ડ થઇ**
**એરલાઈન્સે અમારી જવાબદારી ન હોવાનું કહીને હાથ ખંખેરી લીધા**





(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અનેક વાર એવું બનતું હોય છે કે આપણે કોઇ મહત્ત્વનું કામ હોય અને એના માટે વિમાનનું મોંઘું ભાડું ચૂકવીને આવવું પડતું હોય છે, પણ ઘણી એરલાઈન્સવાળાઓ આવી પરિસ્થિતિને સમજતા નથી હોતા અને પેસેન્જરનું જે થવાનું હોય તે થાય, પણ ફ્લાઈટ રદ થઇ ગઇ છે એવું કહેવાની તેઓ જાહેરાત કરી દેતા હોય છે. આવો અનુભવ વિદ્યાવિહારની સ્કાયલાઈન ઓએસીસમાં રહેતા અને એસી ડક્ટિંગનો બિઝનેસ કરતા અરવિંદ ભાનુશાલી અને તેમના જ્ઞાતિના સભ્યોને થયો હતો.

ધાર્મિક કામ માટે અરવિંદ ભાનુશાલી અને તેમની જ્ઞાતિના ચાર ભાઈઓ ભુજ આવ્યા હતા. પાંચ દિવસનાં રોકાણ બાદ તેઓ બુધવારે કામ પૂરું કરીને અલાયન્સ ઍરની ફ્લાઈટમાં મુંબઈ આવવા માટે નીકળવાના હતા. બુધવારે ભુજથી મુંબઈ આવવા માટેની ફ્લાઈટની તેમણે ટિકિટ કઢાવી હતી, પણ ટેક્નિકલ કારણસર ફ્લાઈટ રદ કરવી પડે એમ હોય એવી જાહેરાત કરી દેવામાં આવી હતી. આને કારણે આ ફ્લાઈટના ૬૦ પેસેન્જરને ભારે રઝળપાટ અને ભાગદોડ કરવાનો વારો આવ્યો હતો.

એરલાઈન્સે ફ્લાઈટ તો રદ કરી, પણ સુવિધાને નામે મીંડું, એવી ફરિયાદ કરીને અરવિંદ ભાનુશાલીએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે સવારે ૯.૦૫ વાગ્યાની ફ્લાઈટ હોવાથી બે કલાક વહેલું એરપોર્ટ પર પહોંચવાનું હોવાથી અમે સાત વાગ્યે જ એરપોર્ટ પહોંચી ગયા હતા. ફ્લાઈટ તેના નિયમિત સમયે ઊપડવાની હતી ત્યાં સુધી કોઇ જાણ નહોતી કરાઈ, પણ અચાનક જ અમને સવાઅગિયાર વાગ્યે કહી દેવામાં આવ્યું કે ફ્લાઈટ રદ કરી દેવામાં આવી છે. મુંબઈ પહોંચવું ખૂબ જરૂરી હોવાથી અમે થોડા સમય બાદ ચાર કિ.મી. દૂર ભુજ સ્ટેશને ૧.૧૫ વાગ્યાની ટ્રેન પકડવા માટે પહોંચી ગયા હતા. અમે ભુજથી પુણે જતી ટ્રેનમાં ૩-એસીની ટિકિટ કઢાવી હતી અને સવાબાર વાગ્યે ભુજ સ્ટેશને પહોંચી ગયા હતા. દરમિયાન સાડાબાર વાગ્યે એરપોર્ટ પરથી એક પેસેન્જરનો ફોન આવ્યો હતો કે પ્રોબ્લેમ સોલ્વ થઇ ગયો હોવાથી તેઓ ફ્લાઈટ ઉડાડવા માગે છે. આને કારણે અમે સ્ટેશનેથી ફરી પાછા એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા.

બપોરે બે વાગ્યે ફ્લાઈટ ફ્લાય કરવાની છે, એવું અમને કહેવામાં આવ્યું હતું. ફ્લાઈટ તેના નિયત સમયે ઊપડી પણ ખરી, પણ ૪૦ મિનિટ આકાશમાં ચક્કર લગાવ્યા બાદ ફરી પાછી ભુજ એરપોર્ટ પર ઊતરી ગઇ હતી. આ વખતે પણ એરલાઈન્સના સ્ટાફે અમને ટેક્નિકલ ખામી હોવાનું જ જણાવ્યું હતું. બે બે વાર ટટળાવ્યા બાદ પેસેન્જરોમાં ભારે રોષ ભભૂક્યો હતો અને જ્યાં સુધી બીજી કોઇ વ્યવસ્થાન કરવામાં નહીં આવે ત્યાં સુધી ફ્લાઈટમાંથી ઊતરીશું નહીં, એવું કહીને પેસેન્જરો ફ્લાઈટમાં જ અડિંગો જમાવીને બેસી ગયા હતા.

આ બધું તો ઠીક પણ અમને મુંબઈ પહોંચાડવાની જવાબદારી તમારી છે તો અમને ગમે તેમ કરીને પહોંચાડો, એવું જ્યારે અરવિંદ ભાનુશાલીએ એરપોર્ટ સ્ટાફને જણાવ્યું ત્યારે તેઓએ હાથ ખંખેરી લીધા હતા અને કહ્યું હતું કે એ અમારી જવાબદારી નથી. જોકે બીજી બાજુ તેઓ એવું પણ કહેતા હતા કે તમને બસમાં મુંબઈ પહોંચાડવાની વ્યવસ્થા કરીએ, પણ ટિકિટના પૈસા નહીં મળે.

એરલાઈન્સને કારણે જે હાલાકી ભોગવવાનો વારો આવ્યો એ અંગે અરવિંદભાઈએ કહ્યું હતું કે અમે તમામ પેસેન્જરો સવારથી ભૂખ્યા રખડી રહ્યા હતા. ન તો એ લોકોએ ચા-પાણી પૂછ્યાં ન ખાવાનું. બપોરે ચારેક વાગ્યા બાદ તેઓએ અમને પૌંઆ બટેટાં આપ્યાં હતાં એ પણ સાવ ફેંકી દેવાં જેવાં હતાં. આ ફરિયાદ મારી એકલાની નહીં પણ તમામ પેસેન્જરોની હતી.

આ ફ્લાઈટને કનેક્ટેડ અન્ય પ્રવાસ માટે ટિકિટ કઢાવી ચૂકેલા પેસેન્જરોને માથે હાથ દેવાનો વારો આવ્યો હતો. કેરળથી વસંતનભાઈ પોતાના બિઝનેસ ટુર માટે મુંદ્રા આવ્યા હતા. કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા વસંતનભાઈની બુધવારે જ મુંબઈથી કનેક્ટેડ કેરળ જવા માટેની ફ્લાઈટ હતી. પણ ભુજની જ ફ્લાઈટ રદ થવાને કારણે તેમનો આખો પ્રોગ્રામ ડિસ્ટર્બ થઇ ગયો હતો. વસંતનભાઈએ આ અંગે મુંબઈ સમાચારને કહ્યું હતું કે હું અવારનવાર મુંદ્રા આવતો હોઉં છું. બુધવારે મારે અગત્યના કામથી કેરલ પહોંચવાનું હોવાથી મેં ભુજથી મુંબઈ અને મુંબઈ-કેરળની ફ્લાઈટની ટિકિટ કઢાવી હતી, પણ ભુજથી ફ્લાઈટ ટેકઓફ્ફ જ ન થવાને કારણે મારો શિડ્યુલ બગડી ગયો હતો. મેં આ અંગે એરપોર્ટ ઓથોરિટી અને મુખ્ય પ્રધાનને ફરિયાદ કરતો પત્ર લખ્યો છે. એરલાઈન્સનો કડવો અનુભવ થયા બાદ અમુક પેસેન્જરો ટ્રેનમાં તો અમુક પેસેન્જરોએ કંડલાથી ફ્લાઈટ પકડીને મુંબઈ આવવાનું મુનાસિબ માન્યું હતું. મોડી રાતે પણ અરવિંદ ભાનુશાલી અને તેમના જ્ઞાતિભાઈઓને મુંબઈ આવવા માટેની કોઇ વ્યવસ્થા કરી આપવામાં આવી નહોતી. હવે અમે અમારી જાતે જ મુંબઈ પહોંચવા માટેનો બંદોબસ્ત કરી લઇશું, એવું અરવિંદભાઈએ હતાશ અને નિરાશવદને જણાવ્યું હતું.

અરવિંદ ભાનુશાલીની સાથે વાત થયા બાદ મુંબઈ સમાચારે એરલાઈન્સના સિનિયર સ્ટાફ સાથે વાત કરવાની કોશિશ કરી હતી. જોકે એ પહેલાં એરલાઈન્સના સ્ટાફમાંથી હૃષીકેશભાઈ સાથે વાત થઇ ત્યારે તેમણે એવું જણાવ્યું હતું કે અમે તમામ પેસેન્જરોની સુવિધા માટે તકેદારી રાખી હતી. આ ઉપરાંત પેસેન્જરો એમ કહે છે કે અમને ટિકિટના પૈસા રિફંડ મળવા જોઇએ તો અમારી વેબસાઈટ પર જઇને જોશો તો એમાં લખ્યું છે કે અમે ફ્લાઈટ રદ થાય તો તેના માટે રિબુક કરવામાં આવશે.

જોકે મુંબઈ સમાચારે કહ્યું કે તમારા જનસંપર્ક અધિકારી કે અન્ય કોઇ સિનિયર સ્ટાફ સાથે વાત કરાવો તો એમણે કહ્યું કે જનસંપર્ક અધિકારી છે નહીં અને સિનિયર સ્ટાફની ભરતી થઇ નથી. એ તમામ બાબતો અમારા સિક્યોરિટી ઈન્ચાર્જ જ જુએ છે. જોકે સિક્યોરિટી ઈન્ચાર્જે આ અંગે કોઇ પણ વાત કરવાની ઘસીને ના પાડી દીધી હતી.ઉ

# ઘાટકોપરમાં કચ્છી યુવકની હત્યાનું કારણ બની અંધેરીના ફ્લેટ સામે લીધેલી લોન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર પૂર્વના બારમાં પિતા સાથે કામ નિમિત્તે ગયેલા ૩૦ વર્ષના કચ્છી યુવક હર્ષ કિરણ લાલનની બારના મેનેજર અને સ્ટાફે બેરહેમીથી મારપીટ કરતાં તેનું મોત થયું હતું. પંતનગર પોલીસે આ પ્રકરણે ગુનો નોંધીને બાર મેનેજર સહિત નવ જણની ધરપકડ કરી હતી. અંધેરીનો ફ્લેટ ગિરવે મૂકી લેવાયેલી લોન હર્ષની હત્યાનું કારણ બની હોવાનું જાણવા મળ્યું હતું.

**ઘાટકોપરના હેડક્વૉર્ટર રેસ્ટો-બારના મેનેજર અને વેઇટરોએ મારપીટ કરતાં હર્ષ લાલનનું મૃત્યુ થયું**

પંતનગર પોલીસે આ કેસમાં ધરપકડ કરેલા નવ જણમાં બાર મેનેજર સંતોષ શેટ્ટી સહિત શાહીદ અન્સારી, પુત્તુસ્વામી ગૌડા, ભગવાન સિંહ, સોહેલ ઉર્ફે શેખ અમીન હુસેન, સુનીલ કુમાર રૂવાની, રાજેશ યાદવ, અમર પાટીલનો સમાવેશ છે. તમામને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને ૩૧ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપર પૂર્વમાં ૯૦ ફીટ રોડ પર આવેલા હેડક્વૉર્ટર રેસ્ટો-બારમાં શનિવારે રાતે આ ઘટના બની હતી.

અંધેરી પૂર્વમાં ઓલ્ડ નાગરદાસ રોડ પર રત્ન તરંગ સોસાયટીમાં રહેતા કિરણ જયંતીભાઇ લાલન (૬૦) શનિવારે સાંજના પુત્ર હર્ષ સાથે ઘાટકોપરના હૅડક્વૉર્ટર રેસ્ટો-બારમાં સંતોષ શેટ્ટીને કામ નિમિત્તે મળવા આવ્યા હતા. કિરણભાઇ અને સંતોષ શેટ્ટી એકબીજાને ઓળખતા હોઇ કિરણભાઇ અગાઉ પણ ઘણી વાર શેટ્ટીમાં મળવા માટે બારમાં આવ્યા હતા.

શનિવારે સાંજના પિતા-પુત્રએ બારમાં આવ્યા બાદ શેટ્ટીને કૉલ કર્યો હતો, પણ તેણે રિસિવ કર્યો નહોતો. તેમણે શેટ્ટીની ઘણા સમય રાહ જોઇ પણ તે આવ્યો નહીં. આથી કંટાળીને હર્ષે રાતના ૧૦ વાગ્યે બારના કૅશ કાઉન્ટર પર જઇને મેનેજરને શેટ્ટી વિશે પૂછપરછ કરી હતી. આથી રોષે ભરાયેલા મેનેજરે હર્ષને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. બાદમાં મેનેજર, વેઇટરો તથા ત્યાંનો સ્ટાફ હર્ષની મારપીટ કરવા લાગ્યો હતો.

પુત્રને બચાવવા માટે કિરણભાઇ વચ્ચે પડતાં તેમને પણ માર મારવામાં આવ્યો હતો, જેમાં તેમને માથામાં ઇજા થઇ હતી.

દરમિયાન સારવાર લીધા બાદ પિતા-પુત્ર રાતે અંધેરી પાછા ફર્યા હતા. હર્ષની કરાયેલી મારપીટને કારણે તેનું શરીર દુખતું હતું. બીજે દિવસે સવારે કિરણભાઇએ હર્ષને જગાડવાનો પ્રયાસ કર્યો હતો, પણ તે જાગ્યો નહોતો. બેભાન અવસ્થામાં હર્ષને કૂપર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. માથામાં ઇજાને કારણે હર્ષનું મૃત્યુ થયું હતું, એમ ડોક્ટરોએ જણાવ્યું હતું.

પંતનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર રાજેશ કેવલેએ *'મુંબઈ સમાચાર'*ને જણાવ્યું હતું કે સંતોષ શેટ્ટી અને ફરિયાદી વચ્ચે વ્યાવસાયિક કરાર હતો. ફરિયાદી અંધેરી વિસ્તારમાં ફ્લેટ ધરાવે છે અને લોન લેવા માટે ફ્લેટને ગિરવે મૂકવામાં સંતોષે મધ્યસ્થીની ભૂમિકા ભજવી હીત. લોન મંજૂર થયા બાદ પૈસા સંતોષે પોતાની પાસે રાખ્યા હતા અને ફરિયાદીને દરરોજ બેથી ત્રણ હજાર રૂપિયા આપવાનું નક્કી થયું હતું.

જોકે સંતોષ પાસેથી પૈસા ન આવતાં અને ફરિયાદીના ફોનનો જવાબ આપવાનું બંધ કરતાં ફરિયાદી તેના પુત્ર સાથે શનિવારે સંતોષને મળવા બારમાં આવ્યો હતો, એમ ફરિયાદીએ અમને જણાવ્યું હતું.■

# મરાઠા આરક્ષણની સુનાવણી એકડે એકથી શરૂ થશે

## હાઇ કોર્ટમાં નવેસરથી સુનાવણી થવાને કારણે પ્રકરણ લંબાવાની શક્યતા

મુંબઈ: મરાઠા આરક્ષણ સંદર્ભે એક મોટા સમાચાર સામે આવ્યા છે. મરાઠા આરાક્ષણ બાબતે મુંબઈ હાઈ કોર્ટે મોટો નિર્ણય લીધો હોઇ આ પ્રકરણની સુનાવણી હવે નવેસરથી શરૂ કરવામાં આવશે, એવી માહિતી સામે આવે છે. સરકારી નોકરીઓ અને એજ્યુકેશનમા મરાઠા આરક્ષણ કાયદાને પડકારતી અરજી પર શરૂઆતથી જ ફરી વાર સુનાવણી થશે.

અરજીકર્તા તરફથી નવનિયુક્ત ન્યાયાધીશને વિનંતી કરવામાં આવી હતી. જોકે આ કેસમાં આખી બેંચ દ્વારા સુનાવણી કરાય એ માટે પણ કહેવામાં આવ્યું હતું. દરમિયાન કોર્ટે એ વિનંતીને માન્યતા આપી છે. આને કારણે હવે ચીફ જસ્ટિસની અધ્યક્ષતામાં સંપૂર્ણ બેંચ સુનાવણી હાથ ધરવા માટે તૈયાર થઇ છે. આ સાથે જ અરજીકર્તાને આ બાબત રજિસ્ટ્રાર પાસે નવેસરથી અરજી કરવા માટેનો નિર્દેશ કોર્ટે આપ્યો હતો.

મરાઠા આરક્ષણ સંદર્ભે મુંબઈ હાઈ કોર્ટે ફરી નવેસરથી સુનાવણી થવાની હોવાનો નિર્દેશ આપતાં હવે મરાઠા આરાક્ષણની સુનાવણી લંબાય એવી શકયતા વર્તાઇ રહી છે. કારણ કે આ પહેલાં ચીફ જસ્ટિસની અધ્યતા હેઠળ કોર્ટ આ પ્રકરણે સુનાવણી લેતી હોવાથી સુનાવણી લગભગ પૂરી થવાને આરે હતી.

જોકે ૬૦ ટકા સુનાવણી પૂરી થવાને આરે હતી. અરજીકર્તા દ્વારા દલીલો થઇ ગઇ હતી અને સરકારી વકીલની દલીલો ચાલી રહી હતી. એવામાં મુંબઈ હાઈ કોર્ટના ચીફ જસ્ટિસની બદલી થતાં સુનાવણી નવેસરથી ખંડપીઠ સમક્ષ થશે, એવી માહિતી સામે આવી છે.■

# મહિલાના ગર્ભમાંના બાળકના પેટમાં પણ બાળક...

બુલઢાણા: બુલઢાણાની એક સરકારી હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાની સોનોગ્રાફી હાલ ચર્ચામાં છે. તબીબે સોનોગ્રાફીની બારીકાઈથી તપાસ કરી તો તેઓ પણ ચોંકી ગયા કારણ કે સગર્ભા મહિલાના પેટમાં એક બાળક દેખાતું હતું. સાથે આ બાળકના પેટમાં પણ એક બાળક દેખાતું હતું.

બે દિવસ પહેલા જિલ્લાના મોતાલા તાલુકાના એક ગામની ૯ મહિનાની ગર્ભવતી મહિલા (૩૨ વર્ષ) સરકારી મહિલા હોસ્પિટલમાં આવી હતી. ત્યાં ડો.પ્રસાદ અગ્રવાલે ગર્ભવતી મહિલાની સોનોગ્રાફી કરી હતી. સોનોગ્રાફી કરતી વખતે તેમને મહિલાના પેટમાં એક બાળક દેખાતું હતું, પરંતુ તે જ બાળકના પેટમાં બીજું કંઈક પણ દેખાતું હતું. ડોક્ટર અગ્રવાલે વધુ ત્રણ વખત મહિલાની સોનોગ્રાફી કરી અને તેમણે જોયું કે બાળકના પેટમાં પણ એક બાળક છે. ડોક્ટર અગ્રવાલે આ વાત તેમના ઉપરીઓને જણાવી. ઉપરીઓએ સગર્ભા મહિલાને ડિલિવરી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય તે માટે સંભાજીનગર મોકલી દીધી હતી.

ગાયનેકોલોજિસ્ટ ડો.પ્રસાદ અગ્રવાલને પૂછવામાં આવ્યું કે શું મહિલા અને તેના ગર્ભમાં રહેલા બાળકને કોઈ નુકસાન થવાની શક્યતા છે?

આના જવાબમાં ડોક્ટરે કહ્યું કે મહિલાને કોઈ સમસ્યા નહીં થાય. પરંતુ જો ડિલિવરી પછી જન્મેલા બાળકને તાત્કાલિક સારવાર આપવામાં નહીં આવે તો તેની વૃદ્ધિમાં અવરોધ આવી શકે છે. સિવિલ સર્જન ડો.ભાગવત ભુસારીએ જણાવ્યું કે, મેડિકલ ભાષામાં તેને ગર્ભમાં ગર્ભ કહેવાય છે. દુનિયામાં આવા ૨૦૦ જેટલા કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાંથી ભારતમાં અત્યાર સુધીમાં આવા ૧૫ થી ૨૦ કેસ બન્યા છે. ■

# ટ્રેનમાંથી પડી જતાં કચ્છી યુવતીએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાંજના સમયે પ્રવાસીઓની ભીડને કારણે ટ્રેનમાંથી પડી ગયેલી કચ્છી યુવતીએ જીવ ગુમાવ્યો હોવાની ઘટના રામમંદિર સ્ટેશન નજીક બની હતી.

બોરીવલી ગવર્નમેન્ટ રેલવે પોલીસના અધિકારી જાધવે જણાવ્યું હતું કે ઘટનાની જાણ અમને મંગળવારની સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ થઈ હતી. જોગેશ્વરી-રામમંદિર સ્ટેશન દરમિયાન પાટા પર એક યુવતી જખમી અવસ્થામાં પડી હોવાની માહિતી સ્ટેશન માસ્તર દ્વારા કન્ટ્રોલ રૂમને કરાઈ હતી. કન્ટ્રોલ રૂમમાંથી મેસેજ મળતાં જ અમારી ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

બેભાન યુવતીને હૉસ્પિટલમાં લઈ જવામાં આવતાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. તેની પાસેથી મળેલા દસ્તાવેજો અને મોબાઈલ ફોનની મદદથી પરિવારજનોનો સંપર્ક કરાયો હતો. મૃતકની ઓળખ નમ્રતા હસમુખ ગડા (૩૦) તરીકે થઈ હતી. આ પ્રકરણે એડીઆર નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાધવે જણાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર કચ્છના સામખિયાળી ગામની વતની નમ્રતા પરિવાર સાથે અંધેરીમાં રહેતી હતી. સી.એ.ની તૈયારી કરતી નમ્રતા કામ નિમિત્તે બોરીવલી જવા નીકળી હતી. સાંજના સમયે બોરીવલી જતી ટ્રેનોમાં પ્રવાસીઓની ભીડ વધુ હોવાથી તે ટ્રેનમાંથી પડી ગઈ હોવાનું માનવામાં આવે છે.

પોલીસના કહેવા મુજબ યુવતીને ટ્રેનમાંથી પડતી જોનારું કોઈ પોલીસ સમક્ષ હાજર થયું નહોતું. જોકે સ્ટેશન માસ્તરને કોણે જાણ કરી તેની તપાસ અમે કરી રહ્યા છીએ.

યુવતી ખરેખર ટ્રેનના કયા ડબ્બામાંથી અને કેવી રીતે પડી તેની માહિતી મળી શકી નથી.

# ઘણસોલી સ્ટેશનેથી મળેલી છોકરી દુષ્કર્મનો ભોગ

નવી મુંબઈ: નવી મુંબઈના ઘણસોલી રેલવે સ્ટેશન પર એકલી બેસેલી ૧૨ વર્ષની બાળકી પોલીસને મળી આવી હતી. પ્રાથમિક તબીબી તપાસમાં છોકરી સાથે દુષ્કર્મ કરાયું હોવાની સ્પષ્ટતા થતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ પ્રકરણે વાશી ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) બાળકીના પરિવારજનોની શોધખોળ શરૂ કરી હતી.

છોકરી સાથે નવી મુંબઈની હદમાં જ દુષ્કર્મ કરાયું હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. પોલીસ આરોપીની શોધ ચલાવી રહી છે. વાશી જીઆરપીના સિનિયર ઈન્સ્પેક્ટર રાજેશ શિંદેએ જણાવ્યું હતું કે છોકરી ઘણસોલી રેલવે સ્ટેશનેથી સોમવારે મળી આવી હતી. પેટ્રોલિંગ પર હાજર પોલીસની ટીમે છોકરીને એકલી જોઈ તેની પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે છોકરી પોતાનું નામ સુધ્ધાં જણાવતી નહોતી. કહેવાય છે કે ડરી ગયેલી છોકરી તેના પરિવારજનો વિશે કોઈ માહિતી પોલીસને આપી શકી નહોતી. શંકાને આધારે પોલીસ છોકરીને તબીબી તપાસ માટે લઈ ગઈ હતી. તપાસમાં છોકરી સાથે દુષ્કર્મ થયાની ખાતરી થઈ હતી. (પીટીઆઈ)■

**ગોવિંદ પાનસરે હત્યા**

# છ આરોપીને જામીન અપાયા

મુંબઈ: રેશનલિસ્ટ અને લેખક ગોવિંદ પાનસરેની ૨૦૧૫માં થયેલી હત્યાના કેસમાં લાંબો સમય જેલમાં હોવાના આધારે બોમ્બે હાઈકોર્ટે બુધવારે છ આરોપીના જામીન મંજૂર કર્યા હતા. ન્યાયમૂર્તિ એ. એસ. કિલોરની ખંડપીઠે છ આરોપી - સચિન અંદુરે, ગણેશ મિસ્કીન, અમિત દેગવેકર, અમિત બડ્ડી, ભરત કુરાણે અને વાસુદેવ સૂર્યવંશીની જામીન અરજીને મંજૂરી આપી હતી. ૨૦૧૮થી ૨૦૧૯ની વચ્ચે અલગ અલગ તારીખે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તેઓ જેલમાં છે.ન્યાયમૂર્તિ કિલોરે જણાવ્યું હતું કે લાંબી કેદને ધ્યાનમાં રાખી છ આરોપીની જામીન અરજીને હું મંજૂરી આપું છું. અન્ય આરોપી - વિરેન્દ્રસિંહ તાવડે દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીની અલગથી સુનાવણી કરવામાં આવશે. ૮૨ વર્ષના પાનસરે પર ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ના દિવસે મહારાષ્ટ્રના કોલ્હાપુર શહેરમાં ગોળીબાર થયો હતો અને ૨૦ ફેબ્રુઆરીએ તેમનું મૃત્યુ થયું હતું. રેશનલિસ્ટ અને તેમનાં પત્ની ઉમા કોલ્હાપુરના સમ્રાટ નગર વિસ્તારમાં મોર્નિંગ વોક કરી ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે બે મોટરબાઈક સવાર શખ્સો ગોળીબાર કરી નાસી છૂટ્યા હતા.

૧૨ આરોપીની ઓળખ થઈ છે અને તેમાંથી ૧૦ની ધરપકડ કરવામાં આવી છે. ૧૦ આરોપીઓ સામે ખટલો ચાલુ છે. બે શૂટર હજી ફરાર છે. હાઈકોર્ટે આ કેસની સુનાવણી ઝડપી બનાવવા તેની રોજેરોજ સુનાવણી કરવા આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# વધુ એક મહિલા ભોગ બની જીબીએસનો

મુંબઈ: રાજ્યમાં ગીઆન બૅરે સિન્ડ્રોમ (જીબીએસ)એ વધુ એકનો ભોગ લીધો છે. સોલાપુરની ૪૦ વર્ષની મહિલાનું જીબીએસને કારણે મૃત્યુ થયું છે. આ રોગના નવા ૧૬ કેસ મળી આવ્યા છે.

અત્યાર સુધી જીબીએસના ૧૨૭ કેસ નોંધાયા છે. દર્દીઓની સંખ્યા ધીરે ધીરે વધી રહી છે. દરમિયાન પ્રશાસને તકેદારીના ભાગરૂપે શંકાસ્પદ દર્દીને શોધવા માટે આગામી બે દિવસમાં ઘરે ઘરે સર્વેક્ષણ હાથ ધરવાનું નક્કી કર્યું છે. ■

# દસમા-બારમાની પરીક્ષામાં બુરખો પહેરવાની છૂટ ન આપો: નિતેશ રાણે

મુંબઈ: આવતા મહિને શરૂ થતી દસમા અને બારમાની બોર્ડની પરીક્ષામાં બુરખા સાથેની વિદ્યાર્થિનીઓ પર પરીક્ષા-બંધી લાદવાની મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા નિતેશ રાણેએ કરી છે.

મહારાષ્ટ્ર બોર્ડની દસમા ધોરણની પરીક્ષા ૨૧મી ફેબ્રુઆરીથી ૧૭મી માર્ચ ૨૦૨૫ દરમિયાન અને બારમાની પરીક્ષા ૧૧ મી ફેબ્રુઆરીથી ૧૮ મી માર્ચ ૨૦૨૫ દરમિયાન લેવામાં આવશે. પરીક્ષાને હવે એક જ મહિનો બાકી હોવાથી વિદ્યાર્થીઓ દિવસ રાત પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. દરમિયાન ભાજપના મત્સ્યોદ્યોગ વિકાસ પ્રધાન નિતેશ રાણેએ દસમા અને બારમા ધોરણની પરીક્ષામાં બુરખો પહેરીને પ્રવેશ નકારવામાં આવે તેવી માંગ કરતો પત્ર શાળા શિક્ષણ વિભાગને લખ્યો છે. નકલોનું પ્રમાણ વધવાની શક્યતા વ્યક્ત કરીને આ માંગણી કરવામાં આવી છે.

નિતેશ રાણેએ કહ્યું હતું કે દસમા અને બારમાની પરીક્ષામાં બુરખા પહેરેલા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ ન દેવો જોઈએ. બુરખો પહેરીને પરીક્ષામાં બેસવાના ઘણા જોખમો છે. જેને ધ્યાનમાં લઈને તેમણે આ નિર્ણય રદ કરવા વિનંતી કરી છે.■

**બાબા સિદ્દીકી હત્યાકેસ**

# ગેન્ગસ્ટર અનમોલ બિશ્નોઇ, બે વૉન્ટેડ આરોપી સામે વૉરન્ટ જારી

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં વિશેષ કોર્ટે બુધવારે ગેન્ગસ્ટર અનમોલ બિશ્નોઇ અને બે વોન્ટેડ આરોપી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરન્ટ જારી કર્યું છે. મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) હેઠળના કેસોના વિશેષ જજ બી.ડી. શેળકેએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે કોર્ટ માને છે કે વોન્ટેડ આરોપી બિશ્નોઇ ફરાર છે અને તે સમન્સનું પાલન કરશે નહીં. આથી તેની હાજરી સુનિશ્ચિત કરવા માટે તેની સામે કાયમી ધોરણે બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરવું જરૂરી છે. ફરાર આરોપી શુભમ લોણકર અને મોહંમદ યાસીન અખ્તર વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરતી વખતે પણ કોર્ટે સમાન અવલોકન કર્યાં હતાં.

જજે નોંધ્યું હતું કે કોર્ટે અભિનેતા સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાન બહાર એપ્રિલ, ૨૦૨૪માં ગોળીબાર કરવાના કેસમાં અમેરિકાના સંબંધિત સત્તાવાળાઓને અનમોલ બિશ્નોઇને પ્રત્યર્પણ કરવાની વિનંતી પહેલેથી જ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૨ ઑક્ટોબર, ૨૦૨૪ની રાતે સિદ્દીકીની હત્યાના કેસમાં પકડાયેલા ૨૬ આરોપી વિરુદ્ધ પોલીસે આરોપનામું દાખલ કર્યું હતું. આ કેસમાં અનમોલ બિશ્નોઇ, લોણકર અને અખ્તરને વોન્ટેડ આરોપી બતાવવામાં આવ્યા છે. (પીટીઆઇ)

# હવામાં જરાય ભેજ નહોતો, મારી ધારણા ખોટી પડીઃ સૂર્યકુમાર

રાજકોટઃ ઇંગ્લૅન્ડ સામે ભારતે પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝમાં કોલકાતાની પ્રથમ મૅચ અને ચેન્નઈની બીજી મૅચ જીતીને ખૂબ સારી શરૂઆત કરી હતી, પણ રાજકોટમાં વિજયરથ અટકી ગયો જેના માટે અમુક અંશે ભારતની બોલિંગ અને ખાસ કરીને કૅપ્ટન સૂર્યકુમાર યાદવ સહિતના ટૉપ-ઑર્ડરનો ફ્લૉપ-શો જવાબદાર છે જ, ખુદ સૂર્યકુમારે એક કારણમાં જણાવ્યું છે કે 'હું તો માનતો હતો કે સાંજ પછી મોડેથી હવામાં ભેજ રહેશે, પરંતુ એવી કોઈ અસર નહોતી જોવા મળી.'

ભારત શ્રેણીમાં ૨-૦થી આગળ હતું, પણ મંગળવારના પરાજય સાથે રેશિયો ૨-૧નો થઈ ગયો હતો.

સૂર્યકુમારે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. ઇંગ્લૅન્ડે સાતમા રને પ્રથમ વિકેટ ગુમાવી હતી અને ત્યાર પછી બીજી વિકેટ છેક ૮૩મા રને પડી હતી. ૧૨૭ રનના સ્કોર પર આઠમી વિકેટ પડી હતી એ જોતાં આ ટીમ દોઢસો રન નહીં બનાવી શકે એવું મનાતું હતું. જોકે તેમનો દાવ છેક ૧૭૧/૯ના સ્કોર પર પૂરો થયો હતો અને ભારતીય ટીમને ૧૭૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો.



મંગળવારે રાજકોટમાં આર્ચરની વિકેટ મળ્યા પછી ખુશખુશાલ વરુણ અને સાથીઓ.

ભારતના ટોચના આઠમાંથી એકમાત્ર હાર્દિક પંડ્યા (૪૦ રન) પચીસ રનનો આંકડો પાર કરી શક્યો હતો. સંજુ સૅમસન (૩ રન) ફરી સારું રમવામાં નિષ્ફળ ગયો હતો. શુક્રવારની ચોથી મૅચમાં તેના સ્થાને ધ્રુવ જુરેલને વિકેટકીપિંગ-બૅટિંગની સંયુક્ત જવાબદારી સોંપાશે તો નવાઈ નહીં લાગે. અભિષેક શર્મા (૨૪), સૂર્યકુમાર (૧૪), તિલક વર્મા (૧૮), વૉશિંગ્ટન સુંદર (૬), અક્ષર પટેલ (૧૫) અને ધ્રુવ જુરેલ (૨) પણ મંગળવારે લાંબી ઇનિંગ્સ નહોતા રમી શક્યા. ભારતનો દાવ ૨૦મી ઓવરમાં નવ વિકેટે ૧૪૫ રનના સ્કોર પર પૂરો થયો હતો અને બ્રિટિશ ટીમનો ૨૬ રનથી વિજય થયો હતો.

સૂર્યકુમાર યાદવે કૉમેન્ટેટર હર્ષા ભોગલેને કહ્યું હતું કે 'મૅચમાં પછીથી થોડો ભેજ હશે એટલે ટીમ ઇન્ડિયાને ફાયદો થશે એવું મેં ધાર્યું હતું. જોકે એવી કોઈ અસર દેખાઈ નહોતી. બીજું, હાર્દિક-અક્ષર ક્રીઝમાં હતા અને અમારે ૨૪ બૉલમાં પંચાવન રન બનાવવાના બાકી હતા ત્યારે લાગતું હતું કે મૅચ અમારા હાથમાં છે. જોકે આદિલભાઈ (સ્પિનર આદિલ રાશિદ)ને જીતનો શ્રેય આપવો જોઈએ. અમારા બૅટર્સ સ્ટ્રાઇક રૉટેટ કરવા માગતા હતા, પણ તેણે એ નહોતું થવા દીધું.'

સૂર્યકુમારે કહ્યું કે 'અમે હંમેશાં ટી-૨૦ મૅચમાંથી કંઈકને કંઈક નવું શીખતા હોઈએ છીએ. ૧૨૭ રન પર તેમની આઠ વિકેટ હતી અને પછી તેમનો સ્કોર ૧૭૧ રન સુધી પહોંચી જવો એ ઠીક નહોતું થયું. બૅટિંગમાં પણ અમારે કંઈક શીખવાની જરૂર છે.'

જૅમી ઓવર્ટને ત્રણ તેમ જ જોફ્રા આર્ચર તથા બ્રાયડન કાર્સે બે-બે વિકેટ અને આદિલ રાશિદ અને માર્ક વૂડે એક-એક વિકેટ લીધી હતી. ખાસ કરીને આદિલે ચાર ઓવરમાં ફક્ત ૧૫ રન આપ્યા હતા. જોકે ભારતના પરાજય છતાં સ્પિનર વરુણ ચક્રવર્તીને પાંચ વિકેટના તરખાટ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■


# રાષ્ટ્રીય રમતોત્સવના આરંભમાં ૧૪ વર્ષની સ્વિમર ધીનિધિ છવાઈ ગઈ

દેહરાદૂનઃ ૩૮મા રાષ્ટ્રીય રમતોત્સવના આરંભમાં આજે કર્ણાટક રાજ્યના ઍથ્લીટો-ખેલાડીઓએ સૌથી વધુ પાંચ ગોલ્ડ સહિત કુલ સાત મેડલ જીત્યા હતા, જ્યારે મણિપુર ચાર ગોલ્ડ સહિત આઠ ચંદ્રક સાથે બીજા નંબરે અને મહારાષ્ટ્ર બે ગોલ્ડ સહિત કુલ આઠ ચંદ્રક સાથે ત્રીજા સ્થાને હતું. જોકે આ બધા વચ્ચે કર્ણાટકની ૧૪ વર્ષની સ્વિમર ધીનિધિ દેસિન્ઘુ છવાઈ ગઈ હતી. તે ત્રણ ગોલ્ડ મેડલ જીતી હતી.

ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં ભાગ લેનાર ભારતની યંગેસ્ટ ઍથ્લીટ દેસિન્ઘુ પહેલાં તો મહિલાઓની ૨૦૦ મીટર ફ્રીસ્ટાઇલ ઇવેન્ટમાં બે મિનિટ અને ૩.૨૪ સેકન્ડના વિક્રમજનક ટાઇમિંગ સાથે ગોલ્ડ જીતી હતી. ત્યાર બાદ તેણે ૧૦૦ મીટર બટરફ્લાય ઇવેન્ટમાં તેમ જ ૪-૪૦૦ મીટર ફ્રીસ્ટાઇલમાં પણ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. ૨૦૦ મીટર ફ્રીસ્ટાઇલમાં અગાઉનો વિક્રમ ૨ઃ૦૭.૦૮નો હતો જે દેસિન્ઘુના રાજ્ય કર્ણાટકની હાશિકા રામચંદ્રના નામે હતો જે તેણે ૨૦૨૨માં ગુજરાત ખાતેની નૅશનલ ગેમ્સમાં નોંધાવ્યો હતો.

મહિલાઓની ખો-ખોમાં મહારાષ્ટ્રએ પશ્ચિમ બંગાળને ૨૪-૨૦થી હરાવ્યું હતું, જ્યારે ઓડિશાનો ગુજરાત સામે ૨૬-૧૬થી વિજય થયો હતો. પુરુષોની ખો-ખોમાં ઓડિશાનો બંગાળ સામે ૪૪-૨૮થી અને કર્ણાટકનો ઉત્તરાખંડ સામે ૩૬-૧૮થી વિજય થયો હતો.





**રાષ્ટ્રીય રમતોત્સવના રોમાંચ પહેલાં શાનદાર શુભારંભઃ** ઉત્તરાખંડમાં મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૮મા રાષ્ટ્રીય રમતોત્સવનું શાનદાર સમારોહમાં ઉદ્ઘાટન કર્યું હતું (એકદમ ઉપર). આ સમારંભમાં કલાકારોએ પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું અને એમાં યોગ આધારિત શો (ઉપર) પણ યોજાયો હતો. (પીટીઆઇ)

# હાર્દિક, ટી-૨૦માં સેટ થવા માટે ૨૦-૨૫ બૉલ લેવાય?: પાર્થિવ

## ▶ ધ્રુવ જુરેલને બૅટિંગમાં મોડો મોકલવાના નિર્ણયને પીટરસને પણ વખોડ્યો

રાજકોટઃ મંગળવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં હાર્દિક પંડ્યા (૪૦ રન, ૩૫ બૉલ, ૫૯ મિનિટ, બે સિક્સર, એક ફોર)એ બ્રિટિશ બોલર્સને લડત આપી હતી, પરંતુ છેવટે ભારતની હાર સાથે મૅચનું પરિણામ આવ્યું, સિરીઝ જે ભારતની તરફેણમાં ૨-૦ની હતી એ હવે ૨-૧ થઈ ગઈ છે અને આ સ્થિતિમાં ભારતે મંગળવારે જે કારણસર પરાજય જોવો પડ્યો એમાં હાર્દિકનું પણ નામ લેવાઈ રહ્યું છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર પાર્થિવ પટેલે હાર્દિકની ધીમી બૅટિંગ બદલ ટીકા કરી છે.

વાત એવી છે કે ભારતીય ટીમ ૧૭૨ રનનો સાધારણ લક્ષ્યાંક ચેઝ નહોતી કરી શકી. પાંચમા નંબરે બૅટિંગમાં મોકલવામાં આવેલા હાર્દિકે ૧૯મી ઓવરમાં વિકેટ ગુમાવી હતી. તે સ્ટ્રાઇક પર હતો ત્યાં સુધી ભારતની જીતવાની આશા જીવંત હતી. તે આઉટ થયો એ પહેલાં ભારતે જીતવા ૧૨ બૉલમાં ૪૧ રન બનાવવાના હતા જે સંભવ હતા. જોકે તેણે ૧૯મી ઓવરમાં (જૅમી ઓવર્ટનના) પહેલા જ બૉલમાં લૉન્ગ-ઑફ પર કૅપ્ટન જૉસ બટલરને આસાન કૅચ આપી દીધો એ સાથે વિજયની આશા મંદ પડી હતી અને તેની વિકેટ બાદ બીજી બે વિકેટ (મોહમ્મદ શમી, ધ્રુવ જુરેલ) પડી હતી અને છેવટે ૨૦ ઓવરમાં ૧૪૫/૯ના સ્કોર સાથે ભારતનો દાવ પૂરો થયો હતો અને ઇંગ્લૅન્ડનો ૨૬ રનથી વિજય થયો હતો.

પાર્થિવ પટેલ હાલમાં હાર્દિકની ભૂતપૂર્વ આઇપીએલ ટીમ ગુજરાત ટાઇટન્સનો બૅટિંગ-કોચ છે. એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલ પર આપેલી પ્રતિક્રિયામાં પાર્થિવના મતે હાર્દિકના ઘણા ડૉટ-બૉલ ભારતને નડ્યા હતા.

પાર્થિવનું એવું પણ કહેવું છે કે 'ટી-૨૦ મૅચમાં કોઈ બૅટર ૨૦-૨૫ બૉલ રમીને સેટ થાય એ ચાલે જ નહીં. સેટ થવામાં થોડો સમય લાગે એ સમજી શકાય, પણ સ્ટ્રાઇક રૉટેટ કરતા રહેવું જોઈએ. હાર્દિકે ૩૫ બૉલમાં ૪૦ રન બનાવ્યા ખરા, પરંતુ તેની ઇનિંગ્સની શરૂઆતમાં ઘણા ડૉટ-બૉલ હતા.'


હાર્દિકે એક કલાકની ઈનિંગ્સમાં ૩૫ બૉલમાં ૪૦ રન બનાવ્યા હતા.

૧૪મી ઓવરને અંતે હાર્દિક ૨૧ બૉલમાં બનાવેલા ૧૪ રને રમી રહ્યો હતો. ૧૮મી ઓવરને અંતે તે ૪૦ રન પર હતો. જોકે એ ઓવરના પાંચમા બૉલમાં હાર્દિકે એક રન લીધો હતો, પણ છેલ્લા બૉલમાં ધ્રુવ જુરેલ સાથે તે સિંગલ દોડી શકે એમ હતો, પણ નહોતો દોડ્યો અને ૧૯મી ઓવરની શરૂઆતમાં પોતે સ્ટ્રાઇક પર આવ્યો હતો અને પહેલા જ બૉલમાં તેણે ઊંચા શૉટમાં વિકેટ ગુમાવી હતી.

એક તરફ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર કેવિન પીટરસને શા માટે ધ્રુવ જુરેલને છેક આઠમા ક્રમે બૅટિંગમાં મોકલવામાં આવ્યો? એવો સવાલ ઉઠાવ્યો હતો ત્યાં બીજી બાજુ પાર્થિવ પટેલે પણ બૅટિંગ-ઑર્ડર વિશેની ટિપ્પણીમાં કહ્યું હતું કે 'ચોથા નંબર સુધી લેફ્ટ-રાઇટ કૉમ્બિનેશન જાળવી રાખવામાં આવ્યું એ ઠીક છે, પણ ત્યાર બાદ તો આ ફૉર્મેટ માટેના બેસ્ટ બૅટરને જ આગળ મોકલવા જોઈએ. જુરેલ ટી-૨૦ ફૉર્મેટમાં બહુ સારી બૅટિંગ કરી જાણે છે. તે ભારતની ઇનિંગ્સને વધુ સારી રીતે ડેવલપ કરી શક્યો હોત.'

ભારત સિરીઝમાં ૨-૧થી આગળ છે. ચોથી મૅચ શુક્રવારે પુણેમાં અને છેલ્લી મૅચ રવિવારે વાનખેડેમાં રમાશે. ■

# શું વિરાટ કોહલીએ પ્રાઈવેટ જેટ વિમાન ખરીદી લીધું છે?

## પત્ની અનુષ્કા સાથે ૧૨૫ કરોડ રૂપિયાવાળા વિમાનમાં પ્રવાસ કરતો અને એની પાસે પોઝ આપતો ક્યારેક જોવા મળ્યો છે





નવી દિલ્હીઃ વિરાટ કોહલી ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા શર્મા સાથે થોડા સમય પહેલાં પ્રાઇવેટ ઍરોપ્લેનમાં બેસીને વેસ્ટ ઈન્ડિઝથી ભારત પાછો આવ્યો હતો એ સમયની ઍરપોર્ટ ખાતેની તેની તસવીર હમણાં વાઈરલ થઈ છે. કોહલીએ આ અગાઉ પણ અનુષ્કા સાથે પ્રાઇવેટ જેટ વિમાન સાથેની તસવીરો સોશિયલ મીડિયામાં શૅર કરી હતી જેને કારણે તેમના ચાહકોમાં એવી ચર્ચા છે કે કોહલી અને અનુષ્કાએ ભેગા થઈને એક પ્રાઇવેટ જેટ પ્લેન ખરીદી લીધું છે.

વિરાટ કોહલી અને અનુષ્કાનું લંડનમાં નિવાસસ્થાન હોવાનું મનાય છે. એ તેમનું સેકન્ડ-હોમ જેવું છે અને તેઓ સપરિવાર વર્ષ દરમ્યાન બે-ત્રણ વખત લંડન જતા હોય છે.

કોહલીએ તાજેતરમાં એક ફોટો મીડિયામાં શૅર કર્યો હતો જેની કેપ્શનમાં તેણે આ ઍરક્રાફ્ટ બદલ ઍર ચાર્ટર સર્વિસ નામની કંપનીનો તેમ જ પાઇલટ અબુ પટેલનો આભાર માન્યો હતો. વિરાટ કોહલી હાલના ક્રિકેટરોમાં સૌથી શ્રીમંત છે. તેની નેટવર્થ (સંપત્તિ) ૧૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ છે એટલે તેના માટે 'સેસ્ના ૬૮૦ સાઇટેશન સૉવરિન' નામનું ૧૨૫ કરોડ રૂપિયાની કિંમતનું જેટ ઍરક્રાફ્ટ ખરીદવું કોઈ મોટી વાત નથી.

ખરેખર તો કોહલી અને અનુષ્કા એક પ્રાઇવેટ જેટ વિમાનની માલિકી ધરાવતા હોવાની ચર્ચા થોડા વર્ષોથી ઈન્ટરનેટ પર થઈ રહી છે. ૨૦૧૯માં ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસેથી પાછા આવ્યા બાદ તેમણે રન-વે પાસે વિમાનની બાજુમાં ઊભા રહીને પોઝ આપ્યો હતો ત્યારે પણ કેટલાકને શંકા થઈ હતી કે તેમણે આ વિમાન ખરીદી લીધું છે.


૨૦૨૧માં કોહલીએ કોઈ જેટ વિમાન ખરીદી લીધું હોવાની વાત નકારી કાઢી હતી, પરંતુ ફરી એકવાર એ વિશેની અટકળ હાલમાં ચર્ચાઈ રહી છે. કોહલીના ચાહકોનો અમુક વર્ગ આ વિષયમાં તેની ટીકા પણ કરે છે. તેમનું કહેવું છે કે કોહલી એક તરફ પર્યાવરણની રક્ષાની વાતો કરે છે તેમ જ દર વર્ષે આઇપીએલમાં આરસીબીની એક મૅચમાં ઉત્સાહભેર 'ગો ગ્રીન' બેનર હેઠળ ગ્રીન ડ્રેસમાં રમતો જોવા મળે છે અને બીજી બાજુ પ્રાઇવેટ જેટ વિમાનની માલિકી ધરાવે છે. કોહલી હંમેશાં પ્રદૂષણ-મુક્ત દિવાળીની ઉજવણીનો સંદેશ પણ આપતો હોય છે.

એક વેબસાઈટના અહેવાલ મુજબ એક પ્રાઇવેટ જેટ વિમાન એક કલાકમાં બે મેટ્રિક ટન જેટલો કાર્બન ડાયોક્સાઇડ બહાર ફેંકે છે. એક કમર્શિયલ ફ્લાઈટના એક પૅસેન્જર દીઠ જેટલું પ્રદૂષણ હવામાં ભળે એના કરતાં એક પ્રાઇવેટ જેટ વિમાનનું આ પ્રદૂષણ ૧૪ ગણું કહેવાય. ■

# અરે ઓ સાંભા...કિતને આદમી વૉલીબૉલ ખેલ રહે હૈ?

## ▶ અફઘાનિસ્તાનમાં ટેકરીઓ વચ્ચે વૉલીબૉલનો મુકાબલોઃ 'શોલે' ફિલ્મના સીન યાદ અપાવતો માહોલ

કાબુલઃ થોડા વર્ષોથી તાલીબાનનો કબજો છે એટલે અફઘાનિસ્તાનમાં ખેલકૂદને મહત્ત્વ તો આપવામાં આવે છે, પણ પોતાની સ્ટાઇલમાં. આ પ્રાચીન દેશ હાલમાં પુરુષ-પ્રધાન છે જેમાં માત્ર પુરુષો જ રમતગમતમાં ભાગ લઈ શકે છે. એમાંની એક ઘટના રસપ્રદ છે જેમાં કેટલાક ખેલાડીઓ સમંગન પ્રાન્તમાં પહાડો વચ્ચે વૉલીબૉલ રમી રહ્યા છે અને એનો વીડિયો વાઇરલ થયો છે.



સમંગન પ્રાન્તમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબ ઓછું છે. આ પ્રાન્તમાં રહેતા મોટા ભાગના લોકો મૂળ તાજિકિસ્તાનના, ઉઝબેકિસ્તાનના, હઝારિસ્તાનના અને તુર્કીના છે.

આ પ્રાન્તમાં વૉલીબૉલની રમત લોકપ્રિય છે. ત્યાંના એક પર્વતીય વિસ્તારમાં પહાડોની વચ્ચેની ખાઈમાં વૉલીબૉલપ્રેમીઓએ વૉલીબૉલ કોર્ટ બનાવ્યું છે જ્યાં તેઓ લગભગ દરરોજ રમે છે અને તેમને જોવા માટે આસપાસની ટેકરીઓ પર બેસીને લોકો જુએ છે તેમ જ તેમને ચિયર-અપ કરે છે.

અફઘાનિસ્તાનની આ વૉલીબૉલ મૅચ જોવા માટે લોકો જે રીતે ચારેય કોર ઊંચી ટેકરી પર બેઠેલા છે એ સીન બૉલીવૂડની સૌથી સફળ અને સૌથી લોકપ્રિય ફિલ્મ 'શોલે'નો ગબ્બર સિંહવાળાં દૃશ્યોની યાદ અપાવે છે.

સોશિયલ મીડિયામાં અફઘાનીઓની આ પ્રકારની વૉલીબૉલ મૅચનો વીડિયો જોઈને કેટલાકે રમૂજી ટિપ્પણીઓ કરી છે. રેડિટ પર માર્ટિન-મૅકડૉગલ લખે છે, 'પ્રેક્ષકોમાંથી જો કોઈને કોઈ ટીમનો પર્ફોર્મન્સ ન ગમે તો તેઓ ઉપર બેઠા-બેઠા તેમના પર પથ્થરનો વરસાદ આસાનીથી વરસાવી શકે.'

બીજો એક રમતગમતપ્રેમી લખે છે, 'આ દૃશ્ય અનોખું છે, પણ એમાં મહિલાઓ કેમ નથી?'

ત્રીજો યુરોપિયન સ્પોર્ટ્સલવર લખે છે, 'આ રીતે મૅચ રમાય તો પ્રેક્ષકોની વચ્ચે ફૂડ પૅકેટ્સ વેચનારાઓ કેવી રીતે પહોંચી શકે? એમાં પણ ખાસ કરીને બિયર વેન્ડર માટે તો કોઈ જગ્યા જ નથી.' ■

# રોનાલ્ડોએ 'પાર્ટનર' જ્યોર્જિનાને 'પત્ની' બનાવી લીધી?

## ▶ બર્થ-ડેના મૅસેજમાં 'વાઈફ' શબ્દ વાપર્યો એટલે ચાહકોમાં બન્નેના લગ્ન વિશેની અટકળ થવા લાગી

મૅડ્રિડઃ પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ગર્લફ્રેન્ડ અને પાર્ટનર જ્યોર્જિના રૉડ્રિગ્વેઝ સાથે લાંબા સમયની રિલેશનશિપ બાદ હવે લગ્ન કરી લીધાં હોવાનું મનાય છે. જ્યોર્જિનાનો ૨૭મી જાન્યુઆરીએ ૩૧મો જન્મદિન હતો અને એ નિમિત્તે ઇન્સ્ટાગ્રામ પર હૃદયસ્પર્શી સંદેશ પોસ્ટ કર્યો એના પરથી રોનાલ્ડોના ચાહકોએ ધારણા બાંધી લીધી છે કે બન્નેએ મૅરેજ કરી લીધાં છે.




રોનાલ્ડો-જ્યોર્જિના વચ્ચે સાડાઆઠ વર્ષથી રિલેશનશિપ છે. નવેમ્બર, ૨૦૧૭માં જ્યોર્જિનાએ રોનાલ્ડોથી થયેલી પ્રથમ બાળકીને જન્મ આપ્યો હતો. એપ્રિલ, ૨૦૨૨માં જ્યોર્જિનાએ ટ્વિન્સને જન્મ આપ્યો હતો જેમાંથી એક પુત્રી અને એક પુત્રી હતી. જોકે એમાંથી નવજાત પુત્રનું અવસાન થયું હતું. રોનાલ્ડોને જ્યોર્જિનાની પહેલાં રશિયન મૉડેલ ઇરિના શાયક સાથે પાંચ વર્ષની રિલેશનશિપ હતી. રોનાલ્ડો ૩૯ વર્ષનો છે. જ્યોર્જિના સાથે તેની ફ્રેન્ડશિપ થઈ એ પહેલાં તે ત્રણ બાળકોનો પિતા બન્યો હતો જેમાંથી ટ્વિન્સનો જન્મ સરોગસીથી થયો હતો.

જ્યોર્જિના આર્જેન્ટિનાની છે. જોકે તે સ્પેનનું નાગરિકત્વ પણ ધરાવે છે. તે મૉડેલ છે. તેના ૩૧મા જન્મદિને રોનાલ્ડોએ સોશિયલ મીડિયામાં તેને શુભેચ્છા આપતો જે સંદેશ પોસ્ટ કર્યો એના પરથી અફવા ઊડી છે કે રોનાલ્ડો-જ્યોર્જિના હવે પતિ-પત્ની બની ગયાં છે.

રોનાલ્ડોએ મૅસેજમાં લખ્યું છે, 'મારી આ શુભેચ્છા મમ્મી, પાર્ટનર, ફ્રેન્ડ અને મારી પત્ની માટે છે...હૅપી બર્થ-ડે લવ. તારા જીવનની રોશનીથી અમારા બધાની જિંદગીમાં પ્રકાશ છવાયેલો રહે છે અને અમારા દિલોદિમાગ પર તારો પ્રેમ છવાઈ ગયો છે.' રોનાલ્ડોએ આ સંદેશ સાથે હાર્ટનું ઇમોજી મૂક્યું છે.

રોનાલ્ડોએ આ શુભેચ્છા-સંદેશમાં 'પત્ની' શબ્દનો પ્રયોગ કર્યો એટલે તેના ચાહકો અને ફૉલોઅર્સમાં અટકળ શરૂ થઈ ગઈ છે કે રોનાલ્ડો હવે જ્યોર્જિના સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયો છે. જોકે દંપતીએ સત્તાવાર રીતે કોઈ જાહેરાત નથી કરી.

જ્યોર્જિનાએ થોડા સમય પહેલાં એક ઇન્ટરવ્યૂમાં એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે તે રોનાલ્ડો સાથે લગ્ન કરી લેવા આતુર છે. ■

# સ્ટીવ સ્મિથે વધુ એક સદી ફટકારીને ચાર દિગ્ગજોને પાછળ મૂકી દીધા

## ▶ ભારત સામેની સિરીઝમાં ૯,૯૯૯ રન પર અટકી ગયો હતો, હવે શ્રીલંકા સામે પહેલા જ દિવસે ૧૦,૦૦૦મો રન પૂરો કર્યો

ગૉલઃ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની સાઉથ આફ્રિકા સામેની જૂન મહિનાની ફાઇનલમાં પહોંચી ગયેલા ઑસ્ટ્રેલિયાને અહીં ગઈ કાલે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં ઓપનર ઉસમાન ખ્વાજા (૧૪૭ નૉટઆઉટ, ૨૧૦ બૉલ, એક સિક્સર, દસ ફોર)એ પ્રારંભિક દિવસે જ સારી સ્થિતિમાં લાવી દીધું હતું, પરંતુ બીજા સેન્ચુરિયન સ્ટીવ સ્મિથ (૧૦૪ નૉટઆઉટ, ૧૮૮ બૉલ, એક સિક્સર, દસ ફોર)ની સેન્ચુરી સ્પેશિયલ હતી. કારણ એ છે કે સ્મિથની આ ૩૫મી સદી છે અને તેણે ૩૪ ટેસ્ટ સેન્ચુરી ફટકારી ચૂકેલા ચાર દિગ્ગજ બૅટરને પાછળ મૂકી દીધા છે.

સુનીલ ગાવસકર, બ્રાયન લારા, માહેલા જયવર્દને અને યુનીસ ખાને ૩૪-૩૪ ટેસ્ટ સદી ફટકારી હતી. હવે સ્મિથ આ ચારેયથી આગળ થઈ ગયો છે અને સૌથી વધુ ટેસ્ટ સેન્ચુરી ફટકારનારાઓમાં સાતમા નંબરે આવી ગયો છે. તે વધુ એક સદી (૩૬મી સેન્ચુરી) ફટકારશે એટલે રાહુલ દ્રવિડ તથા જો રૂટની બરાબરીમાં થઈ જશે. ટેસ્ટ જગતમાં સૌથી વધુ ૫૧ ટેસ્ટ સદી સચિન તેન્ડુલકરના નામે છે.

તાજેતરમાં ભારત સામેની ટેસ્ટ સિરીઝમાં સ્ટીવ સ્મિથ ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૯,૯૯૯ રનના આંકડા પર અટકી ગયો હતો. આ મહિનાની શરૂઆતમાં ત્યારે તે પ્રસિદ્ધ ક્રિષ્નાના બૉલમાં ફક્ત ચાર રનના પોતાના સ્કોર પર યશસ્વી જયસ્વાલના હાથમાં કૅચઆઉટ થયો એટલે ફક્ત એક રન માટે ૧૦,૦૦૦મો રન ચૂકી ગયો હતો. જોકે તેણે ૧૦,૦૦૦ રન પૂરા કરી ચૂકેલાઓની હરોળમાં આવવાનું સપનું અહીં ગૉલમાં શ્રીલંકા સામેની મૅચમાં પૂરું કરી લીધું છે.

સ્મિથ ટેસ્ટમાં ૧૦,૦૦૦ કે વધુ રન બનાવનારો વિશ્વનો ૧૪મો અને ઑસ્ટ્રેલિયાનો ચોથો ખેલાડી છે. સચિન તેન્ડુલકર ૧૫,૯૨૧ રન સાથે તમામ ટેસ્ટ બૅટર્સમાં મોખરે છે. સ્ટીવ સ્મિથની પહેલાં ૧૦,૦૦૦ રનની સિદ્ધિ મેળવી ચૂકેલા ત્રણ ઑસ્ટ્રેલિયનોમાં રિકી પૉન્ટિંગ (૧૩,૩૭૮ રન), ઍલન બૉર્ડર (૧૧,૧૭૪) અને સ્ટીવ વૉ (૧૦,૯૨૭) છે.

ગઈ કાલે ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં બે વિકેટે ૩૩૦ રન બનાવ્યા હતા. ઓપનર ટ્રેવિસ હેડ ૫૭ રન પર પ્રભાત જયસૂર્યાના બૉલમાં કૅચઆઉટ થયો હતો. શ્રીલંકાના બોલર પ્રભાત જયસૂર્યા અને જેફરી વેન્ડરસેએ એક-એક વિકેટ લીધી હતી. ■

# સેન્સેક્સે ૬૩૨ના ઉછાળા સાથે ૭૬,૫૦૦ની સપાટી ફરી હાંસલ કરી, નિફ્ટી ૨૩,૧૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના મજબૂત વલણ વચ્ચે સ્થાનિક સ્તરે આઇટી, કેપિટલ ગુડ્સ અને ઔદ્યોગિક શેરોમાં તેજીને કારણે બુધવારે શેરબજારના બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ એકાદ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો.

ત્રીસ શેરો ધરાવતો બીએસઈ બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ ૬૩૧.૫૫ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા વધીને ૭૬,૫૩૨.૯૬ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૬૯૮.૩૨ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૭૬,૫૯૯.૭૩ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૫.૮૫ પોઈન્ટ અથવા ૦.૯૦ ટકા વધીને ૨૩,૧૬૩.૧૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ઝોમેટો લગભગ સાતેક ટકા ઉછળ્યો હતો. આ ઉપરાંત ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા અને મહિન્દ્રા અને બજાજ ફાઇનાન્સ અન્ય મુખ્ય વધનારા શેર હતા. એનાથી વિપરીત, આઇટીસી હોટેલ્સ, ભારતી એરટેલ, મારુતિ, એશિયન પેઇન્ટ્સ અને આઇટીસી ટોપ લુઝર્સ શેરોની યાદીમા હતા.

આઇટીસીની ડિમર્જ થયેલી એન્ટિટી આઇટીસી હોટલનો શેર બીએસઇ પર રૂ. ૧૮૮ના ભાવે લિસ્ટેડ થયો હતો અને પછી પાંચ ટકા ગબડીને રૂ. ૧૭૮.૬૦ બોલાયો હતો. બજાજ ઓટોએ ત્રીજા ક્વાર્ટરમાં આઠ ટકાના વધારા સાથે રૂ. ૨૧૯૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હોવાથી તેના શેરમાં પાંચ ટકા ઉછાળો હતો. સરકારી માલિકીની કંપની ભેલ લિમિટેડે બમણાથી વધુ ઉછાળા સાથએ રૂ. ૧૩૪.૭૦ કરોડનો ચોખ્ખો નફો જાહેર કર્યા બાદ તેનો શેર ૪.૮૪ ટકા ઊછળ્યો હતો. મુારતિ સુઝુકીએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૩૭૨૭ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૩૮,૭૬૪ કરોડની રેવન્યૂ નોંધાવી છે.

એલ્યુમિનિયમ અને કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઇલ અને કન્ડેન્સરમાં વિશેષતા ધરાવતી કેએનઆર હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૭૩.૬૭ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૧૬.૩૬ કરોડની કુલ આવક, ૩૪.૭૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૮૧ કરોડનો એબિટા, ૭૪.૪૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૩.૭૩ કરોડનો ચોખ્ખો નોંધાવ્યો છે.અંબુજા સિમેન્ટ લિમિટેડે ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૨૬૨૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

આરઇ સસ્ટેનેબિલિટી એન્ડ રિસાઇકલિંગ પ્રાઇવેટ લિમિટેડ અને આરતી સર્ક્યુલરિટી લિમિટેડે ભારતમાં પ્લાસ્ટિક મટિરિયલ્સ રિસાયક્લિંગ ફેસિલિટીઝ (પીએમારએફ)ના નિર્માણને વેગ આપવા ભારતમાં આ પ્રકારનું પ્રથમ પરિવર્તનકારી સંયુક્ત સાહસ સ્થાપ્યું છે. એનો ઉદ્દેશ્ય પ્લાસ્ટિકની પુનઃપ્રાપ્તિ અને સ્થાયી સંસાધન વ્યવસ્થાપન પદ્ધતિઓમાં ક્રાંતિ લાવવાનો છે. આ




ભાગીદારી હેઠળ પ્રથમ પ્લાસ્ટિક મટિરિયલ્સ રિસાયક્લિંગ એકમ તેલંગાણાના હૈદરાબાદ ખાતે ઊભું કરવામાં આવશે.

બજારનું ધ્યાન અત્યારે આવનારા બજેટ પર મંડાયેલું છે. આ વખતે વપરાશી માગ વધારવા અને રોજગાર નિર્માણ માટે સરકાર બજાટેમાં કરવેરામાં રાહતો જાહેર કરશે એવી અપેક્ષા છે. બજારના વેલ્યુએશન્સ પણ અત્યારે વાજબી સ્તરે જણાઇ રહ્યું છે. નોંધવું રહ્યું કે, સેન્સેક્સ પાછલા સત્રમાં મંગળવારે ૧૧૪૭ પોઇન્ટ સુધી ઊંચે ઉછળીને અંતે ૫૩૫ પોઇન્ટના સુધારે સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૦૦૦ નજીક પહોંચ્યો હતો.

બીએસઇ પર ડેન્ટા વોટરનો શેર ૧૨ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. વિઝ્યુઅલ ઇફેક્ટ સ્ટુડિયોમાંની એક અગ્રણી બેસિલિક ફલાય સ્ટુડિયો લિમિટેડે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં તેની પાસે રૂ. ૩૦૧.૩ કરોડ એટલે કે ૨૭.૯ મિલિયન પાઉન્ડની સેલ્સ પાઇપલાઇન હોવાનું જાહેર કર્યું છે. આ આંકડો ઉદ્યોગની અન્ય કંપનીઓની તુલનામાં ઘણો મોટો છે. ઑક્ટોબર ૨૦૨૪માં નોંધાયેલા ૨૦ મિલિયન પાઉન્ડની સરખામણીમાં વર્તમાન સેલ્સ કે ઓર્ડર પાઇપલાઇન ૩૯.૫ ટકાનો વધારો દર્શાવે છે.

એશિયન બજારોમાં સિઓલ અને ટોક્યિો પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા હતા. જ્યારે શાંઘાઈ અને હોંગકોંગના બજારો રજાઓના કારણે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૪,૯૨૦.૬૯ કરોડના ઇક્વિટી શેરની વેચવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૩ ટકા ઘટીને ૭૬.૭૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૩૫.૨૪ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા વધીને ૭૫,૯૦૧.૪૧ પર સ્થિર થયો. નિફ્ટી ૧૨૮.૧૦ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૨૨,૯૫૭.૨૫ પર બંધ થયો હતો.

બજારના સાધનો અનુસાર આરબીઆઈના પ્રવાહિતાના પગલાંએ ફેબ્રુઆરીના દરમાં કાપની આશાને વેગ મળવા સાથે તાજેતરના બજાર કરેક્શન પછી મૂલ્યાંકન વાજબી સ્તરે પહોંચ્યા હોવાથી લેવાલી જોવા મળી છે. જોકે, આ રેલી કેટલી ટકુ હશે એ કહી શકાય એમ નથી. ટ્રમ્પનો ટેરિફ ભય તો ઝળુંબી જ રહ્યો છે. ટ્રમ્પે જેના પર ટેરિફ લાદવાનો ઇરાદો છે એવા દેશોમાં ભારતનું પણ નામ જાહેર કર્યું હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ છે.

કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ અને વૈશ્વિક ઇક્વિટી બજારના નબળા સેન્ટિમેન્ટ્સ વચ્ચે તમામ ક્ષેત્રોમાં વર્તાઇ રહી છે. ઊંચા મૂલ્યાંકન અને ખરાબ સેન્ટિમેન્ટ વચ્ચે મિડ અને સ્મોલ કેપ્સ સ્ટોક્સની પડતી ચાલુ રહી છે. આર્થિક વૃદ્ધિમાં નરમાઈ અને ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે વિદેશી ફંડોની વેચવાલી એકધારી ચાલુ છે. અમેરિકના વેપારને લગતા ઘર્ષણો ચાલુ રહેવાને કારણે નબળા સેન્ટિમેન્ટ્સ વધુ વણસી ગયા છે, જેમ કે આ વખતે કોલંબિયા સાથે વિખવાદ શરૂ થયો છે. ટ્રમ્પે હવે અન્ય દેશ સાથે ઊંચી ટેફિના લક્ષ્યાંક માટે ભારત તરફ પણ નિશાન સાધ્યુ છે. એકંદરે એફઓએમસીની બેઠક, એક્સપાઇરી વીક અને યુનિયન બજેટ જેવી આગામી ઇવેન્ટને જોતા આ સપ્તાહે ઊંચા સ્તરની વેલોટિલિટી ચાલુ રહેવાની ધારણા છે. એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે.

કોર્પોરેટ પરિણામો એકંદરે નબળા રહ્યાં છે. આદિત્ય બિરલા સનલાઇફ એએમસીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં બજારની અપેક્ષાથી નબળા પરિણામ જાહેર કર્યા હતા. આદાણી વિલ્મરે ત્રીજા ક્વાર્ટરમાં બમણાંથી વધુ ઉછાળા સાથે રૂ. ૪૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ડો. રેડ્ડીઝ લેબે ડિસેમ્બર ક્વાર્ટરમાં બે ટકાના વધારા સાથે રૂ. ૧૪૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નીટ લિમિટેડનો નફો સાત ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩.૩૯ કરોડ રહ્યો છે. એચપીસીએલનો નફો પાંચેક ટકા વધ્યો છે.

આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સે રૂ. ૩૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે ચોખ્ખા નફામાં માત્ર બે ટકા જેવો વધારો દર્શાવ્યો હતો. એચયુએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૯.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૮૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીપીસીએલે બીજા ક્વાર્ટર સામે ૯૪ ટકાના વધારા સાથે રૂ. ૪૬૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિ નોંધાવી હતી.

# ફેડરલની બેઠકની ફળશ્રુતિ પૂર્વે સોનામાં ₹ ૫૦૬નો અને ચાંદીમાં ₹ ૬૭૮નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થતી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું અને વાયદામાં ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં પણ ટકેલું વલણ રહ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે મધ્યસત્ર દરમિયાન ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે બન્ને કિંમતી ધાતુઓમાં સુધારો આગળ ધપ્યો હતો, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૪થી ૫૦૬ વધી આવ્યા હતા. જોકે, આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીમાં પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ,. ૬૭૮ વધીને ફરી રૂ. ૯૦,૦૦૦ની સપાટી વટાવી ગયા હતા.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ફરી ઔંસદીઠ ૩૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હોવાથી સ્થાનિકમાં આજે મધ્યસત્ર દરમિયાન સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૭૮ વધીને રૂ. ૯૦,૪૨૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ મધ્યસત્ર દરમિયાન ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૪ વધીને રૂ. ૮૦,૪૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૦૬ વધીને રૂ. ૮૦,૮૧૯ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠક સમાપન થઈ રહી હોવાથી વિશ્વ બજારમાં રોકાણકારોની નજર બેઠકની ફળશ્રુતિ પર હોવા છતાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ અંગેની ભીતિ સપાટી પર હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૭૬૧.૯૩ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ૦.૧ ટકાના સુધારા સાથે ૨૭૬૯.૮૦ ડૉલરના મથાળે ટકેલા રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૦.૩૯ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યાં હતાં.

ગત સપ્તાહે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં બોલાયેલા કડાકાને પગલે થયેલી નુકસાની સરભર કરવા માટે ગત સોમવારે રોકાણકારોની સોનામાં નફારૂપી વેચવાલી નીકળતાં ભાવમાં એક ટકા જેટલું ગાબડું પડ્યું હતું અને સોનાના ભાવ ઔંસદીઠ ૨૭૯૦ ડૉલરની સર્વોચ્ચ સપાટી કુદાવવામાં નિષ્ફળ ગયા હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રમ્પની પ્રસ્તાવિત નીતિ રાજકોષીય ખાધ અને દેવુ વધારનારી હોવાથી સોનાને હેજરૂપી માગનો ટેકો મળતો રહેશે.

ગત સાલ સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો બાદ આજે સમાપન થતી વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૫ની પહેલી બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો રાખી રહ્યા છે. તેમ છતાં ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ ડૉનલ્ડ ટ્રમ્પની વ્યાજદરમાં કપાતની હાકલનો કેવો પ્રતિસાદ આપે છે તે જોવું પણ રસપ્રદ રહેશે, એમ સૂત્રો જણાવે છે. જોકે, ટ્રમ્પની નીતિ ફુગાવાવૃદ્ધિલક્ષી હોવાથી ફેડરલ રિઝર્વ પાસે વ્યાજદરમાં કપાયનો અવકાશ બહુ ઓછો રહેશે, એવું બજાર વર્તુળોનું માનવું છે. દરમિયાન લંડન બુલિયન માર્કેટ એસોસિએશન(એલબીએમએ)એ પારદર્શકતામાં વધારો કરવા માટે ગોલ્ડ બાર (સોનાની લગડી) માટે ડિજિટલ ડેટા બેઝનો આરંભ કર્યો છે અને એલબીએમએનાં અધિકૃત રિફાઈનરો આ બોર્ડ પર આવે તેવું ઈચ્છે છે.

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન એક તબક્કે ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો નોંધાયો હતો, પરંતુ આજે સમાપન થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં સુધારો, માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સત્રના અંતે ડૉલર સામે રૂપિયો સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૬.૫૬ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૫૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૫૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૧ અને ઉપરમાં ૮૬.૪૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૬.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૫ પૈસાનું ધોવાણ થયું હતું.

એકંદરે તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં એકતરફી વેચવાલી, આયાતકારોની ડૉલરમાં લેવાલી અને અમેરિકી વહીવટીતંત્રની ટેરિફ અંગેની અનિશ્ચિતતા જેવાં કારણોસર આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ જ રહે તેવી શક્યતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યુ હતું કે સંભવત બજારમાં રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ અને રિઝર્વ બૅન્કનાં પ્રવાહિતા વધારવાના પગલાં અમુક અંશે ગબડતા રૂપિયાને નીચા મથાળેથી ટેકો આપી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા વધીને ૧૦૮.૧૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૦.૯૮ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૭૬.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૯૨૦.૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફટીમાં અનુક્રમે ૬૩૧.૫૫ પૉઈન્ટનો અને ૨૦૫.૮૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન અને નિકલમાં ધીમો સુધારો, અન્યમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિની અનિશ્ચિતતા વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં આવેલા કિલોદીઠ રૂ. ચારના સુધારા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪ સુધીનો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હતો તેમાં મુખ્યત્વે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૧૩૫૮, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૨૮ અને રૂ. ૨૬૬, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૯૬, રૂ. ૭૭૭ અને રૂ. ૨૫૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૮૭ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૭૩૧ અને રૂ. ૫૭૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચારના સુધારા સાથે રૂ. ૨૬૩૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૮, રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં રૂ. ૧૦થી ૨૦ની આગેકૂચ

## ફેબ્રુઆરીમાં મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની માગ તેમ જ રિટેલ સ્તરની લેવાલીને ટેકે હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે સરકારના અનાજ અને જાહેર વિતરણ મંત્રાલયે આગામી ફેબ્રુઆરી મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ વધીને રૂ. ૩૭૪૨થી ૩૮૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ વધીને રૂ. ૩૮૦૨થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૫થી ૩૭૪૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૫થી ૩૭૮૫માં થયા હતા.

# સરકારે સી-હેવી મોલાસીસમાં ઉત્પન્ન થતાં ઈથેનોલના ભાવમાં વધારો કર્યો

નવી દિલ્હી: આગામી ૩૧મી ઑક્ટોબરના રોજ પૂરા થતાં વર્તમાન ઈથેનોલ વર્ષ ૨૦૨૪-૨૫ માટે કેન્દ્રીય કેબિનેટે આજે સી-હેવી મોલાસીસમાંથી ઉત્પન્ન થતાં ઈથેનોલના એક્સ-મિલ ધોરણે ભાવ લિટરદીઠ રૂ. ૧.૬૯ વધારીને રૂ. ૫૭.૯૭ નિર્ધારિત કર્યા છે. જોકે, આ સિવાય બી-હેવી મોલાસીસમાંથી ઉત્પાદન થતાં ઈથેનોલ અને શેરડીના રસ અને ખાંડ/સિરપમાંથી ઉત્પાદન થતાં ઈથેનોલના ભાવ અનુક્રમે લિટરદીઠ રૂ. ૬૦.૭૩ અને રૂ. ૬૫.૬૧ની સપાટીએ યથાવત્ રાખ્યા છે.

એકંદરે વર્તમાન ખાંડ મોસમમાં ખાંડનું ઉત્પાદન ઓછું થવાના અંદાજો મૂકાઈ રહ્યા હોવાથી મોસમના અંતે આખર માલનો સ્ટોક ઓછો રહેવાની ભીતિને ધ્યાનમાં લેતા સરકારે ઈથેનોલ સિરપ અને બી મોલાસીસમાંથી પ્રાપ્ત થતાં ઈથેનોલના ભાવ ન વધારવાનો વિકલ્પ પસંદ કરીને સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશનના અધ્યક્ષ પ્રફુલભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું. માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આજે જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓની વર્તમાન ઈથેનોલ પુરવઠા વર્ષ ૨૦૨૪-૨૫માં ઈથેનોલની પ્રાપ્તિ માટેનાં ભાવમાં સુધારો કરવાનો નિર્ણય આજની આર્થિક બાબતોની કેબિનેટ કમિટી દ્વારા લેવામાં આવ્યો છે. વધુમાં સરકારે અગાઉ વર્ષ ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલની ૨૦ ટકા ભેળવણીનો લક્ષ્યાંક મૂક્યો હતો તે પણ હવે સુધારીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૦ ટકા ભેળવણીનો લક્ષ્યાંક રાખ્યો છે.

# ભરશિયાળે આકરા ઉનાળાનાં આગોતરાં એંધાણઃ ૩૪.૪ ડિગ્રી તાપમાન સાથે ભુજ શહેર 'તપ્યું'

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શિયાળાની ઋતુને વિદાય લેવામાં સત્તાવાર રીતે હજુ સમય બાકી રહ્યો છે ત્યારે હાડ થીજવતી ઠંડી જાણે અચાનક ગાયબ બની ગઈ હોય તેમ કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં બેવડી ઋતુના થઈ રહેલા અનુભવ વચ્ચે બપોરના ભાગે સૂર્યનારાયણ દેવે જાણે અત્યારથી જ અગનવર્ષા કરી દેવાનું શરૂ કરી દીધું હોય તેમ ૩૪.૪ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનાં સૌથી ગરમ મથકોમાં ભુજ શહેરે મોખરાનું સ્થાન જાળવ્યું હતું. જ્યારે અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા ૧૦ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું ઠંડુ મથક બન્યું હતું.

પરંપરાગત રીતે ઓળખાતા શિયાળાની પરાકાષ્ઠા સમા જાન્યુઆરી મહિનાના આખરી દિવસોમાં જ આ સ્તરનું મહત્તમ તાપમાન અસામાન્ય છે જોકે, આજે ભેજવાળા પવનો ફૂંકાતા કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં એકંદરે ગરમીમાં રાહત વર્તાવા પામી છે, પણ ભરબપોરે બહાર નીકળતાં અત્યારથી જ ચૈત્ર-વૈશાખી ગરમીનો અનુભવ થવા પામી રહ્યો છે. કચ્છના ભુજ ઉપરાંત નલિયામાં ૩૨ ડિગ્રી સે. અને કંડલા ખાતે ૩૧ ડિગ્રી સે. જેટલું ઊંચું મહત્તમ તાપમાન રહેવા પામ્યું હતું. દરમ્યાન, કચ્છમાં હજુ વહેલી સવારે ઠંડીની અનુભૂતિ થાય છે તેથી હજુ સત્તાવાર રીતે શિયાળાએ વિદાય લીધી નથી. કચ્છના નલિયા ખાતે આજે લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું જ્યારે ભુજમાં ૧૬ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું. શિયાળાએ વહેલી વિદાય લેવી શરૂ કરી હોય તેવું હાલ લાગી રહ્યું છે, પણ આગામી ઉનાળાની ગરમી પરેશાન કરનારી બની રહેશે તે બાબત નક્કી છે. ■



રાજકોટમાં આવેલી એસએનકે સ્કૂલની વિદ્યાર્થિનીનો વીડિયો વાઈરલ થયા બાદ એનએસયુઆઈએ સ્કૂલમાં જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બાદમાં કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# માંડવીની રમણીય વિન્ડફાર્મ બીચ બની દબાણ મુક્તઃ પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રનું બુલડોઝર ફર્યું







(તસવીર- ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશ-વિદેશના પર્યટકોમાં આકષર્ણરૂપ માંડવી શહેરની નયનરમ્ય વિન્ડફાર્મ બીચ પર અનધિકૃત રીતે ખડકી દેવામાં આવેલાં અંદાજિત ૧૪૦ જેટલાં દબાણો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વહીવટી તંત્રનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક ફ્રી ઝોન બનવા તરફ આગળ વધી રહેલા રમણીય માંડવી બીચ પ્રત્યે દેશ-વિદેશના પ્રવાસીઓ આકર્ષાય અને સ્થાનિકોના ધંધા-રોજગાર થકી આજીવિકા તથા સુખાકારીમાં સુધારો થાય તેવા હેતુથી આ દબાણ હટાવો ઝુંબેશ કરવામાં આવી હોવાનું મામલતદાર વિનોદ ગોકલાણીએ જણાવ્યું હતું.

વિન્ડફાર્મ બીચ પર લારી-ગલ્લા, પતરાની હોટલ સહિતનાં દબાણોના ખડકલાને કારણે પ્રવાસન ઋતુની પીક દરમ્યાન આવતા પ્રવાસીઓને અસુવિધા પડતી હોવાની વ્યાપક ફરિયાદો મળ્યા બાદ નગરપાલિકાએ દબાણકારોને અગાઉથી નોટિસોની બજવણી કરીને જગ્યા ખાલી કરવા જણાવ્યું હતું, જોકે આ દબાણકારો ટસના મસ ન થતાં આ દબાણ હટાવ કામગીરી આગળ વધારવાની નોબત આવી હોવાનું મુખ્ય અધિકારી જિજ્ઞેશ બારોટે જણાવ્યું હતું. આ દરમ્યાન, આ કામગીરી સમયે દબાણકારોને થોડો સમય આપવા માટે રજૂઆત કરવા ગયેલા માંડવી તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને ધારાશાત્રી ખેરાજ ગઢવી પર બીચ પર હાજર પોલીસ દ્વારા હુમલો કરાયો હોવાનો કચ્છ કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ દ્વારા ગંભીર આરોપ લગાવવામાં આવતાં સ્થાનિક રાજકારણમાં ભારે ચકચાર પ્રસરી હતી. આ મામલે બુધવારે બપોરે જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાશે તેમ પ્રદેશ મહામંત્રી વી.કે. હુંબલ અને રફીક મારા દ્વારા જણાવાયું હતું. ■

# ભચાઉ નજીક ૩.૦ની તીવ્રતાનો ભૂકંપનો ઝટકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૂકંપ ઝોન-૫માં સમાવાયેલા કચ્છમાં વિનાશક ધરતીકંપ આવ્યાના ૨૪ વર્ષે પણ ભૂગર્ભીય સળવળાટ સતત યથાવત્ રહ્યો છે. ગુલાબી ઠંડક વચ્ચે બુધવારના વહેલી પરોઢે ત્રણ અને ૧૩ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદ્‌ભવેલા ૩.૦ની તીવ્રતા ધરાવતા ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરાને વધુ એકવાર ધ્રુજાવી હતી.

મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગરસ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, ભચાઉથી ૧૯ કિલોમીટર દૂર જડસા ગામ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો ત્રણની તીવ્રતાનો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો. આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના સીમાવર્તી વિસ્તારમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદીઓથી કચ્છની અશાંત રહેલી ભૂમિને સતત ધ્રુજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે. ■

# ભાવનગર ખાતે દ્વી-દિવસીય શીતકાલીન યોગ શિબિરનો પ્રારંભ



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મેદસ્વિતા, ડાયાબિટીસ અને તણાવમુક્ત જીવન માટે નિઃશુલ્ક દ્વી-દિવસીય શીતકાલીન યોગ શિબિર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલના અધ્યક્ષસ્થાને પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૨૯ અને ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બે દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૯ જાન્યુઆરીના રોજ સાંજના ૫ થી ૭ કલાક દરમ્યાન તથા તા. ૩૦ જાન્યુઆરીના રોજ સવારના ૬ થી ૮ કલાક દરમ્યાન શામળદાસ આર્ટસ કોલેજ, વાઘાવાડી રોડ ભાવનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગસેવક શીશપાલે શિબિરમાં યોગાભ્યાસ કરાવીને યોગના મહત્વ વિશે સમજાવી વિસ્તૃત સમજ આપી હતી.આ તકે યોગસેવક શીશપાલ એ જણાવ્યું હતું કે ઋષિ મુનિઓ યોગ, આયુર્વેદ અને પ્રાણાયામના સહારે દીર્ઘાયુ સ્વસ્થ જીવન જીવતા હતા, પરંતુ આજે બેઠાળું જીવન કસરતનો અભાવ અને માનસિક તણાવના લીધે રોગ વધ્યા છે જેનું સમાધાન યોગ છે. વધુમાં જણાવ્યું હતું કે ભાવનગરમાં યોગ શિબિરમાં વિશાળ સંખ્યામાં યોગ સાધકો જોડાયા તે યોગ પ્રત્યે લોકોની જાગૃતતા દર્શાવે છે તેમજ યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. ■

# ગુજરાતમાં ઉત્તરાયણ દરમિયાન રેસ્ક્યુ કરાયેલા ૯૧ ટકા પશુ-પક્ષીઓને જીવનદાન અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થયેલાં પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને તુરંત સારવાર આપી નવજીવન આપી શકાય તેવા ઉમદા હેતુથી દર વર્ષે રાજ્ય સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે રાજયભરમાં અંદાજે કુલ ૧૭,૦૬૫ જેટલાં પક્ષીઓને રેસ્ક્યુ કરી સમયસર સારવાર આપીને ૧૫,૫૭૨ જેટલાં પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ કરુણાસભર પહેલના પરિણામે આ વર્ષે ઉત્તરાયણ દરમિયાન રેસ્ક્યુ કરવામાં આવેલા અબોલ પશુ-પક્ષીઓ પૈકી ૯૧ ટકા જેટલા પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે. કરૂણા અભિયાન-૨૦૨૫માં સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે ૬,૬૯૫, સુરતમાં ૫,૧૭૮, રાજકોટમાં ૯૨૦, વડોદરા જિલ્લામાં ૮૯૪ સહિત વિવિધ જિલ્લાઓમાંથી અનેક પશુ-પક્ષીઓને રેસ્ક્યૂ કરીને સારવાર પૂરી પાડવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે કબૂતર, સમડી, કાગડો, પોપટ, બગલા જેવા ૫૧ થી વધુ પશુ-પક્ષીઓનો સમાવેશ થાય છે.

રાજયમાં અત્યાર સુધીમાં ૧.૧૨ લાખથી વધુ ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. જેમાંથી ૯૨ ટકા સાથે ૧.૩ લાખ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે.

ગત વર્ષ ૨૦૨૪માં કરૂણા અભિયાન અંતર્ગત રાજયભરમાં ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્કયૂ કરાયા હતા, જેમાં ૪,૪૦૦થી વધુ પશુઓ અને ૯,૩૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે.

ઉત્તરાયણ પર્વ દરમિયાન કરૂણા અભિયાન ૨૦૨૫ દરમિયાન રાજ્યભરના ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના ઉપરાંત ૫૮૭ જેટલા ફરતા પશુ દવાખાના અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રાખવામાં આવ્યા હતા, જ્યાં ઘાયલ પશુ-પક્ષીની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દાવાઓનો સ્ટોક પણ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. ■





રાજકોટમાં કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા કૉંગ્રેસના કાર્યકરોએ ધરણાં કર્યાં હતાં. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં બનનારા નવા સ્પોર્ટ્સ સંકૂલોની ડિઝાઈન નિષ્ણાતોના અભિપ્રાયો પરથી તૈયાર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કેકેવી બ્રિજ નીચે તૈયાર કરવામાં આવેલા ગેમઝોનનો ભારે વિરોધ થઈ રહ્યો છે. બીજી બાજુ રમત-ગમત અને ફિટનેશ પ્રવૃત્તિને પ્રોત્સાહન માટે નવા સ્પોર્ટસ સંકુલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મહાનગરપાલિકાના કમિશ્નરે સ્પોર્ટ્સ સંકુલ તૈયાર થાય તે પૂર્વે સ્પોર્ટસના નિષ્ણાતો અને એસોસિયેશનના હોદ્દેદારો સાથે બેઠક કરીને તેમનો મત જાણવાની પહેલ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા દ્વારા નવી પહેલ શરૂ કરવામાં આવી છે. તેમણે જે તે પ્રોજેક્ટના સ્ટેકહોલ્ડર્સ સાથે કન્સલ્ટેશન કરવાની પ્રણાલી અપનાવી છે, જેમાં સ્ટેકહોલ્ડર્સને પ્રોજેક્ટની રૂપરેખા સમજાવ્યા બાદ તેમના સલાહ સૂચન મેળવવામાં આવી રહ્યાં છે. મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાએ કહ્યું હતું કે, કોઇપણ પ્રોજેક્ટને વધુ ને વધુ લોકભોગ્ય બનાવવો હોય તો તેના સ્ટેક હોલ્ડર્સના વિચારો અને સલાહ સૂચનોથી વહીવટી તંત્ર વાકેફ થાય તો પ્રોજેક્ટની સફળતા વધુ નિશ્ચિત બને છે.

રાજકોટ શહેરમાં બનનાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અનુસંધાને સ્પોર્ટ્સ સાથે સંકળાયેલા નિષ્ણાતો, કોચ અને સ્પોર્ટ્સપર્સન સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્ટેક હોલ્ડર્સ સમક્ષ જે તે પ્રોજેક્ટની રૂપરેખા દર્શાવતું પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ પાસેથી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટ અંગે સૂચનો મેળવી તે પ્રોજેક્ટમાં સામેલ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ગેટ બનાવવા માટે ખોદેલા ખાડામાં પડી જતાં દર્દીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પેટના સોજાની સારવાર લઈ રહેલો દર્દી રજા મળે તે પહેલા ચા પીવા માટે બહાર નિકળ્યો હતો. આ દરમિયાન હોસ્પિટલના ગેટના પિલ્લર માટે ખોદવામાં આવેલા ખાડામાં પડતાં તેનું મોત નિપજ્યું હતું. દર્દીના પરિવારે કોઈપણ પ્રકારના બેરિકેડ ન લગાવ્યા હોવાથી દુર્ઘટના બની હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ઘટના અંગે સિવિલ અધિક્ષકે દુઃખ વ્યક્ત કરી તપાસ કરવાની ખાતરી આપી હતી.

મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, દર્દીને પેટમાં સોજો હોવાથી તેને ત્રણ દિવસ પહેલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. તે સાજો થતાં બુધવારે તેને રજા આપવાની હતી. ડોક્ટરોએ તેને ચાલવાનું કહ્યું હોવાથી તે સવારે ચાલતો ચા પીવા બહાર નીકળ્યો હતો. આ દરમિયાન હોસ્પિટલના ગેટના પિલ્લરનું કામ ચાલતું હોવાથી ત્યાં ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. તે આ ખાડામાં પડી ગયો હતો, જેથી તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ ઘટના અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિક્ષક મોનાલીબેન માંકડિયાએ કહ્યું હતું કે, હોસ્પિટલમાં નવો ગેટ બનાવવા માટે કામગીરી ચાલી રહી છે, જે અંતર્ગત ખોદવામાં આવેલા ખાડામાં એક દર્દી પડી જતાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ઘટના અંગે તપાસ કરવા માટે તપાસ કમિટી નિમાશે. આ કમિટી દ્વારા સીસીટીવી સહિતના માધ્યમોથી તપાસ કરાશે. બેરિકેડ નહીં લગાવાયા હોવાનું સાબિત થશે તો કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

# રાજકોટમાં નવો રિંગ રોડ ફોર ટ્રેક બનાવવા સહિત ૫૩ દરખાસ્તો પર સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં કટારિયા ચાર રસ્તાથી સ્માર્ટ સીટી રોડ તરફ આવેલા ત્રણ નાના બ્રીજને વાઇડનિંગ કરીને ફોર ટ્રેક બનાવવા સહિત પુલ અને સ્લેબ કલ્વર્ટના કામો કરાવવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં રજૂ કરાશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જાહેર કરેલા એજન્ડામાં અનેક વિકાસ કામો સહિતની ૫૩ દરખાસ્તો સામેલ કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાં નવો રિંગરોડ ફોર ટ્રેક કરવા માટે શહેરી વિકાસ સત્તા મંડળે પોતાના ભાગનું કામ શરૂ કરી દીધું છે અને હવે મહાનગરપાલિકાએ પુલ પહોળો કરવાની દરખાસ્તો રજૂ કરી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, શહેરમાં આ રોડ ફોર ટ્રેક બને તે દિશામાં આગળ વધવા માટે આગામી મીટિંગમાં રોડ વાઈડનિંગની દરખાસ્ત રજૂ કરાશે.

રાજકોટમાં વિકાસ કામોના પ્રોજેક્ટો અંગેનો એજન્ડા બહાર પાડ્યા બાદ નવા રિંગ રોડ ડેવલપમેન્ટના આયોજન અંગે માહિતી આપતા મહાનગરપાલિકાના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, વોર્ડ નં.૯માં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ત્રણ બ્રીજ વાઇડનિંગ કરવાનું ૪૨.૨૫ કરોડનું જીએસટી સહિતનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં બેકબોન કન્સ. કંપનીએ ૫.૪૯ ટકા ઓછા ભાવની ઓફર કરતા ૧૮ ટકા જીએસટી સહિત ૪૭.૧૨ કરોડમાં કામ આપવા દરખાસ્ત આવી છે. ■

# જૂનાગઢની માંગરોળ પાલિકામાં કૉંગ્રેસ ૨૩ અને આમ આદમી પાર્ટી ૧૩ બેઠક પર ચૂંટણી લડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જૂનાગઢની માંગરોળ નગરપાલિકામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધનમાં ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી, જેમાં કુલ ૩૬ બેઠક માટે યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ ૨૩ અને આમ આદમી પાર્ટી ૧૩ બેઠક પર ચૂંટણી લડશે. આ ગઠબંધનની જાહેરાત આમ આદમી પાર્ટીના પ્રભારી પીયૂષ પરમાર અને પૂર્વ પ્રમુખ મોહમ્મદ હુસેન ઝાલાએ કરી હતી.

જૂનાગઢની માંગરોળ નગરપાલિકામાં સત્તાધારી પક્ષને ટક્કર આપવા બંને પક્ષોએ ગઠબંધન કર્યું હતું. આ ગઠબંધનથી માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં રસાકસી વધવાની શક્યતા છે. આ અંગે માંગરોળ શહેર કોંગ્રેસ મહામંત્રી કાસિબ સમાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી સાથે ગંઠબંધન માટે સ્થાનિક આગોવાનો સાથે નક્કી કરવામાં આવ્યું છે અને પ્રદેશના આગેવાનોને જાણકારી આપી છે.

આ અંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા પીયૂષ પરમારે જણાવ્યું હતું કે, અમે લોકોના પ્રશ્નોને વાચા આપવા માટે આ નિર્ણય લીધો છે. આ માટે કોંગ્રેસ પક્ષ અને અમારા પક્ષના નેતાઓ સાથે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લીધો હતો. સત્તાધારી પક્ષને ટક્કર આપવા માટે આ પ્રકારની રણનીતિ બંને પક્ષોએ અપનાવી છે. ■